**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================

[૨૦૧૭] ૧૧ એસ.સી.આર. ૨૭૧

ચેરમેન એન્ડ મેનેજીંગ ડિરેક્ટર એફસીઆઈ અને અન્ય

વિ.

જગદીશ બલરામ બાહિરા અને અન્ય

(સિવિલ અપીલ નંબર ૮૯૨૮/૨૦૧૫)

જુલાઈ ૦૬, ૨૦૧૭

**[જગદીશ સિંઘ ખેહર, સીજેઆઈ, એન. વી. રમણા અને ડો. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તીઓ]**

*ભારતનું સંવિધાન – અનુચ્છેદ ૧૪૨ – જાહેર રોજગારી – અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટે અનામત – અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના દાવાના આધારે જાહેર રોજગારીનો લાભ મેળવવા ઈચ્છતી વ્યક્તિઓ – સ્કુટિની કમિટી દ્વારા ચકાસણી – તેમના જાતિ અથવા જનજાતિના દાવાને અમાન્ય ઠેરવવો – બંધારણીય કોર્ટ દ્વારા રક્ષણ – મેળવવા*

માટેની હકદારી – ઠેરવવામાં આવ્યું: જ્યાં કોઈ વ્યક્તિ દ્વારા ઉમેદવાર અનામત કેટેગરીનો છે જેના માટે લાભ અનામત છે તે આધાર પર કોઈ પદ પર નિમણૂક અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ જેવો લાભ મેળવવામાં આવે છે, ત્યાં ચકાસણી પર જાતિ અથવા જનજાતિનો દાવો અમાન્ય ઠરતાં આવી નિમણૂક અથવા પ્રવેશ રદબાતલ અથવા શૂન્યવત બને છે – ખોટા જાતિ દાવાના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવા એ એક અનિવાર્ય પરિણામ છે – ઉપરોક્ત બાબતમાં અપવાદ તેવા કેસો છે જ્યાં આ કોર્ટ સંપૂર્ણ ન્યાય આપવા માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરે છે – જોકે અનુચ્છેદ ૧૪૨ હેઠળ સુપ્રિમ કોર્ટની સત્તા એ સંપૂર્ણ ન્યાય આપવા માટે કોર્ટમાં નિહિત થયેલી બંધારણીય સત્તા છે અને તે વ્યાપક શબ્દોમાં સમાવિષ્ટ છે, છતાં જ્યાં મહારાષ્ટ્ર એક્ટ *XXIII* ઓફ ૨૦૦૧ જેવો કાયદો અમલમાં હોય ત્યાં અધિકારક્ષેત્રનો ઉપયોગ વૈધાનિક આદેશને યોગ્ય માન આપીને જ થવો જોઈએ – વિધાનમંડળની જોગવાઈને નિષ્ફળ બનાવવા માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાનો ઉપયોગ કરવો જોઈએ નહીં – મહારાષ્ટ્ર શિડ્યુલ્ડ કાસ્ટ્સ, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ, ડી–નોટિફાઇડ ટ્રાઇબ્સ (વિમુક્ત જાતિઝ), નોમેડિક ટ્રાઇબ્સ, અધર બેકવર્ડ ક્લાસીસ એન્ડ સ્પેશિયલ બેકવર્ડ કેટેગરી (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરિફિકેશન) કાસ્ટ સર્ટિફિકેટ એક્ટ, ૨૦૦૦.

મહારાષ્ટ્ર શિડ્યુલ્ડ કાસ્ટ્સ, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ, ડી–નોટિફાઇડ ટ્રાઇબ્સ (વિમુક્ત જાતિઝ), નોમેડિક ટ્રાઇબ્સ, અધર બેકવર્ડ ક્લાસીસ એન્ડ સ્પેશિયલ

બેકવર્ડ કેટેગરી (રેગ્યુલેશન ઓફ ઈશ્યુઅન્સ એન્ડ વેરિફિકેશન) કાસ્ટ સર્ટિફિકેટ એક્ટ, ૨૦૦૦ – કાયદાનો હેતુ અને ઉદ્દેશ – ઠેરવવામાં આવ્યું: મહારાષ્ટ્ર એક્ટ XXIII ઓફ ૨૦૦૧ દ્વારા માધુરી પાટીલમાં દર્શાવેલા વ્યાપક સિદ્ધાંતોનું વૈધાનિક સંહિતાકરણ થયું છે – કાયદો જાતિ પ્રમાણપત્ર આપવાનું નિયમન કરવા અને જે વ્યક્તિઓ અનુસૂચિત જાતિ અથવા જનજાતિ અથવા અનામત કેટેગરીના ન હોવા છતાં વાસ્તવિક ઉમેદવારોના ભોગે નિમણૂક કે પ્રવેશ મેળવતા હતા તેવા કિસ્સાઓ સામે પગલાં લેવા માટે એક વૈધાનિક માળખું પૂરું પાડે છે – કાયદાનો મૂળભૂત ઉદ્દેશ અને તર્ક કાયદેસરના હકદારોના વાજબી હક્કો સુરક્ષિત કરવાનો છે.

અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના દાવાના આધારે જાહેર રોજગારીનો લાભ મેળવતી વ્યક્તિઓ – જાતિ અથવા જનજાતિના દાવાને અમાન્ય ઠેરવવો – મેળવેલ લાભ પાછો ખેંચવો – કલમ ૧૦ લાગુ કરવા માટે અપ્રમાણિક ઈરાદાની આવશ્યકતા – ઠેરવવામાં આવ્યું: અપ્રમાણિક ઈરાદાની કોઈ આવશ્યકતા નથી – ગુનાહિત માનસ (મેન્સ રિયા) એ કલમ ૧૧ માં સમાવિષ્ટ દંડકીય જોગવાઈઓનું એક ઘટક છે જે ભવિષ્યલક્ષી છે અને તે એવી પરિસ્થિતિઓમાં લાગુ થશે જ્યાં ગુનો બનતો કૃત્ય તેના અમલની તારીખ પછી થયું હોય.

*કલમો ૧૦ અને ૧૧ – કાયદાનો અમલ – ભવિષ્યલક્ષી કે ભૂતકાળલક્ષી – કાયદો અમલમાં આવ્યો તે તારીખ પહેલાં કરવામાં આવેલ પ્રવેશ અથવા નિમણૂકોને લાગુ પડવું – સ્પષ્ટતા કરવામાં આવી.*

*પરિપત્રો/સરકારી આદેશો/જાહેરનામાઓ – વહીવટી પરિપત્રો અને સરકારી ઠરાવો – ની અસર – ઠેરવવામાં આવ્યું: વહીવટી પરિપત્રો અને સરકારી ઠરાવો વૈધાનિક આદેશને આધીન છે અને તે બંધારણીય ધોરણો અથવા વૈધાનિક સિદ્ધાંતોથી વિરુદ્ધ ન હોઈ શકે – જ્યાં ઉમેદવારે જાતિ પ્રમાણપત્રના આધારે પદ પર નિમણૂક મેળવી હોય અને સ્ક્રુટિની કમિટી દ્વારા ચકાસણી પર માલૂમ પડે કે દાવો ખોટો છે, તો આવી વ્યક્તિની સેવાઓને વહીવટી પરિપત્રો અથવા ઠરાવોનો આશરો લઈને રક્ષણ આપી શકાય નહીં – અનધિકૃત કબજો જમાવનારના દાવાઓનું રક્ષણ એ બંધારણીય યોજના તેમજ વૈધાનિક આદેશનું ઉલ્લંઘન કરતું કૃત્ય છે.*

**કેસોના આ જૂથમાં, વ્યક્તિઓએ લાભાર્થી જૂથના હોવાના દાવાના આધારે જાહેર રોજગારીનો લાભ મેળવ્યો હતો. તપાસમાં તે અમાન્ય જણાયો હતો. અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અથવા પછાત વર્ગના હોવાના દાવાને અમાન્ય ઠેરવવા છતાં, આ કોર્ટના અધિકારક્ષેત્રનો આશરો લેવામાં આવ્યો છે.**

**મુદ્દો એ ઉપસ્થિત થાય છે કે શું આવી સમાનતા (ઈક્વિટી) કાયદા હેઠળ ટકી શકે તેવી છે અને, જો એમ હોય, તો જે વ્યક્તિઓ જે જાતિ, જનજાતિ**

અથવા વર્ગ માટે અનામત નિર્ધારિત છે તેમાં ન આવતી હોવા છતાં અનામતનો લાભ મેળવી લીધો હોય તેમને રક્ષણ આપવા માટે કોર્ટના અધિકારક્ષેત્રને નિર્ધારિત કરતી મર્યાદાઓ કઈ છે.

અપીલોનો નિકાલ કરતાં, કોર્ટે

ઠેરવ્યું: ૧. એવું જાહેર કરવામાં આવે છે કે

(૧) આ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા મિલિંદ કેસમાં આપવામાં આવેલા નિર્દેશો સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ આ કોર્ટમાં નિહિત સત્તાઓને અનુસરીને હતા;

(૨) આ કોર્ટના માધુરી પાટીલ કેસના ચુકાદા, જે તારીખ ૦૨.૦૯.૧૯૯૪ ના રોજ આપવામાં આવ્યો હતો, ત્યારથી તે નિર્દેશો મુજબ અમલમાં રહેલી વ્યવસ્થામાં રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવનાર સ્ક્રુટિની કમિટીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો આપવા, જાતિ અને જનજાતિના દાવાઓની તપાસ અને ચકાસણી માટેની વિગતવાર પ્રક્રિયા, દાવાની પ્રમાણિકતા અંગે તપાસ કરવાની પ્રક્રિયા, જ્યાં દાવો ખોટો અથવા અસલી ન જણાય ત્યાં જાતિ પ્રમાણપત્ર રદ અને જપ્ત કરવાની, ઉમેદવાર અનામત વર્ગનો છે તે આધારે મેળવેલ નિમણૂક સમાપ્ત કરવા, શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ રદ કરવા અથવા ચૂંટણી પદ પરથી ગેરલાયક ઠેરવવાના સંદર્ભમાં લાભો પાછા ખેંચવાની; અને ફોજદારી ગુના માટે કાર્યવાહી કરવાની કલ્પના કરવામાં આવી હતી;

(૩) ત્રણ ન્યાયમૂર્તીઓની બેંચ દ્વારા આર. વિશ્વનાથ પિલ્લઈ અને દત્તાત્રય કેસોમાં આપવામાં આવેલા આ કોર્ટના નિર્ણયોએ કાયદાનો એવો સિદ્ધાંત સ્થાપિત કર્યો કે જ્યાં કોઈ વ્યક્તિ દ્વારા ઉમેદવાર અનામત વર્ગનો છે જેના માટે લાભ અનામત છે તે આધારે કોઈ લાભ – જેમ કે પદ પર નિમણૂક અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ – મેળવવામાં આવે છે, ત્યાં ચકાસણી પર જાતિ અથવા જનજાતિનો દાવો અમાન્ય ઠરતાં નિમણૂક અથવા, યોગ્ય કિસ્સામાં, પ્રવેશ રદબાતલ અથવા શૂન્યવત બને છે;

(૪) ઉપરોક્ત સિદ્ધાંતનો અપવાદ એવા કેસોમાં હતો જ્યાં આ કોર્ટે સંપૂર્ણ ન્યાય આપવા માટે સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કર્યો હતો;

(૫) મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ દ્વારા માધુરી પાટીલમાં દર્શાવેલા વ્યાપક સિદ્ધાંતોનું વૈધાનિક સંહિતાકરણ કરવામાં આવ્યું છે, આ કાયદો અન્ય બાબતોની સાથે જાતિ પ્રમાણપત્રો આપવાનું નિયમન કરવા (કલમ ૪); દાવાઓની ચકાસણી માટે સ્કુટિની કમિટીઓની રચના (કલમ ૬); જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજીઓ સબમિટ કરવા (કલમ ૬(૨) અને ૬(૩)); જાતિ પ્રમાણપત્રો રદ કરવા (કલમ ૭); પુરાવાનો બોજો (કલમ ૮); દાવાને અમાન્ય ઠેરવવા પર મેળવેલા લાભો પાછા ખેંચવા (કલમ ૧૦); અને કાર્યવાહી શરૂ કરવા (કલમ ૧૧) માટે એક વૈધાનિક માળખું પૂરું પાડે છે;

(૬) દાવાની ચકાસણી કરવા માટે કલમ ૭ દ્વારા સ્ક્રુટિની કમિટીને આપવામાં આવેલી સત્તા તારીખ ૧૮.૧૦.૨૦૦૧ ના રોજ કાયદો અમલમાં આવ્યા પહેલાં અને તે પછી આપવામાં આવેલા જાતિ પ્રમાણપત્રો બંને સંદર્ભે છે, જ્યાં અનામત જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાના વ્યક્તિના દાવાની સ્ક્રુટિની કમિટી દ્વારા ચકાસણી કરવાની બાકી હોય ત્યાં જાતિ પ્રમાણપત્રને (અથવા લાભો મેળવવાના દાવાને) આખરી ઓપ મળતો નથી;

(૭) ખોટો જણાયેલ અને અમાન્ય ઠરેલ જાતિ દાવાના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવા એ જાતિના દાવાને અમાન્ય ઠેરવવાનું એક અનિવાર્ય પરિણામ છે અને ભૂતકાળલક્ષી અમલનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં;

(૮) બે ન્યાયમૂર્તીઓના કવિતા સોલુંકે અને શાલિની કેસોના નિર્ણયો રદબાતલ કરવામાં આવે છે, શાલિની કેસ જ્યાં સુધી તે કલમ ૧૦ ની જોગવાઈ લાગુ કરવા માટે અપ્રમાણિક ઈરાદાની આવશ્યકતા નક્કી કરે છે તેટલા અંશે, પૂરા આદર સાથે, ભૂલભરેલો છે અને કાયદાની સાચી સ્થિતિ દર્શાવતો નથી;

(૯) ગુનાહિત માનસ (મેન્સ રિયા) એ કલમ ૧૧ માં સમાવિષ્ટ દંડકીય જોગવાઈઓનું એક ઘટક છે જે ભવિષ્યલક્ષી છે અને તે એવી પરિસ્થિતિઓમાં લાગુ થશે જ્યાં ગુનો બનતો કૃત્ય તેના અમલની તારીખ પછી થયું હોય;

(૧૦) અરુણ સોનોને કેસમાં બોમ્બે હાઈકોર્ટની ફુલ બેંચનો ચુકાદો સ્પષ્ટપણે ભૂલભરેલો છે અને તેને રદબાતલ કરવામાં આવે છે; અને

(૧૧) જોકે સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ સુપ્રિમ કોર્ટની સત્તા એ સંપૂર્ણ ન્યાય આપવા માટે કોર્ટમાં નિહિત થયેલી બંધારણીય સત્તા છે અને તે વ્યાપક શબ્દોમાં સમાવિષ્ટ સત્તા છે, છતાં જ્યાં મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ જેવો કાયદો અમલમાં હોય ત્યાં આ અધિકારક્ષેત્રનો ઉપયોગ વૈધાનિક આદેશને યોગ્ય માન આપીને જ થવો જોઈએ. [પેરા ૫૭]

સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: [૨૦૦૦] ૫ સપ્લી. એસ.સી.આર. ૬૫ સ્પષ્ટતા કરવામાં આવી અને અનુસરવામાં આવ્યો. કુમારી માધુરી પાટીલ વિ. એડિશનલ કમિશનર, ટ્રાઈબલ ડેવલપમેન્ટ (૧૯૯૪) ૬ એસ.સી.સી. ૨૪૧; આર. વિશ્વનાથ પિલ્લઈ વિ. સ્ટેટ ઓફ કેરળ (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૧૦૫: [૨૦૦૪] ૧ એસ.સી.આર. ૩૬૦; યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય એસ/ઓ. નામદેવ મેંઢેકર (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: [૨૦૦૮] ૨ એસ.સી.આર. ૧૦૯૬ આધાર રાખવામાં આવ્યો. કવિતા વસંત સોલુંકે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૨) ૮ એસ.સી.સી. ૪૩૦: [૨૦૧૨] ૭ એસ.સી.આર. ૨૫૧; શાલિની ગજાનનરાવ દલાલ વિ. ન્યુ ઇંગ્લિશ હાઈસ્કૂલ એસોસિયેશન (૨૦૧૩) ૧૬ એસ.સી.સી. ૫૨૬: [૨૦૧૩] ૧૨ એસ.સી.આર. ૮૦૭ – રદબાતલ કરવામાં આવ્યા. અરુણ વિશ્વનાથ સોનોને વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૫) ૧ એમએચ એલ.જે. ૪૫૭ અસ્વીકૃત કરવામાં આવ્યો.

૨.૧ આ કોર્ટની બંધારણીય બેંચ જેણે મિલિંદ કેસનો નિર્ણય કર્યો હતો તે એ સંદર્ભ પર હતી કે શું કોઈ જનજાતિ અથવા જનજાતિ સમુદાય અથવા જનજાતિ કે સમુદાયની અંદરનો કોઈ ભાગ કે જૂથ સામાન્ય નામમાં સમાવિષ્ટ છે તેવો નિર્ણય લેવા અથવા જાહેર કરવા માટે તપાસ કરવી અને પુરાવા રજૂ કરવા દેવાની મંજૂરી છે, ભલે તે ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) ઓર્ડર, ૧૯૫૦ માં સમાવિષ્ટ નોંધમાં ચોક્કસપણે ઉલ્લેખિત ન હોય. બંધારણીય બેંચે ઠેરવ્યું કે તપાસ કરવી અથવા એવો નિર્ણય કરવા માટે પુરાવા આપવાની મંજૂરી આપવી શક્ય નથી કે ભલે કોઈ જનજાતિ (અથવા તેનું પેટા–જૂથ) શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ઓર્ડર, ૧૯૫૦ માં ચોક્કસપણે સમાવિષ્ટ ન હોય છતાં, તેને સામાન્ય નામમાં સમાવિષ્ટ ગણવી અથવા માનવી જોઈએ. આ કોર્ટનો મત એ છે કે ઓર્ડરમાં રહેલી નોંધને જેમ છે તેમ જ વાંચવી જોઈએ. જોકે, બંધારણીય બેંચે કોર્ટ સમક્ષના વ્યક્તિગત કેસોના સંજોગોને ધ્યાનમાં રાખીને સંબંધિત ઉમેદવારે મેળવેલી ડિગ્રીનું રક્ષણ કર્યું હતું. આ કોર્ટે એ પણ જોગવાઈ કરી હતી કે વચગાળાના આદેશો સહિત સમય પસાર થવાને ધ્યાનમાં રાખીને, જે પ્રવેશો અને નિમણૂકો આખરી બની ગયા હતા તે ચુકાદાથી અપ્રભાવિત રહેશે. [પેરા ૪૦]

સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: [૨૦૦૦] ૫ સપ્લી. એસ.સી.આર. ૬૫ – સ્પષ્ટતા કરવામાં આવી અને અનુસરવામાં આવ્યો.

૨.૨ રાજ્યના કાયદાના ઘડતર પાછળનો ઉદ્દેશ અને હેતુ જાતિ પ્રમાણપત્રો આપવાનું નિયમન કરવાનો અને જે કિસ્સાઓ સામે આવ્યા હતા જેમાં અનુસૂચિત જાતિ અથવા જનજાતિ અથવા અનામત કેટેગરીના ન હોય તેવા વ્યક્તિઓ વાસ્તવિક ઉમેદવારોના ભોગે નિમણૂકો અથવા પ્રવેશો મેળવી રહ્યા હતા તેમની સામે પગલાં લેવાનો છે. આ કાયદાનો મૂળભૂત હેતુ અને તર્ક કાયદેસરના હકદારોના વાજબી હક્કો સુરક્ષિત કરવાનો છે. શાલિની કેસનો ચુકાદો ધ મહારાષ્ટ્ર શિડ્યુલ્ડ કાસ્ટ્સ, શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ, ડી–નોટિફાઈડ ટ્રાઈબ્સ (વિમુક્ત જાતિઝ), નોમેડિક ટ્રાઈબ્સ, અધર બેકવર્ડ ક્લાસીસ એન્ડ સ્પેશિયલ બેકવર્ડ કેટેગરી (રેગ્યુલેશન ઓફ ઈશ્યુઅન્સ એન્ડ વેરિફિકેશન ઓફ) કાસ્ટ સર્ટિફિકેટ એક્ટ, ૨૦૦૦ ની કલમ ૧૦ ની જોગવાઈઓમાં અપ્રમાણિક ઈરાદાની જરૂરિયાત ઉમેરવાની બાબતમાં ભૂલભરેલો છે. કલમો ૭ અને ૧૦ નો સુમેળભર્યો અર્થઘટન થવો જોઈએ. કલમ ૭ જાતિ પ્રમાણપત્ર રદ કરવાની જોગવાઈ કરે છે જ્યાં કાયદો શરૂ થતાં પહેલાં અથવા પછી, અનામત વર્ગમાં ન આવતી વ્યક્તિએ ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવ્યું હોય અને તપાસ પછી સ્ક્રુટિની કમિટીનો એવો અભિપ્રાય હોય કે પ્રમાણપત્ર કપટપૂર્વક મેળવવામાં આવ્યું હતું. પ્રમાણપત્ર રદ કરવામાં આવે તે પહેલાં આ શરતો પૂરી થવી જોઈએ. જાતિ પ્રમાણપત્રનું ખોટાપણું અને તે કપટપૂર્વક મેળવવામાં આવ્યું હોવાનો સ્ક્રુટિની કમિટીનો અભિપ્રાય કલમ ૭ હેઠળ રદ કરવાનો આધાર બને છે. કલમ ૧૦ એવી જોગવાઈ કરે છે કે જે વ્યક્તિ અનામત વર્ગની નથી અને ખોટું જાતિ પ્રમાણપત્ર

રજૂ કરીને પ્રવેશ મેળવે છે અથવા અનામત પદ સામે નિમણૂક મેળવે છે, તેને સ્ક્રુટિની કમિટી દ્વારા તે રદ થતાં સંસ્થામાંથી બાકાત કરવામાં આવશે અથવા યોગ્ય કિસ્સામાં નોકરીમાંથી મુક્ત કરવામાં આવશે અને મેળવેલા લાભો પાછા ખેંચી લેવામાં આવશે. પેટા–કલમ (૨) તમામ નાણાકીય લાભોની વસૂલાતની જોગવાઈ કરે છે જ્યારે પેટા–કલમ (૩) ડિગ્રી, ડિપ્લોમા અથવા શૈક્ષણિક લાયકાત રદ કરવાની જોગવાઈ કરે છે. પેટા–કલમ (૪) ચૂંટણી પદ પરથી ગેરલાયક ઠેરવવાની જોગવાઈ કરે છે. પ્રમાણપત્રનું ખોટાપણું એ કલમ ૭ હેઠળના આદેશનો આધાર છે. કલમ ૧૦ તેનું પરિણામ પૂરું પાડે છે. સ્ક્રુટિની કમિટીના આદેશને પડકાર (જાતિ અથવા જનજાતિ પ્રમાણપત્રને અમાન્ય ઠેરવતો) નિષ્ફળ જઈ શકે છે અથવા સફળ થઈ શકે છે. જો હાઇકોર્ટ સમક્ષનો પડકાર સફળ થાય છે, તો કલમ ૧૦ હેઠળના પરિણામનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો પડકાર નિષ્ફળ જાય છે, તો કલમ ૧૦ હેઠળનું પરિણામ કલમ ૭ હેઠળના આદેશમાં પ્રમાણપત્ર ખોટું હોવાના તારણને અનુસરે છે. તેવી જ રીતે, જો કલમ ૭ હેઠળના આદેશને પડકારવામાં ન આવે, અથવા જો પડકાર જતો કરવામાં આવે, તો અમાન્ય ઠરેલા પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભોનું રક્ષણ કરવાનો કોઈ પ્રસંગ રહેતો નથી. "ખોટા" શબ્દનું અર્થઘટન સાચું, અસલી અથવા અધિકૃત છે તેનાથી વિરુદ્ધ કરવું જોઈએ. આ સંદર્ભમાં અસત્યતા એટલે અનામત વર્ગના હોવાનો દાવો ઊભો કરવો. [પેરા ૪૪]

૨.૩ કલમ ૧૦ એવી દીવાની અસરો/લાભો પાછા ખેંચવાની જોગવાઈ કરે છે જે યોગ્ય તપાસ અને ચકાસણી પછી દાવો અમાન્ય ઠરતાં, અનામત વર્ગના હોવાના દાવાના બળે વ્યક્તિને મળ્યા હોય. કલમ ૧૦, તેની હાંસિયા નોંધ દર્શાવે છે તેમ, ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવાની જોગવાઈ કરે છે. કલમ ૧૧ ગુનાઓ અને દંડની જોગવાઈ કરે છે. જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરવાથી બે પરિણામો આવી શકે છે: (૧) ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે ઉમેદવાર દ્વારા મેળવેલા લાભો તાત્કાલિક રદ કરવા અથવા પાછા ખેંચવા; (૨) સ્ક્રુટિની કમિટી દ્વારા ખોટું જણાયેલું પ્રમાણપત્ર મેળવનાર દાવેદાર સામે કાર્યવાહી કરવી. ઉમેદવારનો ઈરાદો માત્ર ત્યારે જ સુસંગત હોઈ શકે જો ફોજદારી ગુના માટે કાર્યવાહી કરવામાં આવતી હોય. જોકે, જ્યાં ખોટા જાતિ દાવાના આધારે મળેલા લાભો પાછા ખેંચવાના દીવાની પરિણામનો પ્રશ્ન હોય, ત્યાં અપ્રમાણિક ઈરાદાની આવશ્યકતા ઉમેરવી એ વૈધાનિક હેતુથી વિરુદ્ધ હશે. આવી આવશ્યકતા ઉમેરીને, શાલિની કેસમાં બે ન્યાયમૂર્તીઓની બેંચ ભૂલમાં પડી છે. પરિસ્થિતિના મૂળ સ્વરૂપમાં જાતિ પ્રમાણપત્ર માટેના અરજદારની માનસિક પ્રક્રિયાઓની તપાસ કરવાનો અસ ભવ બોજો લાદવામાં આવશે. કાયદાની જોગવાઈઓ દર્શાવે છે તેમ, જે વ્યક્તિ અનામત વર્ગની હોવાનો દાવો કરે છે અને જે અનામત પદ પર નિમણૂકનો અથવા અનામત બેઠક પર શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશનો અથવા અનુચ્છેદ ૧૫(૪) ની જોગવાઈઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા અન્ય કોઈ લાભ મેળવવા

માંગે છે, તેણે જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરવી પડશે. પોતે આવી જાતિ, જનજાતિ અથવા વર્ગનો છે તે સાબિત કરવાનો પુરાવાનો બોજો દાવેદાર પર રહે છે. વિધાનમંડળે વાજબી રીતે એવું માની લીધું છે કે જે વ્યક્તિ જાતિ પ્રમાણપત્ર મેળવવા માંગે છે તે પોતે જે જાતિ, જનજાતિ અથવા વર્ગની છે તેનાથી ચોક્કસપણે વાકેફ હોવી જોઈએ અને તેણે દાવો સ્થાપિત કરવો જ જોઈએ. જો અનામત વર્ગના હોવાનો દાવો અસત્ય જણાય, તો જાતિ પ્રમાણપત્ર ખોટી રીતે મેળવવામાં આવ્યું હોવાના કારણોસર રદ કરવું પડશે. ઉમેદવારને લાભ આપવો કપટપૂર્ણ છે કારણ કે ઉમેદવારે ચોક્કસ જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે વિશિષ્ટ રીતે અનામત રાખેલો લાભ મેળવ્યો છે જેના માટે તે હકદાર નથી. શાલિની કેસના નિર્ણયના ગંભીર પરિણામો આવશે અને તે વૈધાનિક જોગવાઈને નિષ્પ્રાણ બનાવશે. શાલિની કેસના ચુકાદા દ્વારા કલમ ૧૦ ની જોગવાઈઓનું કરવામાં આવેલું અર્થઘટન સ્પષ્ટપણે ખોટું છે. [પેરા ૪૫]

૨.૪ સંઘ અને રાજ્યો હેઠળની, અથવા રાજ્યના માધ્યમો હેઠળની સેવાઓ જાહેર હેતુ પાર પાડે છે. આ સેવાઓ શાસનના સાધનો છે. જ્યાં રાજ્ય જાહેર રોજગારી હાથ ધરે છે, ત્યાં અનુચ્છેદ ૧૪ અને ૧૬ ના આદેશ હેઠળ સમાન તકના સિદ્ધાંતનું પાલન કરવાનું રહે છે. આપણા સંવિધાનમાં હકારાત્મક પગલાં (અફર્મેટીવ એક્શન) એ વાસ્તવિક સમાનતાની શોધનો એક ભાગ છે. જાહેર રોજગારીના સ્વરૂપમાં ઉપલબ્ધ સંસાધનો અને પૂરી પાડવામાં આવતી તકો વર્તમાન સમયમાં માંગ અને જરૂરિયાતો કરતાં ઓછી છે. તેથી, પસંદગીની

પ્રક્રિયા અને પાત્રતાના માપદંડો નક્કી કરવામાં રાજ્યને સ્પર્ધાત્મક દાવાઓ વચ્ચે પસંદગી કરવા સક્ષમ બનાવવામાં એક નોંધપાત્ર જાહેર તત્વ રહેલું છે. અપાત્ર વ્યક્તિઓની પસંદગી એ વ્યવસ્થાકીય નિષ્ફળતાનું પ્રતિક છે અને તેની સુશાસન પર હાનિકારક અસર પડે છે. જે વ્યક્તિ પાત્ર નથી તેની પસંદગી અપાત્ર વ્યક્તિને દુર્લભ જાહેર સંસાધનો મેળવવાની મંજૂરી આપે છે. પાત્ર વ્યક્તિઓના હકોનું ઉલ્લંઘન થાય છે કારણ કે જે વ્યક્તિ પદ માટે પાત્ર નથી તેની પસંદગી કરવામાં આવે છે. અનધિકૃત રીતે ઢોંગ કરનાર (ઇમ્પોસ્ટર) ને લાભો આપીને ગેરકાયદેસરતા આચરવામાં આવે છે. સુશાસન પરની આ અસરોનો આવો જ પડઘો ત્યારે પડે છે જ્યારે કોઈ વ્યક્તિ અનામત વર્ગની ન હોવા છતાં તે વર્ગના સભ્ય તરીકે પોતાને ખપાવે છે અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવે છે. જેના માટે સંવિધાને વિશેષ જોગવાઈઓ કરી છે તેઓ પરિણામે બહાર ફેંકાઈ જાય છે જ્યારે અનામત વર્ગમાં ન આવતો ઢોંગી પસંદ થાય છે. સંવિધાન સાથેનો કપટ બરાબર આમાં જ રહેલો છે. આવા પરિણામને ટાળવું જોઈએ અને અનુચ્છેદ ૧૪૨ હેઠળના અધિકારક્ષેત્રના ઉપયોગમાં ઢોંગીઓના અન્યાયી દાવાઓનું રક્ષણ ન થાય તે સુનિશ્ચિત કરવા કોર્ટ દ્વારા કડક પગલાં લેવા જોઈએ. રાષ્ટ્ર જૂઠાણા પર જીવી શકે નહીં. કાયદાનું શાસન જાળવવામાં કોર્ટો મહત્વપૂર્ણ સંસ્થાકીય ભૂમિકા ભજવે છે. અપ્રમાણિક લોકોનું રક્ષણ કરવા અને સમાનતા (ઇક્વિટી) ના ઉપરછલ્લા બહાના હેઠળ ઢોંગીને મળેલા લાભો જાળવી રાખવા માટે ન્યાયિક પ્રક્રિયાનો ઉપયોગ કરવા દેવો જોઈએ નહીં. એકવાર

વિધાનમંડળે મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ ઘડીને હસ્તક્ષેપ કર્યો હોય, ત્યારે વૈધાનિક જોગવાઈને નિષ્ફળ બનાવવા માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાનો ઉપયોગ કરવો જોઈએ નહીં. મિલિંદ કેસમાં બંધારણીય બેંચે ૨૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ ચુકાદો આપ્યો હતો. રાજ્યનો કાયદો ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં આવ્યો છે. ન્યાયિક નિર્દેશો કાયદા સાથે સુસંગત હોવા જોઈએ. કેટલાક નિર્ણયો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ ની નોંધ લેવામાં નિષ્ફળ રહ્યા હતા. અનુચ્છેદ ૧૪૨ હેઠળ આપવામાં આવેલા નિર્દેશો એ ભૂલભરેલી અવ્યક્ત ધારણા પર હતા કે આ ક્ષેત્ર કાયદા દ્વારા અનિયંત્રિત હતું. શાલિની કેસે કાયદાની નોંધ લીધી પરંતુ તેનું ખોટું અર્થઘટન કર્યું. [પેરા ૪૬]

૨.૫ એવું કહી શકાય નહીં કે મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ કાયદો અમલમાં આવ્યો તે તારીખ પહેલાં થયેલા પ્રવેશો અથવા નિમણૂકોને લાગુ પડી શકે નહીં. ભૂતકાળલક્ષી અમલ પર આધારિત રજૂઆત વિશ્લેષણની કેટલીક નિર્ણાયક કડીઓની અવગણના કરે છે. અર્થઘટનનો આ એક મૂળભૂત સિદ્ધાંત છે કે જ્યાં સુધી સ્પષ્ટપણે અથવા જરૂરી સૂચિતાર્થ દ્વારા ભૂતકાળલક્ષી અસર આપવામાં ન આવે ત્યાં સુધી દરેક કાયદો પ્રથમ દૃષ્ટિએ ભવિષ્યલક્ષી હોય છે. જોકે, આ નિયમ સામાન્ય રીતે ત્યાં લાગુ પડે છે જ્યાં કાયદાનો ઉદ્દેશ નિહિત હકોને અસર કરવાનો હોય અથવા નવા બોજા લાદવાનો હોય અથવા હાલની જવાબદારીઓને ક્ષતિગ્રસ્ત કરવાનો હોય. તેવી જ રીતે માત્ર એટલા માટે કે તેની કાર્યવાહી માટેની આવશ્યકતાઓનો એક ભાગ તેના પસાર થવા પહેલાંના

સમયમાંથી લેવામાં આવ્યો છે, કાયદા સામે ભૂતકાળલક્ષી અર્થઘટનનો નિયમ લાગુ પડતો નથી. મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ ની કલમ ૧(૨) માં જોગવાઈ છે કે તે રાજ્ય સરકાર રાષ્ટ્રપતિની મંજૂરી મેળવીને સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નિયત કરે તે તારીખે અમલમાં આવશે. તારીખ ૧૭ ઓક્ટોબર ૨૦૦૧ ના સરકારી જાહેરનામા દ્વારા આ કાયદો ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં લાવવા માટે અધિસૂચિત કરવામાં આવ્યો હતો. કાયદાના અમલ પહેલાં, જે વ્યવસ્થા અમલમાં હતી તે આ કોર્ટ દ્વારા માધુરી પાટીલ કેસમાં તારીખ ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ ના ચુકાદામાં આપવામાં આવેલા નિર્દેશો મુજબ હતી. આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશોમાં સમાવેશ થતો હતો: જો દાવો ખોટો જણાય તો જાતિ પ્રમાણપત્ર રદ કરવાનો અને જપ્ત કરવાનો આદેશ પસાર કરવો; અને જ્યાં જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરે ત્યાં આપવામાં આવેલ પ્રવેશ અથવા કરવામાં આવેલી નિમણૂક રદ કરવી અને ઉમેદવારને આગળના અભ્યાસમાંથી અથવા પદ પર ચાલુ રહેવાથી બાકાત કરવો. [પેરા ૫૦]

૨.૬ માધુરી પાટીલ કેસના નિર્દેશો હેઠળ ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ થી અમલમાં આવેલી વ્યવસ્થાને મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ ના ઘડતર દ્વારા વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો. કલમ ૭ ખોટા જાતિ પ્રમાણપત્રને રદ કરવાની અને જપ્ત કરવાની જોગવાઈ કરે છે પછી ભલે તે કાયદો શરૂ થતાં પહેલાં કે પછી આપવામાં આવ્યું હોય. "આ કાયદો શરૂ થતાં પહેલાં અથવા પછી" એવો શબ્દપ્રયોગ દર્શાવે છે કે કલમ ૬ હેઠળ રચાયેલી સ્ક્રુટિની કમિટી

જાતિ પ્રમાણપત્ર રદ કરવા માટે સક્ષમ છે પછી ભલે તે ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ પહેલાં આપવામાં આવ્યું હોય કે તે પછી. કલમ ૧૦, જે પાછા ખેંચાયેલા ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવાની જોગવાઈ કરે છે, તે અનિવાર્યપણે જાતિ પ્રમાણપત્ર રદ કરવાનું પરિણામ છે. જ્યાં ઉમેદવારે પોતે નિર્ધારિત અનામત વર્ગનો છે તે આધારે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોય અને તપાસ પર માલૂમ પડે કે તે વર્ગના હોવાનો દાવો ખોટો છે, ત્યાં સંસ્થામાં પ્રવેશ જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરવાની સાથે અનિવાર્યપણે રદ થાય છે. પ્રવેશ એ ચોક્કસ જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાના દાવા પર આધારિત હોવાથી, દાવો અસત્ય જણાતાં તે રદબાતલ બને છે. કોઈ પદ પરની નિમણૂકના કિસ્સામાં પણ આ જ લાગુ પડવું જોઈએ. તેથી, કલમ ૧૦ માં "આ કાયદો શરૂ થતાં પહેલાં અથવા પછી" શબ્દોની ગેરહાજરી કોઈ નોંધપાત્ર તફાવત લાવતી નથી કારણ કે લાભ પાછો ખેંચવો એ એક એવી ઘટના છે જે કુદરતી રીતે અને દાવાને અમાન્ય ઠેરવવાના સ્પષ્ટ પરિણામ તરીકે ઉદ્ભવે છે. તદુપરાંત, રાજ્યના કાયદાના ઘડતર પહેલાં પણ, જાતિના દાવાના આધારે મેળવેલ લાભ તેના અમાન્ય ઠરવા પર પાછો ખેંચવાને પાત્ર હતો. તેથી, કાયદાએ નિહિત હકોને અસર કરી નથી કે નવા બોજા પણ લાદ્યા નથી. આ કાયદો કલમો ૭ અને ૧૦ માં હાલની જવાબદારીઓને ક્ષતિગ્રસ્ત કરતો નથી. કલમ ૧૧ ની જોગવાઈઓનું વિશ્લેષણ દર્શાવે છે કે આ જોગવાઈ ગુનાઓ ઊભા કરે છે અને દંડની જોગવાઈ કરે છે. કલમ ૧૧(૧)(એ) હેઠળ (ખોટી માહિતી આપીને), ખોટું નિવેદન

અથવા દસ્તાવેજ રજૂ કરીને અથવા કોઈપણ કપટપૂર્ણ માધ્યમ દ્વારા ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવવાનો ગુનો બને છે. કલમ ૧૧(૧)(બી) હેઠળ તે કેટેગરીમાં ન આવતી વ્યક્તિ દ્વારા નિમણૂક; અનામત બેઠક પર શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ; અથવા તે વર્ગ માટે અનામત રાખવામાં આવેલ પદ સામે સ્થાનિક સત્તામંડળ કે સહકારી મંડળીમાં ચૂંટણીના સંદર્ભમાં નિયુક્ત જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે વિશિષ્ટ રીતે અનામત રાખેલ લાભ મેળવવાનો ગુનો બને છે. સંવિધાનના અનુચ્છેદ ૨૦(૧) માં સમાવિષ્ટ ગેરંટીને ધ્યાનમાં રાખીને કલમ ૧૧(૧) ની જોગવાઈઓ ભવિષ્યલક્ષી અર્થમાં વાંચવી અને અર્થઘટન કરવી જોઈએ. ગુનો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ દ્વારા ઊભો કરવામાં આવ્યો હોવાથી, ગુનો બનતું કૃત્ય કાયદાના અમલની તારીખ પછીના સમયગાળા સાથે સંબંધિત હોવું જોઈએ. કલમ ૧૧ ની દંડકીય જોગવાઈઓના સંદર્ભમાં, જ્યાં સુધી કાયદો ગુનાઓ ઊભા કરે છે અને દંડની જોગવાઈ કરે છે ત્યાં સુધી તેનું ભવિષ્યલક્ષી અર્થઘટન થવું જોઈએ. [પેરા ૫૧, ૫૨]

૨.૭ વહીવટી પરિપત્રો અને સરકારી ઠરાવો વૈધાનિક આદેશને આધીન છે અને તે બંધારણીય ધોરણો અથવા વૈધાનિક સિદ્ધાંતોથી વિરુદ્ધ ન હોઈ શકે. જ્યાં કોઈ ઉમેદવારે જે પદ માટે નિર્ધારિત કરવામાં આવ્યું છે તે ચોક્કસ જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાના પવિત્ર આધારે નિમણૂક મેળવી હોય અને સ્ક્રુટિની કમિટી દ્વારા ચકાસણી પર માલૂમ પડે કે દાવો ખોટો છે, તો આવી વ્યક્તિની સેવાઓને વહીવટી પરિપત્રો અથવા ઠરાવોનો આશરો લઈને રક્ષણ

આપી શકાય નહીં. અનધિકૃત કબજો જમાવનારના દાવાઓનું રક્ષણ એ બંધારણીય યોજના તેમજ વૈધાનિક આદેશનું ઉલ્લંઘન કરતું કૃત્ય છે. કોઈ સરકારી ઠરાવ કે પરિપત્ર બંધારણીય કે વૈધાનિક ધોરણોને ઓવરરાઈડ કરી શકે નહીં. સરકાર પોતાના પરિપત્રોથી બંધાયેલી છે તે સિદ્ધાંત સુસ્થાપિત છે પરંતુ તે વર્તમાન જેવી પરિસ્થિતિમાં લાગુ થઈ શકે નહીં. જે ઉમેદવાર જે સમુદાય અથવા જનજાતિ માટે અનામત નિર્ધારિત છે તેમાં ન આવતો હોવાનું જણાયું હોય તેની સેવાઓનું રક્ષણ કરવું એ અનામત સમુદાયોના વાસ્તવિક સભ્યોના કાનૂની હકો પર નોંધપાત્ર રીતે તરાપ મારે છે જેમના વાજબી હક્કો અપાત્ર વ્યક્તિને બેઠક આપવાથી નકારવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં જ્યાં અનામત જૂથો અથવા સમુદાયોના વાસ્તવિક સભ્યોના હકોને નુકસાન થવાની સંભાવના હોય, ત્યાં સરકારી પરિપત્રો અથવા ઠરાવો તેમના હિત વિરુદ્ધ કામ કરી શકે નહીં. [પેરા ૫૩]

૨.૮ જ્યારે જાતિ અથવા જનજાતિના દાવાને અમાન્ય ઠેરવવા પર શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ રદ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે ત્યારે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતી બાબતોમાંની એક એ છે કે વિદ્યાર્થીએ અભ્યાસક્રમમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને પ્રવેશ રદ કરવાથી માત્ર વિદ્યાર્થીને જ નહીં પરંતુ વ્યવસ્થાને પણ નુકસાન થશે. જ્યારે વિદ્યાર્થીએ ડિગ્રી અથવા ડિપ્લોમા પૂર્ણ કર્યો હોય, ત્યારે તેને પાછો ન ખેંચવા અંગેની રજૂઆત વધુ મજબૂતાઈથી કરવામાં આવે છે. રાજ્ય વિધાનમંડળે જાહેર નીતિના પરિપ્રેક્ષ્યના આધારે

સ્પર્ધાત્મક દાવાઓ વચ્ચે વૈધાનિક નિર્ણય લીધો છે જેને કોર્ટે માન આપવું જોઈએ. જ્યારે કોઈ શૈક્ષણિક લાયકાત પાછી ખેંચી લેવામાં આવે છે અથવા વિદ્યાર્થીને અભ્યાસક્રમ છોડવાની ફરજ પાડવામાં આવે છે (જ્યારે તે જાતિ અથવા જનજાતિનો ન હોવાનું જણાય છે જેના આધારે અનામત બેઠક પર પ્રવેશ મેળવ્યો હતો) ત્યારે ઉત્પાદક સામાજિક સંસાધનોનું નુકસાન થાય છે તેવી રજૂઆત રાજ્યના કાયદાની કલમ ૧૦ માં સમાવિષ્ટ વૈધાનિક આદેશ કરતાં કદાચ વધુ મહત્વની હોઈ શકે નહીં અથવા તેને રદબાતલ કરી શકે નહીં. જ્યારે કોઈ ઉમેદવારે જે જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે લાભ અનામત છે તેમાં આવતો હોવાનો ખોટો દાવો કર્યો હોવાનું જણાય છે, ત્યારે તે વ્યક્તિનું રક્ષણ કરવા માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવો એ કાયદાના શાસનનો નકાર હશે. સામાજિક હિત સચ્ચાઈ સુનિશ્ચિત કરવામાં રહેલું છે. વ્યવસ્થાની પવિત્રતા જાળવવાનો આ એકમાત્ર રસ્તો છે. કાનૂની વ્યવસ્થાને એવી વ્યક્તિઓને ટેકો આપવાના માધ્યમ તરીકે જોઈ શકાય નહીં જેઓ કોઈ જાતિ અથવા જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવાના અસત્ય દાવા કરે છે. આ લાભો બંધારણીય યોજના અનુસાર માત્ર નિયુક્ત જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગોને જ પૂરા પાડવામાં આવે છે અને તેમાં ન આવતા લોકો દ્વારા તે પચાવી પાડી શકાય નહીં. રાજ્યનો કાયદો હોવા છતાં જો આવા દાવાઓને અનુચ્છેદ ૧૪૨ દ્વારા આપવામાં આવેલી બંધારણીય

સત્તાના ઉપયોગ હેઠળ રક્ષણ આપવામાં આવે તો માત્ર કાનૂની વ્યવસ્થાની જ નહીં પરંતુ ન્યાયિક પ્રક્રિયાની વિશ્વસનીયતા પણ નષ્ટ થશે. [પેરા ૫૪]

૨.૯ દેશભરના મધ્યમ વર્ગના માતાપિતા પોતાના બાળકો માટે તબીબી શિક્ષણની આકાંક્ષા રાખે છે. અંડર–ગ્રેજ્યુએટ, પોસ્ટ–ગ્રેજ્યુએટ અને સુપર–સ્પેશિયાલિટીની મર્યાદિત સંખ્યાની બેઠકો માટે તીવ્ર સ્પર્ધા છે. આ બાબત અનામત કેટેગરીના હોવાનો ખોટો દાવો કરવા સહિતના અયોગ્ય માધ્યમોનો આશરો લેવાનું કોઈ વ્યાજબીપણું પૂરું પાડી શકતી નથી. આપણી વ્યવસ્થાની ત્રુટિઓ, પછી તે શિક્ષણમાં હોય, આરોગ્યમાં હોય કે કાયદામાં હોય, એ છે કે તેની સુસ્તી અને આળસ તે થોડા લોકોને પ્રોત્સાહન પૂરું પાડે છે જેઓ અયોગ્ય લાભ મેળવવા માટે નિયમો તોડવાનું પસંદ કરે છે. આવી સ્થિતિમાં, લોકશાહી શાસનની એક મહત્વપૂર્ણ સંસ્થા તરીકે કોર્ટે એક સૈદ્ધાંતિક સંદેશ આપવામાં દ્રઢ રહેવું જોઈએ કે નિયમોનું પાલન કરતા વર્તન સિવાય બીજું કોઈ પ્રોત્સાહન નથી અને નિયમભંગ સામે કાયદાની કડક સજા મળશે. [પેરા ૫૬]

૩.૧ ચેરમેન એન્ડ મેનેજીંગ ડિરેક્ટર એફસીઆઈ વિ. જગદીશ બલરામ બાહિરા સિવિલ અપીલ ૮૯૨૮/૨૦૧૫ માં, મુકદ્દમો પેન્ડિંગ હતો તે દરમિયાન, સામાવાળા સેવામાંથી નિવૃત્ત થયા હતા અને તેમને તેમના નિવૃત્તિના નાણાં પણ ચૂકવી દેવામાં આવ્યા હતા. તેથી, આ તબક્કે, સ્ક્રુટિની કમિટી દ્વારા જે જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠેરવવામાં આવ્યું છે તેના આધારે સામાવાળા અથવા તેમના પરિવારના કોઈપણ સભ્ય તરફથી મહાદેવ કોળી, અનુસૂચિત

જાતિના સભ્ય તરીકેનો કોઈ દાવો કરી શકાય નહીં કે ધ્યાને લઈ શકાય નહીં. સામાવાળાના જે દાવાને અમાન્ય ઠેરવવામાં આવ્યો છે તેના આધારે તેમને કોઈપણ પ્રકારના વિશેષ લાભ મળવાપાત્ર રહેશે નહીં. [પેરા ૫૮]

૩.૨ શ્રી શિવાજી શિક્ષણ સંસ્થા અને અન્ય વિ. રાજુ લક્ષ્મણ ગડેકર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૫૫/૨૦૧૫) અને સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. રાજુ લક્ષ્મણ ગડેકર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૫૭/૨૦૧૫) માં, સ્ક્રુટિની કમિટીના આદેશને પડકારતી કર્મચારી દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી એવું ઠેરવીને ફગાવી દેવામાં આવી હતી કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના નથી. સામાવાળા દ્વારા મેળવવામાં આવેલું જાતિ પ્રમાણપત્ર ખોટું જાતિ પ્રમાણપત્ર હોવાનું સાબિત થયું છે. સેવા સમાપ્તિના આદેશ સામેનો પડકાર પણ આખરી બની ગયો હતો. કર્મચારીને સેવાનું રક્ષણ આપવામાં હાઈકોર્ટે સ્પષ્ટપણે ભૂલ કરી છે. આવો નિર્દેશ મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઓફ ૨૦૦૧ ની જોગવાઈઓથી પણ વિરુદ્ધ છે. ખોટા જાતિ દાવાના આધારે સામાવાળા દ્વારા મેળવેલી નિમણૂક કલમ ૧૦ ની જોગવાઈઓ અનુસાર પાછી ખેંચી લેવાની જરૂર હતી. સામાવાળા દ્વારા પ્રક્રિયાનો સંપૂર્ણ દુરુપયોગ કરવામાં આવ્યો છે. [પેરા ૫૮]

૩.૩ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. કુ. છાયા ડી/ઓ. હેમરાજ નિમજે અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૬૦/૨૦૧૫) માં ઠેરવવામાં આવે છે કે સામાવાળાને તેમની સેવાઓનું રક્ષણ મેળવવાનો કોઈ હક નથી. સામાવાળાએ

સ્ક્રુટિની કમિટી દ્વારા નિર્ણય લેવામાં આવે તે પહેલાં તેને રોકવા માટે ઉપરાઉપરી રિટ અરજીઓ દાખલ કરીને અને ત્યારબાદ માત્ર તેમની સેવાઓના રક્ષણ પૂરતો દાવો મર્યાદિત રાખીને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કર્યો છે. દર્શાવેલા કારણોસર, હાઈકોર્ટનો આદેશ રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૪ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિ. શ્રીમતી અરુંધતી સુરેશ નિનાવે અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૯૨૦૩-૦૪/૨૦૧૫) માં અને મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ વિ. નાગનાથ બાબુરાવ માંગરૂળે અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૯૨૬/૨૦૧૫) માં ચુકાદાના મુખ્ય ભાગમાં દર્શાવેલા કારણોસર અને સિવિલ અપીલ નંબરો ૯૧૫૫ અને ૯૧૫૭/૨૦૧૫ નો નિકાલ કરતી વખતે આ કોર્ટ દ્વારા દર્શાવેલા કારણોસર, હાઈકોર્ટના વાદગ્રસ્ત ચુકાદાઓ અને હુકમો રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૫ સુરેશ એસ/ઓ. દેવાજી વૈરાગડે વિ. ધ કંટ્રોલર જનરલ, ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ, ઈન્દિરા ભવન, સિવિલ લાઈન્સ, નાગપુર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૧૯૧૮/૨૦૧૦) માં આ ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ નથી. [પેરા ૫૮]

૩.૬ રાજેન્દ્ર એસ/ઓ. રામાજી માહિસબડવે વિ. ધ જોઈન્ટ કમિશનર એન્ડ વાઈસ-ચેરમેન શિડ્યુલ્ડ ટ્રાઈબ, કાસ્ટ સર્ટિફિકેટ સ્ક્રુટિની કમિટી અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૫૪/૨૦૧૫) માં હાઈકોર્ટે પોતાના ચુકાદા

દ્વારા સ્ક્રુટિની કમિટી દ્વારા હલબા અનુસૂચિત જનજાતિના હોવાના અપીલકર્તાના દાવાને અમાન્ય ઠેરવ્યા પછી તેમની સેવાઓને રક્ષણ આપવાનો ઇનકાર કર્યો હતો. અપીલકર્તા દ્વારા પ્રક્રિયાનો સ્પષ્ટ અને પ્રત્યક્ષ દુરુપયોગ થયો છે. જાતિ માન્યતા પ્રમાણપત્રની ગેરહાજરીમાં, અપીલકર્તાની નિમણૂક આખરી બની ગઈ હોવાનું માની શકાય નહીં. તેમાં સમાવિષ્ટ કારણોને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ નથી. [પેરા ૫૮]

૩.૭ છાયા ડી/ઓ. યાદવરાવ બારપાત્રે @ છાયા ડબલ્યુ/ઓ. રાજીવ ઢાકતે વિ. ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૯૧૫૮–૫૯/૨૦૧૫) માં અને રવિન્દ્ર ગોવિંદરાવ નાગપુરકર વિ. સેક્રેટરી, રાજસ્થાન એજ્યુકેશન સોસાયટી વાશિમ અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૮૬૦૪–૦૫/૧૭ @ એસએલપી (સી) નંબરો ૩૩૮૬૪–૬૫/૨૦૧૫) માં ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને સ્ક્રુટિની કમિટી દ્વારા સામાવાળાના દાવાને અમાન્ય ઠેરવવામાં આવ્યાને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ નથી. [પેરા ૫૮]

૩.૮ શ્રી શિવાજી એજ્યુકેશન સોસાયટી અને અન્ય વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૬૦૧/૧૭ @ એસએલપી (સી) નંબર ૨૮૯/૨૦૧૬) માં હાઈકોર્ટે પોતાના હુકમ દ્વારા તેમ છતાં ત્રીજા સામાવાળાને એવી બાંહેધરીને આધીન પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો છે કે તેઓ ભવિષ્યમાં અનુસૂચિત જનજાતિના હોવાનો લાભ દાવો કરશે નહીં.

એકવાર સામાવાળાનો જનજાતિનો દાવો ખોટો ઠર્યા પછી, આ ચુકાદાના મુખ્ય ભાગમાં દર્શાવેલા કારણોસર હાઈકોર્ટનો ચુકાદો ટકી શકે તેમ નથી. હાઈકોર્ટનો ચુકાદો અને હુકમ રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૯ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વિ. મુરલીધર અર્જુન નેવારે અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૮૬૦૨–૦૩/૧૭ @ એસએલપી (સી) નંબરો ૫૨૯–૩૦/૨૦૧૬) માં ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને સામાવાળાનો દાવો ખોટો હોવાનું જણાયું હોવાની હકીકતને ધ્યાનમાં રાખીને, અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોમાં ગુણદોષ રહેલા છે. હાઈકોર્ટના વાદગ્રસ્ત ચુકાદાઓ રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૧૦ ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન વિ. વિવેકકુમાર લજ્જાશંકર ચૌરસિયા (સિવિલ અપીલ નંબર ૮૬૦૭/૧૭ @ એસએલપી નંબર ૧૪૮૩૦/૨૦૧૫) માં અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી વિ. રાજેન્દ્ર રામચંદ્ર ઢાકતે અને અન્ય (સિવિલ અપીલ ૮૬૦૯/૧૭ @ એસએલપી (સી) નંબર ૧૩૪૦૯/૨૦૧૫) માં ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, સામાવાળાને પુનઃસ્થાપિત કરવાનો હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૧૧ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. વસંત, એસ/ઓ. જ્ઞાનદેવ ગોન્નાડે (સિવિલ અપીલ ૮૬૦૬/૧૭ @ એસ.એલ.પી.(સી) નંબર ૧૯૯૯૨/૨૦૧૫) માં આ ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોને ધ્યાને

લેતાં, હાઈકોર્ટના વાદગ્રસ્ત નિર્ણયનો આધાર – અરુણ સોનોને કેસમાં કુલ બેંચનો નિર્ણય, ભૂલભરેલો છે. સામાવાળા હલબા અનુસૂચિત જનજાતિના નથી. એ પણ સ્પષ્ટ છે કે સામાવાળા દ્વારા મેળવેલા લાભો મિલિંદ કેસના નિર્ણયને આધીન હતા, જેમાં આ કોર્ટે ઠેરવ્યું છે કે હલબા–કોષ્ટી એ અનુસૂચિત જનજાતિ નથી, કારણ કે શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ઓર્ડર ૧૯૫૦ માં સંબંધિત નોંધ 'હલબા, હલબી' છે. હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૧૨ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. કુ. વિજયા દેવરાવ નંદનવાર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૦૭/૨૦૧૫) માં, પ્રદીપ ગજાનન કોળી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૫૯૮/૧૭ @ એસએલપી (સી) ૧૮૯૨૫/૨૦૧૪ માં ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, હાઈકોર્ટનો વાદગ્રસ્ત હુકમ અસમર્થનીય છે અને રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

૩.૧૩ ઈશ્વર શ્રાવણ નિખારે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૭૧૮૭/૨૦૧૩) માં અપીલકર્તાનો અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો સ્ક્રુટિની કમિટી દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યો હોવાની હકીકતને ધ્યાનમાં રાખીને, સેવા સમાપ્તિના પરિણામી હુકમ સામેની અપીલ સ્વીકારવાનો ઈનકાર કરવામાં સ્કૂલ ટ્રિબ્યુનલનો કોઈ વાંક કાઢી શકાય નહીં. તદુપરાંત, વર્તમાન ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, સિવિલ અપીલમાં કોઈ ગુણદોષ નથી. [પેરા ૫૮]

૩.૧૪ એકનાથ બારીકરાવ ધનવડે વિ. ડિવિઝનલ કંટ્રોલર, સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને અન્ય (સિવિલ અપીલ ૮૬૦૮/૧૭ @ એસએલપી (સી)... સીસી નંબર ૧૦૮૮૯/૨૦૧૫), યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય વિ. સૂર્યકાંત અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૫૯૭/૧૭ @ એસએલપી (સી) નંબર ૧૬૮૫૨/૨૦૧૬), એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (લુબ્સ), ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ વિ. અશોક મહાદેવરાવ પાથરાબે અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૮૫૯૯–૮૬૦૦/૧૭), અને સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિ. રૂપેશ એસ/ઓ. ટેકસિંઘ શિંદે (સિવિલ અપીલ નંબરો ૮૬૧૦/૧૭ @ એસએલપી (સી) નંબર ૨૨૯૯/૨૦૧૭) માં ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને અપીલકર્તા/સામાવાળા દ્વારા પ્રક્રિયાના સંપૂર્ણ દુરુપયોગને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટનો હુકમ ટકી શકે તેમ નથી અને રદ કરવામાં આવે છે. [પેરા ૫૮]

મિલિંદ શરદ કટવારે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૮૬) ૧ બોમ સીઆર ૪૦૩; બેંક ઓફ ઈન્ડિયા વિ. અવિનાશ ડી. માંડવીકર (૨૦૦૫) ૭ એસ.સી.સી. ૬૯૦: [૨૦૦૫] ૩ સપ્લી. એસ.સી.આર. ૧૭૦; એડિશનલ જનરલ મેનેજર/હ્યુમન રિસોર્સીસ, ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ વિ. સુરેશ રામકૃષ્ણ બુરડે (૨૦૦૭) ૫ એસ.સી.સી. ૩૩૬: [૨૦૦૭] ૬ એસ.સી.આર. ૩૮૮; સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સંજય કે. નિમજે (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૪૮૧: [૨૦૦૭] ૧ એસ.સી.આર. ૯૬૦; યોગેશ રામચંદ્ર નાયકવાડી વિ. ધ

સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૮) ૫ એસ.સી.સી. ૬૫૨: [૨૦૦૮] ૫ એસ.સી.આર. ૪૫૬; અંજન કુમાર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૦૬) ૩ એસસી ૨૫૭: [૨૦૦૬] ૨ એસ.સી.આર. ૨૧૨; સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિ. રવિ પ્રકાશ બાબુલાલસિંઘ પરમાર અને અન્ય (૨૦૦૭) ૧ એસ.સી.સી. ૮૦: [૨૦૦૬] ૮ સપ્લી. એસ.સી.આર. ૧૦૫; રીજનલ મેનેજર, સેન્ટ્રલ બેંક વિ. મધુલિકા ગુરુ પ્રસાદ દાહિર એ.આઈ.આર. ૨૦૦૮ એસસી ૩૨૬૬: [૨૦૦૮] ૧૧ એસ.સી.આર. ૩૧૯; સંદીપ સુભાષ પરાતે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૫૦૧: [૨૦૦૬] ૫ સપ્લી. એસ.સી.આર. ૨૮૨; સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન વિ. જગદીશકુમાર વિઠ્ઠલરાવ પંજાનકર સિવિલ અપીલ નંબર ૨૩૩/૨૦૦૭; સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓમ રાજ (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૪૮૮; રાજુ રામસિંઘ વસાવે વિ. મહેશ દેવરાવ ભીવાપુરકર (૨૦૦૮) ૯ એસ.સી.સી. ૫૪: [૨૦૦૮] ૧૨ એસ.સી.આર. ૯૯૨; પંજાબ નેશનલ બેંક વિ. વિલાસ ગોવિંદરાવ બોકાડે (૨૦૦૮) ૧૪ એસ.સી.સી. ૫૪૫; વિજયકુમાર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૦) ૧૪ એસ.સી.સી. ૪૮૯; દામોદર વિ. સેક્રેટરી, ઈન્ડસ્ટ્રીયલ, એનર્જી એન્ડ લેબર ડિપાર્ટમેન્ટ (૨૦૧૦) ૧૫ એસ.સી.સી. ૫૩૭; રાયવાડ મનોજકુમાર નિવૃત્તિરાવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૧) ૯ એસ.સી.સી. ૭૯૮: [૨૦૧૧] ૧૨ એસ.સી.આર. ૯૮૬; દત્તુ નામદેવ ઠાકુર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૨) ૧ એસ.સી.સી. ૫૪૯: [૨૦૧૧] ૧૩ એસ.સી.આર.

૪૭૫; આર. ઉન્નીકૃષ્ણન વિ. વી. કે. મહાનુદેવન (૨૦૧૪) ૪ એસ.સી.સી. ૪૩૪: [૨૦૧૪] ૧ એસ.સી.આર. ૩૫૦; પાલઘાટ જિલ્લા થંદન સમુદાય સંરક્ષણ સમિતિ વિ. સ્ટેટ ઓફ કેરળ (૧૯૯૪) ૧ એસ.સી.સી. ૩૫૯: [૧૯૯૩] ૩ સપ્લી. એસ.સી.આર. ૮૭૨; બી. એચ. ખવાસ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૬) ૮ એસ.સી.સી. ૭૧૫: [૨૦૧૬] ૩ એસ.સી.આર. ૭૭૩; રમેશ સુરેશ કાંબલે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૭) ૧ એમએચ. એલ.જે ૪૨૩; સુજીત વસંત પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૪) ૩ એમએચ. એલ જે ૧૧૦૯; ગણેશ રામભાઉ ખલાલે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૯) ૨ એમએચ. એલ.જે. ૭૮૮; પ્રિયંકા ઓમપ્રકાશ પનવાર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૯) ૪ એમએચ એલ.જે. ૮૪૭; અપૂર્વા અશોક ગોખલે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૩) ૧ એમએચ. એલજે ૧૩૯; બેંક ઓફ ઈન્ડિયા વિ. અવિનાશ ડી. માંડવીકર (૨૦૦૫) ૭ એસ.સી.સી. ૬૯૦: [૨૦૦૫] ૩ સપ્લી. એસ.સી.આર. ૧૭૦; યોગેશ રામચંદ્ર નાયકવાડી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૮) ૫ એસ.સી.સી. ૬૫૨: [૨૦૦૮] ૫ એસ.સી.આર. ૪૫૬; અનુરાગ કુમાર સિંઘ વિ. સ્ટેટ ઓફ ઉત્તરાખંડ (૨૦૧૬) ૯ એસ.સી.સી. ૪૨૬; નિધિ કૈમ અને અન્ય વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ અને અન્ય (૨૦૧૭) ૪ એસ.સી.સી. ૧; ચેરમેન એન્ડ મેનેજીંગ ડિરેક્ટર એફસીઆઈ વિ. જગદીશ બલરામ બાહિરા ૨૦૧૭ (૭) જેટી ૧૨૫; શ્રી શિવાજી શિક્ષણ સંસ્થા અને અન્ય વિ. રાજુ લક્ષ્મણ ગડેકર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૫૫/૨૦૧૫); સ્ટેટ ઓફ

મહારાષ્ટ્ર વિ. રાજુ લક્ષ્મણ ગડેકર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૫૭/૨૦૧૫); સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. કુ. છાયા ડી/ઓ. હેમરાજ નિમજે અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૬૦/૨૦૧૫); સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિ. શ્રીમતી અરુંધતી સુરેશ નિનાવે અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૯૨૦૩–૦૪/૨૦૧૫); મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ વિ. નાગનાથ બાબુરાવ માંગરૂળે અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૯૨૬/૨૦૧૫); સુરેશ એસ/ઓ. દેવાજી વૈરાગડે વિ. ધ કંટ્રોલર જનરલ, ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ, ઈન્દિરા ભવન, સિવિલ લાઈન્સ, નાગપુર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૧૯૧૮/૨૦૧૦); રાજેન્દ્ર એસ/ઓ. રામાજી માહિસબડવે વિ. ધ જોઈન્ટ કમિશનર એન્ડ વાઈસ–ચેરમેન શિડ્યુલ્ડ ટ્રાઈબ, કાસ્ટ સર્ટિફિકેટ સ્કુટિની કમિટી અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૫૪/૨૦૧૫); છાયા ડી/ઓ. યાદવરાવ બારપાત્રે @ છાયા ડબલ્યુ/ઓ. રાજીવ ઢાકતે વિ. ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૯૧૫૮–૫૯/૨૦૧૫); રવિન્દ્ર ગોવિંદરાવ નાગપુરકર વિ. સેક્રેટરી, રાજસ્થાન એજ્યુકેશન સોસાયટી વાશિમ અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૮૬૦૪–૦૫/૧૭ @ એસએલપી (સી) નંબરો ૩૩૮૬૪–૬૫/૨૦૧૫); શ્રી શિવાજી એજ્યુકેશન સોસાયટી અને અન્ય વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૬૦૧/૧૭ @ એસએલપી (સી) નંબર ૨૮૯/૨૦૧૬); હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વિ. મુરલીધર અર્જુન નેવારે અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૮૬૦૨–

૦૩/૧૭ @ એસએલપી (સી) નંબરો ૫૨૯–૩૦/૨૦૧૬); ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન વિ. વિવેકકુમાર લજ્જાશંકર ચૌરસિયા (સિવિલ અપીલ નંબર ૮૬૦૭/૧૭ @ એસએલપી નંબર ૧૪૮૩૦/૨૦૧૫); મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી વિ. રાજેન્દ્ર રામચંદ્ર ઢાકતે અને અન્ય (સિવિલ અપીલ ૮૬૦૯/૧૭ @ એસએલપી (સી) નંબર ૧૩૪૦૯/૨૦૧૫); સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. વસંત, એસ/ઓ. જ્ઞાનદેવ ગોન્નાડે (સિવિલ અપીલ ૮૬૦૬/૧૭ @ એસ.એલ.પી. (સી) નંબર ૧૯૯૯૨/૨૦૧૫); સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. કુ. વિજયા દેવરાવ નંદનવાર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૯૧૦૭/૨૦૧૫); ઈશ્વર શ્રાવણ નિખારે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૭૧૮૭/૨૦૧૩); એકનાથ બારીકરાવ ધનવડે વિ. ડિવિઝનલ કંટ્રોલર, સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને અન્ય (સિવિલ અપીલ ૮૬૦૮/૧૭ @ એસએલપી (સી)... સીસી નંબર ૧૦૮૮૯/૨૦૧૫); પ્રદીપ ગજાનન કોળી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૫૯૮/૧૭ @ એસએલપી (સી) ૧૮૯૨૫/૨૦૧૪); યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય વિ. સૂર્યકાંત અને અન્ય (સિવિલ અપીલ નંબર ૮૫૯૭/૧૭ @ એસએલપી (સી) નંબર ૧૬૮૫૨/૨૦૧૬); એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (લુબ્સ), ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ વિ. અશોક મહાદેવરાવ પાથરાબે અને અન્ય (સિવિલ અપીલ નંબરો ૮૫૯૯–૮૬૦૦/૧૭ @ એસએલપી (સી) નંબરો ૨૯૩૮૮–૮૯/૨૦૧૬); ધ સ્ટેટ

ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિ. રૂપેશ એસ/ઓ. ટેકસિંઘ શિંદે (સિવિલ અપીલ નંબરો ૮૬૧૦/૧૭ @ એસએલપી (સી) નંબર ૨૨૯૯/૨૦૧૭) – સંદર્ભ લેવામાં આવ્યો.

| કેસ લો સંદર્ભ | | |
|---|---|---|
| (૧૯૮૬) ૧ બોમ સીઆર ૪૦૩ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૧૦ |
| [૨૦૦૫] ૩ સપ્લી. એસ.સી.આર. ૧૭૦ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૧ |
| [૨૦૦૭] ૬ એસ.સી.આર. ૩૮૮ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૨ |
| [૨૦૦૭] ૧ એસ.સી.આર. ૯૬૦ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૩ |
| [૨૦૦૮] ૫ એસ.સી.આર. ૪૫૬ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૫ |
| [૨૦૦૬] ૨ એસ.સી.આર. ૨૧૨ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૫ |
| [૨૦૦૬] ૮ સપ્લી. એસ.સી.આર. ૧૦૫ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૫ |
| [૨૦૦૮] ૧૧ એસ.સી.આર. ૩૧૯ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૫ |
| [૨૦૦૬] ૫ સપ્લી. એસ.સી.આર. ૨૮૨ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૬ |
| (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૪૮૮ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૭ |
| [૨૦૦૮] ૧૨ એસ.સી.આર. ૯૯૨ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૮ |
| (૨૦૦૮) ૧૪ એસ.સી.સી. ૫૪૫ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૮ |
| (૨૦૧૦) ૧૪ એસ.સી.સી. ૪૮૯ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૮ |
| (૨૦૧૦) ૧૫ એસ.સી.સી. ૫૩૭ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૮ |

| | | |
|---|---|---|
| [૨૦૧૧] ૧૨ એસ.સી.આર. ૯૮૬ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૮ |
| [૨૦૧૧] ૧૩ એસ.સી.આર. ૪૭૫ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૨૮ |
| [૨૦૧૪] ૧ એસ.સી.આર. ૩૫૦ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૧ |
| [૧૯૯૩] ૩ સપ્લી. એસ.સી.આર. ૮૭૨ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૧ |
| [૨૦૧૬] ૩ એસ.સી.આર. ૭૭૩ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૨ |
| (૨૦૦૭) ૧ એમએચ. એલ.જે ૪૨૩ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૩ |
| (૨૦૦૪) ૩ એમએચ. એલ જે ૧૧૦૯ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૩ |
| (૨૦૦૯) ૨ એમએચ. એલ.જે. ૭૮૮ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૩ |
| (૨૦૦૯) ૪ એમએચ એલ.જે. ૮૪૭ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૪ |
| (૨૦૧૩) ૧ એમએચ. એલજે ૧૩૯ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૩૪ |
| [૨૦૦૫] ૩ સપ્લી. એસ.સી.આર. ૧૭૦ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૪૦ |
| [૨૦૦૭] ૬ એસ.સી.આર. ૩૮૮ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૪૦ |
| [૨૦૦૮] ૨ એસ.સી.આર. ૧૦૯૬ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૪૦ |
| [૨૦૦૮] ૫ એસ.સી.આર. ૪૫૬ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૪૦ |
| (૨૦૧૬) ૯ એસ.સી.સી. ૪૨૬ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૪૭ |
| (૨૦૧૭) ૪ એસ.સી.સી. ૧ | સંદર્ભ લેવામાં આવ્યો | પેરા ૫૫ |
| [૧૯૯૪] ૬ એસ.સી.સી. ૨૪૧ | આધાર રાખવામાં આવ્યો | પેરા ૫૭ |
| [૨૦૦૦] ૫ સપ્લી. એસ.સી.આર. ૬૫ | સ્પષ્ટતા કરવામાં આવી અને અનુસરવામાં આવ્યો | પેરા ૪૦, ૫૭ |

| | | |
|---|---|---|
| **[૨૦૦૪] ૧ એસ.સી.આર. ૩૬૦** | **આધાર રાખવામાં આવ્યો** | **પેરા ૫૭** |
| **[૨૦૦૮] ૨ એસ.સી.આર. ૧૦૯૬** | **આધાર રાખવામાં આવ્યો** | **પેરા ૫૭** |
| **[૨૦૧૨] ૭ એસ.સી.આર. ૨૫૧** | **રદબાતલ** | **પેરા ૫૭** |
| **[૨૦૧૩] ૧૨ એસ.સી.આર. ૮૦૭** | **રદબાતલ** | **પેરા ૫૭** |
| **(૨૦૧૫) ૧ એમએચ એલ.જે. ૪૫૭** | **અસ્વીકૃત** | **પેરા ૫૭** |
| **૨૦૧૭ (૭) જેટી ૧૨૫** | **સંદર્ભ લેવામાં આવ્યો** | **પેરા ૫૮** |

સિવિલ એપેલેટ જ્યુરિસડિક્શન: સિવિલ અપીલ નંબર ૮૯૨૮/૨૦૧૫.

રિટ પિટિશન નંબર ૧૦૦૮૮/૨૦૧૩ માં બોમ્બે હાઈકોર્ટના તારીખ ૦૪.૦૪.૨૦૧૪ ના ચુકાદા અને હુકમમાંથી સાથે સિવિલ અપીલ નંબર ૧૯૧૮/૨૦૧૦ સિવિલ અપીલ નંબર ૭૧૮૭/૨૦૧૩ સિવિલ અપીલ નંબરો ૯૧૫૫, ૯૧૫૭, ૯૧૬૦, ૯૨૦૩–૯૨૦૪, ૮૯૨૬, ૯૧૫૪, ૯૧૫૮–૯૧૫૯ અને ૯૧૦૭/૨૦૧૫ સિવિલ અપીલ નંબરો ૮૬૦૪–૦૫, ૮૬૦૧, ૮૬૦૨–૦૩, ૮૬૦૭, ૮૬૦૯, ૮૬૦૬, ૮૫૯૮, ૮૫૯૭, ૮૫૯૯–૮૬૦૦, ૮૬૧૦ અને ૮૬૦૮/૨૦૧૭.

ઉપસ્થિત પક્ષકારો તરફે મનિન્દર સિંઘ, પી. એસ. નરસિંહા એએસજીઓ, કોલિન ગોન્સાલ્વિસ, હુઝેફા અહમદી, બી. એચ. મારલાપલ્લે, વરિષ્ઠ એડવોકેટો, અલી કમ્બર ઝૈદી, સત્ય મિત્રા, સત્યજીત એ. દેસાઈ, કુ. એ. એસ. દેસાઈ, કુ. ઈન્દ્રા સાહની, રાજીવ શુક્લા, શુભમ સક્સેના, દેબેશ

પાંડા, અનિરુદ્ધ એ. જોશી, રાજીવ એમ. રોય, ગોપાલ બલવંત સાઠે, નિશાંત રામાકાંતરાવ કાત્નેશ્વરકર, કિશોર લંબટ, કુ. અદિતિ દેશપાંડે, રબીન મજુમદાર, સંજય ખાર્ડે, સુનિલ કુમાર વર્મા, કુ. અનઘા એસ. દેસાઈ, આકાશ કાકડે, સોમનાથ પધાન, મનિષ પિતાલે, કુ. ડી. એસ. માતવનકર, ચંદર શેખર આશ્રી, રવિન્દ્ર કેશવરાવ અડસુરે, આનંદ લાંડગે, સિદ્ધેશ્વર એન. બિરાદાર, કુ. એન. શોભા, શ્રી રામ જે. થલાપથી, વી. અધિમૂલમ, શિલ્પ વિનોદ, અનિરુદ્ધ એ. જોશી, રાજીવ મહેશ્વરાનંદ રોય, ઉદય બી. દુબે, એમ. વાય. દેશમુખ, સુશીલ કરંજકર, કે. એન. રાય, બી. કૃષ્ણા પ્રસાદ, કુ. શ્રેયા ભટનાગર, સિદ્ધેશ કોલવાલ, નલિન કોહલી, પી. કે. મલ્લિક, આર. બી. યાદવ, પિયુષ શર્મા, પ્રભાસ બજાજ, અક્ષય અમૃતઅંશુ, પ્રવીણ જૈન, શ્રીમતી ગુંજન સિન્હા જૈન, ટી. એસ. સિદ્ધુ, મુકેશ કુમાર, સિમરનજીત સિંઘ, વિકાસ સોની, (મેસર્સ એમ. વી. કિની એન્ડ એસોસિએટ્સ માટે), કુ. શુભાંગી તુલી, રોહન શર્મા, અજીત વાઘ, કિશોર લંબટ, (મેસર્સ લંબટ એન્ડ એસોસિએટ્સ માટે), મનિષ પિતાલે, કુ. ડી. એસ. માતવનકર, સી. એસ. આશ્રી, કુ. શિખા સરીન, રાજેશ કુમાર, ઈ. સી. અગ્રવાલા, કુ. અદિતિ દેશપાંડે, (મેસર્સ લંબટ એન્ડ એસોસિએટ્સ માટે), ગગન સાંઘી, રામેશ્વર પ્રસાદ ગોયલ, સુધાંશુ એસ. ચૌધરી, નિર્નિમેષ દુબે, કુ. મંજુ જેતલી, ડી. એસ. મહરા, વિવેક સી. સોલશે, સી. જી. સોલશે, કુ. આસ્થા દીપ, એસ. એમ. જાધવ, (મેસર્સ એસ. એમ. જાધવ એન્ડ કંપની માટે), કુંદલ

કુમાર લાલ, યશ પાલ ધીંગરા, સુહાસ કદમ, (મેસર્સ લેમેક્સ લોયર્સ એન્ડ કંપની માટે), એડવોકેટો.

કોર્ટનો ચુકાદો **ન્યાયમૂર્તી ડો. ડી. વાય. ચંદ્રચૂડ** દ્વારા આપવામાં આવેલ.

૧. એસએલપી (સી)......સીસી નંબર ૧૦૮૮૯/૨૦૧૫ માં વિલંબ માફ કરવામાં આવે છે.

૨. સ્પેશિયલ લીવ પિટિશનોમાં લીવ મંજૂર કરવામાં આવે છે.

**એ પરિપ્રેક્ષ્ય**

૩. સંવિધાનના ઘડવૈયાઓએ ભારતીય સમાજના ઐતિહાસિક રીતે વંચિત વર્ગો દ્વારા ભોગવવામાં આવેલા સામાજિક બહિષ્કાર, આર્થિક વંચિતતા અને રાજકીય અલગતાના નિવારણ માટે હકારાત્મક પગલાં (અફર્મેટીવ એક્શન) ની નીતિની કલ્પના કરી હતી. જાહેર રોજગારીમાં જગ્યાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટેની બેઠકોનું અનામત તેમજ ચૂંટણી સંસ્થાઓમાં બેઠકો અલગ રાખવાની કલ્પના સંવિધાન દ્વારા અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકો માટે સામાજિક ન્યાયની બંધારણીય આકાંક્ષા પૂર્ણ કરવા માટે કરવામાં આવી હતી. વાસ્તવિક સમાનતાના બંધારણીય લક્ષ્યની શોધમાં, અનામતને લાભાર્થી જૂથોના સભ્યોને સંવિધાન તેની મૂળભૂત ફિલસૂફી તરીકે જે ગૌરવ, સ્વતંત્રતા અને મુક્તિની બાંહેધરી આપે છે તે સાચા અર્થમાં સાકાર કરવા સક્ષમ બનાવવાના સાધન તરીકે વિચારવામાં આવ્યું છે. પરંતુ વિધાનમંડળો, નીતિ નિર્માતાઓ તેમજ અદાલતો

(કાયદાના શાસનના અમલકર્તા તરીકે) સમક્ષ જે સમસ્યા આવી છે તે એવા વ્યક્તિઓ દ્વારા હકારાત્મક પગલાંના કાર્યક્રમોના લાભો પચાવી પાડવાની છે જેઓ વાસ્તવિક રીતે લાભાર્થી જૂથોના નથી. આ પ્રકારનું પચાવી પાડવું એ એક ગંભીર પરિમાણ ઊભું કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ જે જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે અનામત નિર્ધારિત છે તેમાં આવતી નથી, તે તેના સભ્ય તરીકે પોતાને ખપાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે આવી યુક્તિ સંવિધાન સાથેનો કપટ બને છે. એક બાબત એ છે કે જે વ્યક્તિ કલ્યાણકારી પગલાંના લાભ માટે હકદાર નથી તે લાભ મેળવે છે. બીજી બાબત એ છે કે આ તે લાભાર્થીને કાયદેસરના હક્કથી વંચિત કરે છે જે તે લાભો મેળવવા માટે સાચે જ હકદાર છે. આ એક અત્યંત ગંભીર બંધારણીય કપટ બને છે. તે સંવિધાનની જોગવાઈઓનો અમલ કરતા કાયદાઓ સાથેનો કપટ છે. તે રાજ્યની નીતિ સાથેનો કપટ છે. આ સમસ્યાનો સામનો કરીને, વિધાનમંડળોએ વૈધાનિક સાધનો દ્વારા હસ્તક્ષેપ કર્યો છે જ્યારે કારોબારીએ, કાયદાના અમલમાં, લાભોનું અનધિકૃત અધિગ્રહણ રોકવા માટે વહીવટી માપદંડો અને માર્ગદર્શિકાઓ નક્કી કરી છે.

૪. કોર્ટ સમક્ષ ઉપસ્થિત કેસોના આ જૂથમાં એવી વ્યક્તિઓ સંકળાયેલી છે જેમણે લાભાર્થી જૂથના હોવાના દાવાના આધારે જાહેર રોજગારીનો લાભ મેળવ્યો હતો, જે તપાસ પર અમાન્ય જણાયો છે. અનુસૂચિત જાતિ અથવા, યોગ્ય કિસ્સામાં, અનુસૂચિત જનજાતિ અથવા પછાત સમુદાયના હોવાના દાવાને અમાન્ય ઠેરવવા છતાં, ન્યાયિક પુનરાવલોકનની સત્તાના ઉપયોગમાં

કોર્ટના હસ્તક્ષેપનો આશરો લેવામાં આવે છે. અધિકારક્ષેત્રનો આશરો લેવાનો આધાર એવા દાવામાં રહેલો છે કે સમય વીતવાની સાથે સમાનતા (ઈક્વિટી) ઉદ્ભવે છે અને આ સમાનતાઓ કાં તો હાઈકોર્ટ દ્વારા (અનુચ્છેદ ૨૨૬ હેઠળના તેના અધિકારક્ષેત્રના ઉપયોગમાં) અથવા આ કોર્ટ દ્વારા (જ્યારે તે અનુચ્છેદ ૧૪૨ હેઠળ સંપૂર્ણ ન્યાય કરવાનું બંધારણીય કાર્ય કરે છે ત્યારે) રક્ષણ મેળવવા સક્ષમ છે. આથી કેસોનું વર્તમાન જૂથ એ મૂળભૂત પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે શું આવી સમાનતાઓ કાયદા હેઠળ ટકી શકે તેવી છે અને, જો એમ હોય, તો જે વ્યક્તિઓ જે જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે અનામત નિર્ધારિત છે તેમાં ન આવતી હોવા છતાં અનામતનો લાભ મેળવી લીધો હોય તેમને રક્ષણ આપવા માટે કોર્ટના અધિકારક્ષેત્રને નિર્ધારિત કરતી મર્યાદાઓ કઈ છે.

૫. વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી એવી રજૂઆતોના જવાબો શોધવામાં હાઈકોર્ટો તેમજ આ કોર્ટ બંનેમાં પૂર્વચુકાદાઓનો મોટો જથ્થો વિકસિત થયો છે કે તેઓ તેમના જાતિ અથવા જનજાતિના દાવાઓ અમાન્ય ઠર્યા પછી પણ બંધારણીય કોર્ટ દ્વારા રક્ષણ મેળવવા માટે હકદાર છે. નિર્ણિત કેસો તેમાં સંકળાયેલા માનવીય તત્વ પ્રત્યે કોર્ટોની ઊંડી જાગૃતિ દર્શાવે છે. કાયદાના અક્ષરશઃ શબ્દો અને કરુણાની ભાવના વચ્ચે સંતુલન સાધવાના કોર્ટના પ્રયાસમાં, કેસ–દર–કેસ માનવીય પરિણામોના મૂલ્યાંકનને પરિણામે પરસ્પર વિરોધી અભિગમો સર્જાયા છે. ત્રણ ન્યાયમૂર્તીઓની આ બેંચ સમક્ષ ન્યાયિક પૂર્વચુકાદાઓમાંથી એક મધ્યમ માર્ગ શોધવાનું કામ હોવાથી, શરૂઆતમાં જ તે

મૂળભૂત મૂલ્યો અને દ્રષ્ટિકોણ નક્કી કરવા જરૂરી છે જેને કોર્ટે અનુસરવું જ જોઈએ. તે મૂલ્યો તેમજ દ્રષ્ટિકોણ સંવિધાન દ્વારા કોર્ટ સમક્ષ નિર્ધારિત કરવામાં આવ્યા છે અને કોર્ટ તે સંવિધાનનું જ અર્થઘટન કરે છે. અનામત બનાવવાની બંધારણીય નીતિ સામાજિક બહિષ્કાર અને માનવીય વંચિતતાની પદ્ધતિસરની પેટર્ન દ્વારા ઐતિહાસિક રીતે પીડિત જાતિઓ, જનજાતિઓ અને વર્ગોને સામાજિક નિવારણ અને ગૌરવપૂર્ણ જીવન પૂરું પાડવાના ઉચ્ચ બંધારણીય મૂલ્યને પૂર્ણ કરે છે. સંવિધાને લાભાર્થી જૂથોને આપેલા લાભો નિયુક્ત જાતિઓ અથવા જનજાતિઓમાં ન આવતા અન્ય લોકોને તે લાભ મેળવવાની મંજૂરી આપીને નષ્ટ કરી શકાય નહીં. જાહેર રોજગારી એ સામાજિક ગતિશીલતાનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે. શિક્ષણની પહોંચ સુરક્ષિત ભવિષ્યના દરવાજા ખોલે છે. સૈદ્ધાંતિક બાબત તરીકે, પોતાના બંધારણીય અધિકારક્ષેત્રના ઉપયોગમાં કોર્ટે એવા અર્થઘટન સામે મજબૂત વલણ અપનાવવું જોઈએ જે ન્યાયી ઉપર અન્યાયી દાવાઓનું, કાયદેસરતા ઉપર કપટનું અને સિદ્ધાંત ઉપર સગવડતાવાદનું રક્ષણ કરે. જેમ જેમ રાષ્ટ્રનો વિકાસ થાય છે તેમ કોર્ટની ભૂમિકા એવી સંસ્થા તરીકે હોવી જોઈએ જે બંધારણીય સિદ્ધાંતોનું પાલન કરે છે, કાયદાના શાસનનો અમલ કરે છે અને એ માન્યતાની પુનઃપુષ્ટિ કરે છે કે કપટ, સગવડતા અને છળકપટ પર આધારિત દાવાઓને માન્યતા આપવામાં આવશે નહીં. એકવાર સ્પષ્ટ ન્યાયિક રચના સાથે આ પરિમાણો સ્થાપિત થઈ જાય પછી વ્યક્તિગત કેસોમાં કોઈ સમસ્યા ઊભી થવી જોઈએ નહીં. જે વ્યક્તિઓ તેના માટે હકદાર નથી

તેમના દ્વારા બંધારણીય લાભોના અનધિકૃત અધિગ્રહણનો જવાબ કોર્ટે એવી જ રીતે આપવો જોઈએ જે કાયદાનું શાસન જાળવી રાખવાની જવાબદારી ધરાવતી સંસ્થા માટે અનુમતિપાત્ર હોય. જ્યાં સુધી અદાલતો આમ ન કરે ત્યાં સુધી, તે કપટ પર આધારિત દાવાઓને કાનૂની દાવપેચ અને અપ્રમાણિક લોકોની રચનાત્મકતા દ્વારા ટકી રહેવા માટે પ્રોત્સાહનોનો માર્ગ ખુલ્લો રાખશે.

**બી નિયમનકારી વ્યવસ્થા: માધુરી પાટીલ**

૬. તારીખ ૨૪ ફેબ્રુઆરી ૧૯૮૧ ના રોજ, મહારાષ્ટ્ર સરકારે એક જી.આર. બહાર પાડ્યો જેમાં (૧) સબ–ડિવિઝનલ ઓફિસરો પાસેથી જાતિ પ્રમાણપત્રો; અને (૨) સ્ક્રુટિની કમિટી પાસેથી માન્યતા પ્રમાણપત્રો મેળવવાની પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી હતી.

૭. ૧૯૯૪ માં, લાભાર્થી જૂથોમાં ન આવતી વ્યક્તિઓ દ્વારા વ્યવસ્થિત રીતે લાભો પચાવી પાડવાની બાબત આ કોર્ટ સમક્ષ સામે આવી હતી. આ કોર્ટ સમક્ષ, જાતિ પ્રમાણપત્રો આપવાનું નિયમન કરવા અને દાવાઓની તપાસ કરવા માટે એક માળખું નક્કી કરવાની તાતી જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી. જાતિના દાવાઓની તપાસ અને ચકાસણીની જરૂરિયાત આ કોર્ટના કુમારી માધુરી પાટીલ વિ. એડિશનલ કમિશનર, ટ્રાઇબલ ડેવલપમેન્ટ[1] ના બે ન્યાયમૂર્તીઓની બેંચના ચુકાદામાં સંબોધવામાં આવી હતી. આ ચુકાદો તારીખ ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ આપવામાં આવ્યો હતો. લાભાર્થી જૂથના હોવાના

દાવાઓની કાળજીપૂર્વક ચકાસણી થવી જોઈએ તે બાબત પર ભાર મૂકતાં આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

"...૧૩. ખોટા સામાજિક દરજ્જાના પ્રમાણપત્રના આધારે ખોટી રીતે મેળવેલ પ્રવેશ અથવા ખોટી રીતે મેળવેલી નિમણૂક અનિવાર્યપણે સંવિધાનમાં નિર્દેશિત કર્યા મુજબ અસલી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ અથવા ઓબીસી ઉમેદવારોને સંવિધાન દ્વારા આપવામાં આવેલા લાભોથી વંચિત કરવાની અસર ધરાવે છે. વાસ્તવિક ઉમેદવારોને સામાજિક દરજ્જાના પ્રમાણપત્રના અભાવે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અથવા રાજ્ય હેઠળના કાર્યાલય કે પદો પર નિમણૂક પણ નકારવામાં આવે છે. અપાત્ર અથવા બનાવટી વ્યક્તિઓ જે ખોટી રીતે પ્રવેશ મેળવે છે તેઓ વિલંબકારી યુક્તિઓનો આશરો લે છે અને સ્ક્રુટિની કમિટી દ્વારા તપાસ પૂર્ણ કરવામાં અવરોધો ઊભા કરે છે...."

૮. અનામત માટે નિર્ધારિત અનુસૂચિત જાતિ અથવા જનજાતિ અથવા, યોગ્ય કિસ્સામાં, પછાત સમુદાયના હોવાના ઉમેદવારોના દાવાઓની તપાસ માટે રાજ્ય સરકારો દ્વારા સમિતિઓની રચના કરવા માટે આ કોર્ટના ચુકાદામાં વિગતવાર માર્ગદર્શિકાઓ ઘડવામાં આવી હતી. આ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં નિયુક્ત જાતિ અથવા જનજાતિના હોવાના દાવાની પ્રમાણિકતા નક્કી કરવા માટે સ્થાનિક તપાસ કરતી વિજિલન્સ સેલ્સની રચનાની કલ્પના કરવામાં આવી હતી. કોર્ટે અન્ય બાબતોની સાથે નીચે મુજબના નિર્દેશો જારી કર્યા હતા:

"૧૩......(૧૪). જો મેળવેલ પ્રમાણપત્ર અથવા દાવો કરેલ સામાજિક દરજ્જો ખોટો જણાય, તો ખોટો દાવો કરવા બદલ માતાપિતા/વાલી/ઉમેદવાર સામે કાર્યવાહી થવી જોઈએ. જો કાર્યવાહી આરોપીની દોષસિદ્ધિ અને સજામાં પરિણમે, તો તેને નૈતિક અધઃપતન સંબંધી ગુનો, રાજ્ય અથવા સંઘ હેઠળના ચૂંટાયેલા પદો અથવા હોદ્દાઓ માટે અથવા કોઈપણ સ્થાનિક સંસ્થા, વિધાનમંડળ અથવા સંસદની ચૂંટણીઓ માટે ગેરલાયકાત ગણી શકાય;

(૧૫). સ્ક્રુટિની કમિટી દ્વારા મેળવેલ પ્રમાણપત્ર ખોટું હોવાનું તારણ નોંધવામાં આવે કે તરત જ, તેને રદ અને સાથે સાથે જપ્ત કરીને, પ્રવેશ અથવા નિમણૂક રદ કરવાની વિનંતી સાથે રજિસ્ટર્ડ પોસ્ટ એડી દ્વારા સંબંધિત શૈક્ષણિક સંસ્થા અથવા નિમણૂક સત્તાધિકારીને તેની જાણ કરવી જોઈએ. પ્રવેશ આપવા માટે જવાબદાર શૈક્ષણિક સંસ્થાના પ્રિન્સિપાલ વગેરે અથવા નિમણૂક સત્તાધિકારીએ ઉમેદવારને કોઈપણ વિશેષ નોટિસ આપ્યા વિના પ્રવેશ/નિમણૂક રદ કરવી જોઈએ અને ઉમેદવારને આગળના અભ્યાસમાંથી અથવા પદ પર ચાલુ રહેવાથી બાકાત કરવો જોઈએ."

**સી હલબા / હલબી વિવાદ**

૯. ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ કાસ્ટ્સ) ઓર્ડર ૧૯૫૦ અને ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) ઓર્ડર ૧૯૫૦ બંધારણીય અનામતના હેતુ માટે દરેક રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત

જનજાતિઓની યાદી પૂરી પાડે છે. મહારાષ્ટ્ર રાજ્ય માટે અનુસૂચિત જનજાતિઓની યાદીમાં, નોંધ ૧૯ નીચે મુજબ છે:

**"હલબા, હલબી"**

૧૦. મહારાષ્ટ્ર રાજ્યમાં, નોંધ ૧૯ નો વ્યાપ વિવાદનું કારણ બન્યો હતો ખાસ કરીને હલબા–કોષ્ટી સમુદાયના લોકો નિયુક્ત જનજાતિની પેટા–જનજાતિ હોવાનો દાવો કરતા હતા. હાઈકોર્ટની ડિવિઝન બેંચે મિલિંદ શરદ કટવારે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[2] માં તારીખ ૪ સપ્ટેમ્બર ૧૯૮૫ ના રોજ આ મુદ્દા પર ચુકાદો આપ્યો હતો. ડિવિઝન બેંચે ઠેરવ્યું કે હલબા–કોષ્ટી શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડર, ૧૯૫૦ ની નોંધ ૧૯ હેઠળ "હલબા–હલબી" જનજાતિનો પેટા–વિભાગ છે. ડિવિઝન બેંચના મતે, હલબા–કોષ્ટીઓ એક નિયુક્ત જનજાતિ એટલે કે હલબા–હલબીમાં સમાવિષ્ટ હોવાના આધારે અનુસૂચિત જનજાતિના દરજ્જા માટે હકદાર હતા. આ નિષ્કર્ષ પર પહોંચતાં, ડિવિઝન બેંચે એવો અભિપ્રાય આપ્યો કે શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડર, ૧૯૫૦ માં જેનો ઉલ્લેખ નથી તેવી જનજાતિનો પેટા–વિભાગ તેમ છતાં નિયુક્ત જનજાતિનો અભિન્ન અંગ છે કે કેમ તેની તપાસ કરવાની મંજૂરી છે.

૧૧. આ કોર્ટ સમક્ષ મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા પડકારવામાં આવતાં, આ મુદ્દો બંધારણીય બેંચને સંદર્ભિત કરવામાં આવ્યો હતો અને આખરે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ[3] કેસમાં ચુકાદો આવ્યો હતો. બંધારણીય બેંચે ઠેરવ્યું કે શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડરને જેમ છે તેમ જ વાંચવો પડશે; અને કોઈ જનજાતિ

અથવા જનજાતિ સમુદાય અથવા તેનો ભાગ ચોક્કસ રીતે નિયુક્ત જનજાતિનો એક ભાગ છે તેવી રજૂઆત કરવા માટે કોઈ પુરાવા રજૂ કરી શકાતા નથી. બીજા શબ્દોમાં:

"૩૬...(૧). ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) ઓર્ડર, ૧૯૫૦ માં સંબંધિત નોંધમાં સ્પષ્ટપણે ઉલ્લેખ ન હોવા છતાં કોઈપણ જનજાતિ અથવા જનજાતિ સમુદાય અથવા કોઈપણ જનજાતિ કે જનજાતિ સમુદાયનો ભાગ કે જૂથ સામાન્ય નામમાં સમાવિષ્ટ છે તેવો નિર્ણય લેવા અથવા જાહેર કરવા માટે કોઈપણ તપાસ કરવી અથવા કોઈપણ પુરાવા આપવા દેવાની બિલકુલ મંજૂરી નથી.

(૨). શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડર જેમ છે તેમ જ વાંચવો જોઈએ. કોઈપણ જનજાતિ, પેટા–જનજાતિ, કોઈપણ જનજાતિ અથવા જનજાતિ સમુદાયનો ભાગ કે જૂથ જો શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડરમાં ચોક્કસપણે ઉલ્લેખિત ન હોય તો તે તેમાં ઉલ્લેખિત જનજાતિના સમાનાર્થી છે તેવું કહેવાની પણ મંજૂરી નથી.

(૩). અનુચ્છેદ ૩૪૨ ના ક્લોઝ (૧) હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામું, જેમાં અનુસૂચિત જનજાતિઓ નિર્દિષ્ટ કરવામાં આવી છે, તે સંસદ દ્વારા બનાવવામાં આવનાર કાયદા દ્વારા જ સુધારી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈપણ જનજાતિ અથવા જનજાતિ સમુદાય અથવા કોઈપણ જનજાતિની અંદરનો ભાગ કે જૂથ અનુચ્છેદ ૩૪૨ ના ક્લોઝ (૧) હેઠળ બહાર પાડવામાં આવેલી અનુસૂચિત જનજાતિઓની યાદીમાં માત્ર સંસદ દ્વારા કાયદા

દ્વારા જ સમાવી શકાય છે અથવા બાકાત કરી શકાય છે અને અન્ય કોઈ સત્તાધિકારી દ્વારા નહીં.

(૪). અનુચ્છેદ ૩૪૨ ના ક્લોઝ (૧) હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં નિર્દિષ્ટ અનુસૂચિત જનજાતિઓની યાદીમાં ફેરફાર, સુધારો કે બદલાવ કરવાનો અધિકાર રાજ્ય સરકારો અથવા અદાલતો કે ટ્રિબ્યુનલો અથવા અન્ય કોઈ સત્તાધિકારી પાસે નથી."

હલબા-કોષ્ટી નિયુક્ત અનુસૂચિત જનજાતિ, હલબા-હલબીનો એક ભાગ છે તેવો બોમ્બે હાઇકોર્ટનો ચુકાદો ઉલટાવી દેવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૧૪૧ હેઠળ આ કોર્ટ દ્વારા કાયદાની જાહેરાતે બોમ્બે હાઈકોર્ટ દ્વારા દર્શાવવામાં આવેલી કાયદાની સ્થિતિને નકારી કાઢી હતી. ભારપૂર્વક જણાવવું જોઈએ કે, આ ભૂતકાળલક્ષી અસર વિના ભવિષ્યલક્ષી રદબાતલ (પ્રોસ્પેક્ટિવ ઓવર-રૂલિંગ) નો કેસ નહોતો.

૧૨. મિલિંદ કેસમાં બંધારણીય બેંચે નિયુક્ત જાતિઓ અને જનજાતિઓ માટે અનામત રાખેલા લાભો તેમાં ન આવતી વ્યક્તિઓ દ્વારા પચાવી પાડવાની મ  જૂરી આપવાના જોખમો પર વિચાર કર્યો હતો. અનુચ્છેદ ૩૪૧ અને ૩૪૨ હેઠળ જારી કરાયેલા રાષ્ટ્રપતિના આદેશો દ્વારા અનામત રાખવામાં આવેલા લાભો કોઈ ઢોંગી દ્વારા પચાવી પાડવાની મંજૂરી આપવાથી અનામતનો હેતુ નિષ્ફળ જશે. બંધારણીય બેંચના નીચે મુજબના અવલોકનોમાં આ બાબત પર સંક્ષિપ્તમાં ભાર મૂકવામાં આવ્યો હતો:

"૩૫....પ્રવેશ અને રોજગારીની બાબતોમાં અનામતના લાભો મેળવવાના બંધારણીય હેતુ માટે તેમાં ઉલ્લેખિત અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં આવતા જરૂરિયાતમંદ અને લાયક લોકોને માન્યતા આપવા અને ઓળખવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૪૧ અને ૩૪૨ હેઠળ રાષ્ટ્રપતિના આદેશો બહાર પાડવામાં આવે છે. જો આ લાભો એવા લોકો દ્વારા છીનવી લેવામાં આવે કે જેમના માટે તે નથી, તો જે લોકો માટે તે ખરેખર છે અથવા નિર્ધારિત છે તેઓ તેનાથી વંચિત રહેશે અને તેમની યાતનાઓ ચાલુ રહેશે. અનુસૂચિત જનજાતિમાં ન આવતા ઉમેદવારોને પ્રવેશ અથવા નિમણૂકોમાં અનામતના લાભો મેળવવાની મંજૂરી આપવી એ સંવિધાનના આદેશ અને યોજનાની વિરુદ્ધ જઈને અનામતની જ મજાક ઉડાવવા સમાન છે."

૧૩. મિલિંદ શરદ કટવારે, જેમનો કેસ ૧૯૮૫ માં બોમ્બે હાઈકોર્ટથી આ કોર્ટ સુધી પહોંચ્યો હતો, તેઓ બંધારણીય બેંચે ૨૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ આ મુદ્દાનો ઉકેલ લાવ્યો ત્યાં સુધીમાં ડોક્ટર તરીકે લાયકાત મેળવી ચૂક્યા હતા. તેમણે વચગાળાના સમયમાં ઉદ્ભવેલી સમાનતા (ઈક્વિટી) ના લાભનો દાવો કર્યો હતો. નીચે મુજબના અવલોકનોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આખરી નિર્દેશોમાં તેને માન્યતા આપવામાં આવી હતી:

"૩૮. સામાવાળા ૧ વર્ષ ૧૯૮૫-૮૬ માટે મેડિકલ કોર્સમાં જોડાયા હતા. અત્યાર સુધીમાં લગભગ ૧૫ વર્ષ વીતી ગયા છે. અમને જણાવવામાં આવ્યું છે કે તેમણે અભ્યાસક્રમ પૂરો કરી લીધો છે અને કદાચ તેઓ ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરી

રહ્યા છે. આ સ્થિતિમાં અને આટલા લાંબા સમય પછી તેમનો પ્રવેશ રદ કરવો એ કોઈના હિતમાં નથી. મેડિકલ કોર્સ પૂર્ણ કરવા માટે દરેક ઉમેદવાર પાછળ મોટી રકમ ખર્ચવામાં આવે છે. કોઈ શંકા નથી કે સામાવાળા ૧ ને આપવામાં આવેલા પ્રવેશથી અનુસૂચિત જનજાતિનો એક ઉમેદવાર મેડિકલ કોર્સમાં જોડાવાથી વંચિત રહ્યો હતો. જો સામાવાળા ૧ સામે કોઈ પગલાં લેવામાં આવે, તો તેનાથી સમાજને એવા ડોક્ટરની સેવાથી વંચિત રાખવાનું પરિણામ આવી શકે છે જેના પર જાહેર નાણાં પહેલેથી જ ખર્ચાઈ ચૂક્યા છે. આ સંજોગોમાં, આ ચુકાદો તેમણે મેળવેલી ડિગ્રી અને ડોક્ટર તરીકેની તેમની પ્રેક્ટિસને અસર કરશે નહીં. પરંતુ અમે સ્પષ્ટ કરીએ છીએ કે તેઓ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડર હેઠળ આવતી અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો કરી શકશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, તેઓ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડરનો આગળ અથવા અન્ય કોઈ બંધારણીય હેતુ માટે લાભ લઈ શકશે નહીં. સમય પસાર થવાને ધ્યાનમાં રાખીને, આપેલ સંજોગોમાં, એસએલપી (સી) નંબર ૧૬૩૭૨/૧૯૮૫ અને અન્ય સંબંધિત બાબતોમાં આ કોર્ટ દ્વારા પસાર કરાયેલા વચગાળાના આદેશો સહિત, અમે સ્પષ્ટ કરીએ છીએ કે જે પ્રવેશો અને નિમણૂકો આખરી બની ગયા છે, તે આ ચુકાદાથી અપ્રભાવિત રહેશે."

ઉપરોક્ત અંશનો પાછળનો ભાગ કોર્ટ સમક્ષના અન્ય કેસોને આવરી લેતો હતો. આ અવલોકનો વાંચતાં કોઈ શંકા રહેતી નથી કે આ કોર્ટે ડોક્ટર તરીકે લાયકાત મેળવી ચૂકેલા ઉમેદવારને મળેલા લાભોનું રક્ષણ કરવા માટે અનુચ્છેદ

૧૪૨ હેઠળ પોતાની બંધારણીય સત્તાનો આશરો લીધો હતો, જોકે એ શરત સાથે કે તેઓ ભવિષ્યમાં અનુસૂચિત જનજાતિના હોવાના દરજ્જાનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. પાછળના ભાગે, સમય વીતવાને અને કેસોના જૂથમાં પસાર કરાયેલા વચગાળાના આદેશોને ધ્યાનમાં રાખીને, જે નિમણૂકો અને પ્રવેશો આખરી બની ગયા હતા તેનું રક્ષણ કર્યું હતું. આ નિર્દેશો સ્પષ્ટપણે સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ હતા.

**ડી મહારાષ્ટ્રમાં કાયદો**

૧૪. મહારાષ્ટ્ર રાજ્યના વિધાનમંડળે ધ મહારાષ્ટ્ર શિડ્યુલ્ડ કાસ્ટ્સ, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ, ડી–નોટિફાઇડ ટ્રાઇબ્સ (વિમુક્ત જાતિઝ), નોમેડિક ટ્રાઇબ્સ, અધર બેકવર્ડ ક્લાસીસ એન્ડ સ્પેશિયલ બેકવર્ડ કેટેગરી (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરિફિકેશન ઓફ) કાસ્ટ સર્ટિફિકેટ એક્ટ, ૨૦૦૦ ઘડ્યો. આ કાયદો જાતિ પ્રમાણપત્રો આપવા, દાવાઓની તપાસ અને ચકાસણી તેમજ દાવો અમાન્ય ઠરવા પર આવનારા પરિણામોનું નિયમન કરવા માટે એક વૈધાનિક માળખું પૂરું પાડીને, તે રાજ્ય માટે માધુરી પાટીલ કેસમાં આ કોર્ટના નિર્ણયમાં વ્યક્ત કરાયેલી ચિંતાઓનું અનિવાર્યપણે ધ્યાન રાખે છે. આ કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી અને તે ૨૩ મે ૨૦૦૧ ના રોજ ગેઝેટમાં પ્રકાશિત થયો હતો. તારીખ ૧૭ ઓક્ટોબર ૨૦૦૧ ના જાહેરનામા દ્વારા, આ કાયદો કલમ ૧(૨) મુજબ ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં આવ્યો. કલમ ૩ અનુસાર અનુસૂચિત જાતિ અથવા જનજાતિ, અન્ય પછાત વર્ગ અથવા અન્ય કોઈ

નિર્દિષ્ટ જનજાતિ કે સમુદાયના હોવાનો દાવો કરતી દરેક વ્યક્તિ કે જે જાહેર રોજગારી અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવવા માંગે છે અથવા સ્થાનિક સત્તામંડળ કે સહકારી મંડળીમાં ચૂંટણી લડવા માંગે છે તેણે રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ સક્ષમ સત્તાધિકારીને જાતિ પ્રમાણપત્ર આપવા માટે અરજી કરવી જરૂરી છે. કલમ ૪ સક્ષમ સત્તાધિકારીને દાવાની પ્રમાણિકતા વિશે સંતોષ થયા પછી જાતિ પ્રમાણપત્ર આપવાની સત્તા આપે છે. કલમ ૬ માં રાજ્ય સરકારે કલમ ૪(૧) હેઠળ રચાયેલા સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા આપવામાં આવેલા જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે સ્ક્રુટિની કમિટીઓની રચના કરવી જરૂરી છે. કલમ ૬ ની પેટા-કલમ (૨) માં જાતિ પ્રમાણપત્રના લાભાર્થીએ જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે અને માન્યતા પ્રમાણપત્ર મેળવવા માટે સ્ક્રુટિની કમિટીને અરજી સબમિટ કરવી જરૂરી છે. નિમણૂક સત્તાધિકારીએ પણ તેવી જ રીતે પેટા-કલમ (૩) દ્વારા જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવા માટે સ્ક્રુટિની કમિટીને અરજી કરવી જરૂરી છે. કલમ ૬ નીચે મુજબ છે:

"૬. (૧) સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા, કલમ ૪ ની પેટા-કલમ (૧) હેઠળ સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા જારી કરાયેલ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે એક અથવા વધુ સ્ક્રુટિની કમિટી(ઓ) ની રચના કરશે અને સદર જાહેરનામામાં આવી દરેક સ્ક્રુટિની કમિટી અથવા કમિટીઓના કાર્યો અને અધિકારક્ષેત્રનો વિસ્તાર નિર્દિષ્ટ કરશે.

(૨) સક્ષમ સત્તાધિકારી પાસેથી જાતિ પ્રમાણપત્ર મેળવ્યા પછી, કલમ ૩ માં દર્શાવેલા હેતુઓ માટે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિમુક્ત જાતિઓ, ભટકતી જાતિઓ, અન્ય પછાત વર્ગો અથવા વિશેષ પછાત વર્ગને આપવામાં આવતા લાભો અથવા છૂટછાટો મેળવવા ઇચ્છતી કોઈપણ વ્યક્તિ, આવા જાતિ પ્રમાણપત્રની ચકાસણી અને માન્યતા પ્રમાણપત્ર જારી કરવા માટે નિયત કરવામાં આવે તેવા ફોર્મમાં અને તેવી રીતે સંબંધિત સ્ક્રુટિની કમિટીને સમયસર અરજી કરી શકે છે.

(૩) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, સ્થાનિક સત્તામંડળ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી મંડળીઓ અથવા અન્ય કોઈપણ સરકાર અનુદાનિત સંસ્થાઓના નિમણૂક સત્તાધિકારી, સરકાર, સ્થાનિક સત્તામંડળ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી મંડળીઓ અથવા અન્ય કોઈપણ સરકાર અનુદાનિત સંસ્થાઓમાં નિમણૂક માટે પસંદ કરાયેલ વ્યક્તિ કે જેણે આવું પ્રમાણપત્ર મેળવ્યું નથી તેના કિસ્સામાં, જાતિ પ્રમાણપત્રની ચકાસણી અને માન્યતા પ્રમાણપત્ર જારી કરવા માટે સ્ક્રુટિની કમિટીઓ દ્વારા નિયત કરવામાં આવે તેવા ફોર્મમાં અને તેવી રીતે અરજી કરશે.

(૪) સ્ક્રુટિની કમિટી જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે નિયત પ્રક્રિયાનું પાલન કરશે અને ચકાસણી તથા માન્યતા પ્રમાણપત્ર આપવા માટે નિયત સમયમર્યાદાનું પાલન કરશે."

કલમ ૭ "ખોટા પ્રમાણપત્રો" જપ્ત કરવા અને રદ કરવાની જોગવાઈ કરે છે. કલમ ૭ નીચે મુજબ છે:

"૭. (૧) જ્યાં, આ કાયદો શરૂ થતાં પહેલાં અથવા પછી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિમુક્ત જાતિઓ, ભટકતી જાતિઓ, અન્ય પછાત વર્ગો અથવા વિશેષ પછાત વર્ગમાં ન આવતી વ્યક્તિએ પોતે અથવા તેના બાળકો આવી જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગોના છે તે مطلبનું ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવ્યું હોય, ત્યાં સ્ક્રુટિની કમિટી, સુઓ મોટો અથવા અન્યથા રેકર્ડ મંગાવી શકે છે અને આવા પ્રમાણપત્રની ચોકસાઈની તપાસ કરી શકે છે અને જો તેનો એવો અભિપ્રાય હોય કે પ્રમાણપત્ર કપટપૂર્વક મેળવવામાં આવ્યું હતું, તો તે સંબંધિત વ્યક્તિને સાંભળવાની તક આપ્યા પછી, નિયત પ્રક્રિયાનું પાલન કરીને હુકમ દ્વારા પ્રમાણપત્ર રદ અને જપ્ત કરશે, અને સંબંધિત વ્યક્તિ તથા સંબંધિત સત્તાધિકારી, જો કોઈ હોય તો, ને તેની જાણ કરશે.

(૨) આ કાયદા હેઠળ સ્ક્રુટિની કમિટી દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ આખરી રહેશે અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ હાઈકોર્ટ સિવાય અન્ય કોઈપણ સત્તાધિકારી અથવા અદાલત સમક્ષ તેને પડકારી શકાશે નહીં."

કલમ ૮ પુરાવાના બોજા સાથે સંબંધિત છે અને તે એવી કલ્પના કરે છે કે સક્ષમ સત્તાધિકારી દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટેની કોઈપણ અરજીમાં; સક્ષમ સત્તાધિકારી અથવા સ્ક્રુટિની કમિટી અથવા એપેલેટ ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવેલી કોઈપણ તપાસમાં; અને કાયદા હેઠળના કોઈપણ ગુનાની

ટ્રાયલમાં, વ્યક્તિ આવી જાતિ, જનજાતિ અથવા વર્ગની છે તે સાબિત કરવાનો બોજો દાવેદાર–અરજદાર પર રહેશે. કલમ ૧૦ જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરવાના પરિણામની જોગવાઈ કરે છે અને તે નીચે મુજબ છે:

"૧૦. (૧) જે કોઈ વ્યક્તિ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિમુક્ત જાતિઓ, ભટકતી જાતિઓ, અન્ય પછાત વર્ગો અથવા વિશેષ પછાત વર્ગમાં ન આવતી હોવા છતાં, ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને આવી જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે અનામત રાખેલી બેઠક પર કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવે છે, અથવા સરકાર, સ્થાનિક સત્તામંડળ અથવા સરકારની માલિકીની કે નિયંત્રણ હેઠળની અન્ય કોઈપણ કંપની કે કોર્પોરેશનમાં અથવા સરકાર અનુદાનિત કોઈપણ સંસ્થા કે સહકારી મંડળીમાં આવી જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે અનામત રાખેલા પદ પર કોઈપણ નિમણૂક મેળવે છે, તે સ્ક્રુટિની કમિટી દ્વારા જાતિ પ્રમાણપત્ર રદ થતાં, સંબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી બાકાત થવાને પાત્ર રહેશે, અથવા યોગ્ય કિસ્સામાં, સદર નોકરીમાંથી તાત્કાલિક મુક્ત થવાને પાત્ર રહેશે અને પૂર્વોક્ત મુજબ આવી વ્યક્તિ દ્વારા આવા પ્રવેશ અથવા નિમણૂકના આધારે ભોગવવામાં આવેલા અથવા મેળવેલા અન્ય કોઈપણ લાભો તાત્કાલિક પાછા ખેંચી લેવામાં આવશે.

(૨) સરકાર અથવા અન્ય કોઈપણ એજન્સી દ્વારા આવી વ્યક્તિને શિષ્યવૃત્તિ, અનુદાન, ભથ્થું અથવા અન્ય નાણાકીય લાભ તરીકે ચૂકવવામાં

આવેલી કોઈપણ રકમ આવી વ્યક્તિ પાસેથી જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલ કરવામાં આવશે.

(૩) હાલ અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, જાતિ પ્રમાણપત્ર જે ત્યારબાદ ખોટું સાબિત થાય છે તેના આધારે કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યા પછી આવી વ્યક્તિ દ્વારા પ્રાપ્ત કરાયેલ કોઈપણ ડિગ્રી, ડિપ્લોમા અથવા અન્ય કોઈપણ શૈક્ષણિક લાયકાત પણ, સ્ક્રુટિની કમિટી દ્વારા આવું જાતિ પ્રમાણપત્ર રદ થતાં, રદ ગણાશે.

(૪) હાલ અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, જો કોઈ વ્યક્તિએ આવી જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાનું ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવીને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિમુક્ત જાતિઓ, ભટકતી જાતિઓ, અન્ય પછાત વર્ગો અથવા વિશેષ પછાત વર્ગ માટે અનામત રાખેલી બેઠક પર સ્થાનિક સત્તામંડળ, સહકારી મંડળી અથવા કોઈપણ વૈધાનિક સંસ્થાની ચૂંટણી લડી હોય, તો સ્ક્રુટિની કમિટી દ્વારા આવું ખોટું જાતિ પ્રમાણપત્ર રદ થતાં તે કોઈપણ વૈધાનિક સંસ્થાના સભ્ય બનવા માટે ગેરલાયક ઠરશે, અને આવી વ્યક્તિ દ્વારા મેળવેલા કોઈપણ લાભો જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલવાપાત્ર રહેશે અને આવી વ્યક્તિની ચૂંટણી ભૂતકાળની અસરથી સમાપ્ત થયેલી ગણાશે."

કલમ ૧૧ ગુનાઓ અને દંડ સાથે સંબંધિત છે અને નીચે મુજબ છે:

"૧૧.(૧) જે કોઈ, –

(એ) ખોટી માહિતી આપીને અથવા ખોટું નિવેદન કે દસ્તાવેજો રજૂ કરીને અથવા અન્ય કોઈપણ કપટપૂર્ણ માધ્યમ દ્વારા ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવે છે; અથવા

(બી) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિમુક્ત જાતિઓ, ભટકતી જાતિઓ, અન્ય પછાત વર્ગો અથવા વિશેષ પછાત વર્ગમાં ન આવતી વ્યક્તિ હોવા છતાં, ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને સરકાર, સ્થાનિક સત્તામંડળ અથવા સરકારની માલિકીની કે નિયંત્રણ હેઠળની અન્ય કોઈપણ કંપની કે કોર્પોરેશનમાં અથવા કોઈપણ સરકાર અનુદાનિત સંસ્થામાં આવી જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે વિશિષ્ટ રીતે અનામત રાખેલા કોઈપણ લાભો અથવા નિમણૂકો મેળવે છે, અથવા આવી જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે વિશિષ્ટ રીતે અનામત રાખેલી બેઠક પર કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવે છે અથવા આવી જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે અનામત રાખેલા પદ સામે કોઈપણ સ્થાનિક સત્તામંડળ કે સહકારી મંડળીના કોઈપણ ચૂંટણી પદ પર ચૂંટાય છે;

તે, દોષસિદ્ધિ પર, સખત કેદની સજાને પાત્ર રહેશે જેની મુદત છ મહિના કરતાં ઓછી નહીં હોય પરંતુ બે વર્ષ સુધી લંબાવી શકાશે અથવા દંડ જે બે હજાર રૂપિયા કરતાં ઓછો નહીં હોય અથવા બંને સાથે સજા થશે.

(૨) સ્ક્રુટિની કમિટી દ્વારા અથવા આ હેતુ માટે સ્ક્રુટિની કમિટી દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરાયેલા અન્ય કોઈપણ અધિકારી દ્વારા લેખિતમાં કરવામાં

આવેલી ફરિયાદ સિવાય કોઈ પણ કોર્ટ આ કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની નોંધ લેશે નહીં."

કલમ ૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓને કલમ ૧૨ હેઠળ કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર બનાવવામાં આવ્યા છે. કલમ ૧૩ સક્ષમ સત્તાધિકારીના કાર્યો બજાવતી વ્યક્તિ કે જે જાણીજોઈને ખોટું જાતિ પ્રમાણપત્ર આપે છે તેના પર ફોજદારી દંડ લાદે છે.

૧૫. ૨૦૦૦ ના કાયદાના ઘડતર દ્વારા મહારાષ્ટ્ર રાજ્યમાં વૈધાનિક હસ્તક્ષેપ જાતિ/જનજાતિ પ્રમાણપત્રો આપવાથી શરૂ કરીને જાતિ/જનજાતિના દાવાઓની તપાસ અને ચકાસણી તેમજ ખોટા દાવા પર મળેલા લાભો પાછા ખેંચવા સુધીના ક્ષેત્રને આવરી લેતું વૈધાનિક માળખું અમલમાં મૂકે છે. કાયદા હેઠળ શિક્ષાપાત્ર એવા ફોજદારી ગુનાઓની વ્યવસ્થા ઊભી કરીને ઉલ્લંઘન કરનારાઓ સામે કડક દંડની જોગવાઈ કરવામાં આવી છે. જાતિ પ્રમાણપત્ર માટેની અરજી રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલા નિયુક્ત સત્તાધિકારીને કરવાની રહેશે. સક્ષમ સત્તાધિકારીએ જાતિ પ્રમાણપત્ર આપતા પહેલાં દાવાની સત્યતા વિશે સંતુષ્ટ થવું પડશે. જાતિ પ્રમાણપત્ર આપવાથી પોતાની મેળે તપાસનું સ્તર પૂર્ણ થતું નથી. તપાસનો આગળનો તબક્કો સ્ક્રુટિની કમિટી સમક્ષ વિચારવામાં આવ્યો છે જેને કાયદાની જોગવાઈઓ દ્વારા વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો છે. કલમ ૬ પેટા-કલમ (૨) માં આદેશ આપે છે કે જે વ્યક્તિ નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગને આપવામાં આવતા લાભ અથવા છૂટછાટ

મેળવવા માંગે છે તેણે જાતિ પ્રમાણપત્રની ચકાસણી અને માન્યતા પ્રમાણપત્ર આપવા માટે સ્ક્રુટિની કમિટીને સમયસર અરજી કરવી પડશે. એટલું જ નહીં, નિમણૂક માટે પસંદ કરાયેલ વ્યક્તિના જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવા માટે નિમણૂક સત્તાધિકારી સ્ક્રુટિની કમિટી સમક્ષ જવા માટે બંધાયેલા છે. કલમ ૭ સ્ક્રુટિની કમિટીને સુઓ મોટો અથવા અન્યથા જાતિ પ્રમાણપત્રની ચોકસાઈની તપાસ કરવાની સત્તા આપે છે અને, જો તેનો એવો અભિપ્રાય હોય કે પ્રમાણપત્ર કપટપૂર્વક મેળવવામાં આવ્યું હતું, તો તે સાંભળવાની વાજબી તક પૂરી પાડ્યા પછી તેને રદ અને જપ્ત કરશે. કલમ ૭ તમામ જાતિ પ્રમાણપત્રોના સંદર્ભમાં લાગુ પડે છે પછી ભલે તે કાયદો શરૂ થતાં પહેલાં મેળવવામાં આવ્યા હોય કે પછી. જો કોઈ વ્યક્તિ દ્વારા પોતાને અથવા તેના બાળકોને નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાનો દાવો કરીને ખોટી રીતે જાતિ પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું હોય, તો સ્ક્રુટિની કમિટી તે કપટપૂર્વક મેળવવામાં આવ્યું હોવાનો અભિપ્રાય રચાતાં તેને રદ કરવા માટે સક્ષમ છે. કોઈ વ્યક્તિ નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગની છે તે બાબત અરજદારની જાણમાં રહેલી હકીકતો પર આધારિત છે અને તેથી કલમ ૮ દ્વારા પુરાવાનો બોજો દાવેદાર પર મૂકવામાં આવ્યો છે.

૧૬. ઉમેદવાર દ્વારા નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાના ખોટા દાવા પર આધારિત જાતિ પ્રમાણપત્ર માત્ર અમાન્ય ઠેરવવા પૂરતું રાજ્ય વિધાનમંડળ સ્પષ્ટપણે સંતુષ્ટ નહોતું. કલમ ૬(૨) જોગવાઈ કરે છે કે જે

ઉમેદવાર લાભ મેળવવા માંગે છે તેણે ચકાસણી માટે સ્ક્રુટિની કમિટીને સમયસર અરજી કરવી પડશે અને તેવી જ રીતે જે ઉમેદવાર નિમણૂક માટે પસંદ થયો છે પરંતુ તેણે માન્યતા પ્રમાણપત્ર મેળવ્યું નથી તેના નિમણૂક સત્તાધિકારીએ ચકાસણી માટે સ્ક્રુટિની કમિટીને અરજી કરવી પડશે. જોકે વિધાનમંડળ એ હકીકતથી વાકેફ હતું કે સ્ક્રુટિની કમિટી સમક્ષ તપાસ થાય ત્યાં સુધીમાં ઉમેદવારે જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે અનામત છૂટછાટનો લાભ મેળવી લીધો હોઈ શકે છે. જાહેર હિતની બાબત તરીકે, કાયદો નિર્ધારિત કરે છે કે સ્ક્રુટિની કમિટી દ્વારા દાવાને અમાન્ય ઠેરવવામાં આવતાં ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા ખેંચી લેવામાં આવશે. કલમ ૧૦(૧) નો વ્યાપ અન્ય બાબતોની સાથે નિયુક્ત જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો પૈકીના એક માટે અનામત રાખેલી બેઠક પર શૈક્ષણિક સંસ્થામાં મેળવેલા પ્રવેશ; સરકાર, સ્થાનિક સત્તામંડળ અથવા સરકારની માલિકીની કે નિયંત્રણ હેઠળની કોર્પોરેશન અથવા કોઈપણ સરકારી સંસ્થા કે સહકારી મંડળીમાં અનામત પદ સામેની નિમણૂક સુધી વિસ્તરે છે. અમાન્ય ઠરેલા ખોટા જાતિ દાવાના પાયા પર મેળવેલો લાભ ઉમેદવાર પાસે જાળવી રાખવાની મંજૂરી નથી. જાતિ/જનજાતિ પ્રમાણપત્ર રદ થતાં જ પ્રવેશ અથવા પદ પરની નિમણૂકનો લાભ તાત્કાલિક પાછો ખેંચી લેવાનો વૈધાનિક આદેશ છે. શિષ્યવૃત્તિ, અનુદાન, ભથ્થું અથવા નાણાકીય લાભો તરીકે ચૂકવવામાં આવેલી કોઈપણ રકમ જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલ કરવાની રહેશે. કલમ ૧૦ ની પેટા–કલમ (૩) માં નોન–

ઓબ્સટેન્ટ (ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં) જોગવાઈ છે જેના પરિણામે હાલ અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, ખોટું સાબિત થયેલ અને રદ કરાયેલ જાતિ પ્રમાણપત્રના આધારે પ્રવેશ મેળવ્યા પછી વ્યક્તિ દ્વારા પ્રાપ્ત કરાયેલ ડિગ્રી, ડિપ્લોમા અથવા શૈક્ષણિક લાયકાત પણ અમાન્ય બનશે. તેવી જ રીતે, પેટા–કલમ (૪) દ્વારા ચૂંટણી પદ ધારણ કરવા પર ગેરલાયકાત નિર્ધારિત કરવામાં આવી છે જ્યાં કોઈ વ્યક્તિએ ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડી હોય જે સ્ક્રુટિની કમિટી દ્વારા રદ કરવામાં આવ્યું હોય. તેના દ્વારા બનાવવામાં આવેલી કડક જોગવાઈઓ પૂરતો અવરોધ ઊભો કરે તે સુનિશ્ચિત કરવા માટે, વિધાનમંડળે તેની વિવેકબુદ્ધિમાં કલમ ૧૧ માં ગુનાઓ ઊભા કરવા અને ફોજદારી દંડ લાદવાનું યોગ્ય માન્યું.

૧૭. જાતિ પ્રમાણપત્ર રદ થવાથી ઉદ્ભવતા પરિણામો અલગ–અલગ છે. પહેલું પરિણામ એ નિયુક્ત જનજાતિ, જૂથ અથવા વર્ગના હોવાના દાવાના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવાનું છે જે અમાન્ય ઠેરવવામાં આવ્યું છે. આ દીવાની સ્વરૂપનું છે જેના દ્વારા અરજદાર સ્ક્રુટિની કમિટી દ્વારા રદ કરાયેલા ખોટા જાતિ પ્રમાણપત્રના લાભોથી વંચિત થાય છે. બીજું પરિણામ ફોજદારી કાર્યવાહીને આધીન થવાની જવાબદારી છે. આ વિધાનમંડળ દ્વારા નિર્મિત ગુનામાંથી ઉદ્ભવતી ફોજદારી જવાબદારી છે.

**ઈ પૂર્વચુકાદાઓ**

૧૮. આ કોર્ટના કેટલાક નિર્ણયોએ વિચારણા કરી છે કે શું જે વ્યક્તિએ અનામત ક્વોટા પર જાહેર રોજગારી અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશનો લાભ મેળવ્યો છે તે જનજાતિ અથવા જાતિના હોવાના દાવાને અમાન્ય ઠેરવવા છતાં મેળવેલા લાભો જાળવી રાખવા માટે હકદાર છે. આવા તમામ કેસોમાં, સમાનતા (ઇક્વિટી) ની દલીલ કરવામાં આવે છે, જેમાં મુખ્ય દલીલ નિયુક્ત જાતિ અથવા જનજાતિના હોવાના દાવાના આધારે લાભો પ્રાપ્ત કર્યા પછી સમય વીતી ગયો હોવાની છે. નિર્ણિત કેસો દર્શાવે છે તેમ, સમાનતા માટેનો દાવો "સ્વૈચ્છિક" બાંહેધરી સાથે જોડાયેલો હોય છે કે તે વ્યક્તિ પોતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની છે જેના આધારે મૂળ નિમણૂક અથવા પ્રવેશ મેળવ્યો હતો તે આધારે ભવિષ્યમાં કોઈ લાભ મેળવશે નહીં કે દાવો કરશે નહીં. શૈક્ષણિક સંસ્થાઓમાં, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશના કિસ્સામાં, વધારાનું કારણ જે વારંવાર રજૂ કરવામાં આવે છે તે એ છે કે ભૂતકાળમાં મેળવેલા લાભો પાછા ખેંચવા એ સામાજિક નુકસાન સમાન હશે કારણ કે દવા (મેડિસિન) જેવા વિષયમાં વ્યાવસાયિકોને તાલીમ અને શિક્ષણ આપવા માટે રાષ્ટ્રના દુર્લભ ઉત્પાદક સંસાધનોનું રોકાણ કરવામાં આવે છે.

૧૯. માધુરી પાટીલ (ઉપર મુજબ) માં, બે વિદ્વાન ન્યાયમૂર્તીઓની બેંચે નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગની ન હોય તેવી વ્યક્તિ દ્વારા સમાનતા

(ઈક્વિટી) નો દાવો શા માટે સ્વીકારી શકાય નહીં તે અંગે એક સૈદ્ધાંતિક તર્ક રજૂ કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું:

"૧૬. અપીલકર્તાઓ તેમના અભ્યાસમાં આગળ ચાલુ રહેવા માટે હકદાર છે કે કેમ તે આગળનો પ્રશ્ન છે. ઘણીવાર આગળના અભ્યાસક્રમ ચાલુ રાખવા અને પૂર્ણ કરવા માટે સમાનતા (ઈક્વિટી) અથવા પ્રોમિસરી એસ્ટોપલની દલીલ કરવામાં આવે છે અને સામાન્ય રીતે અદાલતો તેને અનુકૂળ ગણે છે. આમુખ, મૂળભૂત અધિકારો અને સંવિધાનના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નિર્ધારિત બંધારણીય લક્ષ્યો પ્રાપ્ત થાય તે જોવાની પોતાની ન્યાયિક પુનરાવલોકનની સત્તાના ઉપયોગમાં અદાલતોની બંધારણીય ફરજ અને જવાબદારી છે. જે પક્ષ સમાનતા (ઈક્વિટી) ઇચ્છે છે, તેણે સ્વચ્છ હાથો સાથે આવવું જોઈએ. જે વ્યક્તિ ખોટા દાવા સાથે કોર્ટમાં આવે છે, તે સમાનતાની દલીલ કરી શકતી નથી કે કોર્ટ તેની તરફેણમાં સમાનતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવા માટે યોગ્ય ગણાશે નહીં. કોઈ એસ્ટોપલ નથી કારણ કે જ્યારે એસસી અને એસટી (એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૭૬ દ્વારા સુધારાયેલ સંવિધાન હેઠળના રાષ્ટ્રપતિના આદેશ દ્વારા માન્ય અને જાહેર કરાયેલ સામાજિક દરજ્જા માટે ખોટી દલીલ કરવામાં આવી હતી, જે પાછળથી ખોટી જણાય છે, ત્યારે રાજ્ય દ્વારા સામાજિક દરજ્જાનું કોઈ વચન આપવામાં આવ્યું નથી. તેથી, પ્રોમિસરી એસ્ટોપલ અથવા સમાનતા (ઈક્વિટી) ની દલીલ લાગુ પડતી નથી. જ્યારે સંબંધિત વ્યક્તિ દ્વારા કપટ આચરવામાં આવ્યો હોવાનું જણાય, ત્યારે કોઈ સહાનુભૂતિ અને સમાનતાના વિચારો તેના

બચાવમાં આવી શકતા નથી. તેમજ અસલી જનજાતિઓ અથવા જાતિઓને આપવામાં આવેલી લાભદાયક બંધારણીય છૂટછાટો અને તકો માટે એસ્ટોપલની દલીલ સુસંગત નથી. આવા કેસોની વિચારણા કરતી વખતે અદાલતો સાવધ અને સતર્ક રહેશે."

જોકે, તે કેસની હકીકતો પર બે ન્યાયમૂર્તીઓની બેંચે કપટપૂર્વક મેળવેલા મહાદેવ કોળીના દરજ્જાને રદ રાખવાનું માન્ય રાખતાં, એવો નિર્દેશ આપ્યો કે જે વિદ્યાર્થીનીએ તબીબી અભ્યાસ પૂર્ણ કર્યો હતો તેને એમ.બી.બી.એસ. ડિગ્રી કોર્સની અંતિમ વર્ષની પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવે પરંતુ અનુસૂચિત જનજાતિના ઉમેદવાર તરીકે નહીં. કોર્ટને જે સંજોગો ધ્યાને આવ્યા તે એ હતા કે એડિશનલ કમિશનર કેસ હાથ ધરતા ન હોવાથી વિદ્યાર્થીનીએ જાતિ પ્રમાણપત્ર આપવા માટે હાઈકોર્ટનો આશરો લીધો હતો. વિદ્યાર્થીનીએ હાઈકોર્ટના નિર્દેશ અનુસાર પ્રવેશ મેળવ્યો હતો. વિદ્યાર્થીનીના માતા–પિતાએ વિદ્યાર્થીનીની કારકિર્દી જોખમમાં મૂકી હતી અને તેણીએ પરીક્ષામાં બેસવા સિવાયનો પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરી લીધો હોવાથી; તેણીને તેમ કરવાની મંજૂરી આપવી જોઈએ. ઉપરોક્ત નિર્દેશો બે અપીલકર્તાઓ પૈકીની એક, સુચિતા લક્ષ્મણ પાટીલના કેસમાં આપવામાં આવ્યા હતા. જોકે, તેણીની બહેન માધુરી (જે પ્રથમ અપીલકર્તા હતી) અધિકારક્ષેત્ર વિનાના અધિકારી પાસે પહોંચી હોવાનું જણાયું હતું અને તેણીની બહેન સુચિતાના કેસમાં હાઈકોર્ટનો આદેશ દર્શાવ્યા પછી, જાતિ પ્રમાણપત્ર મેળવીને પ્રવેશ મેળવ્યો હતો. આ કોર્ટે અવલોકન કર્યું કે ભલે

તે બીજા વર્ષમાં તેના બી.ડી.એસ. ના અભ્યાસની વચ્ચે હતી, છતાં તે મહાદેવ કોળી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીની તરીકે ચાલુ રહી શકે નહીં. તે માત્ર સામાન્ય ઉમેદવાર તરીકે પ્રવેશ મેળવી શકે છે અને પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે છે. આ નિર્દેશો અનુચ્છેદ ૧૪૨ હેઠળ આ કોર્ટને આપવામાં આવેલા અધિકારક્ષેત્રને સંદર્ભિત છે.

૨૦. આ મુદ્દા પર સુસંગત આગળનો નિર્ણય આ કોર્ટના ત્રણ ન્યાયમૂર્તીઓનો આર. વિશ્વનાથ પિલ્લઈ વિ. સ્ટેટ ઓફ કેરળ[4] કેસનો ચુકાદો છે. તે કેસમાં ઋપીલકર્તા જે નિયુક્ત અનામત સમુદાયનો નહોતો તેણે જાતિ પ્રમાણપત્ર મેળવ્યું અને અનુસૂચિત જાતિઓ માટે અનામત બેઠક પર ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ તરીકે પસંદગી પામ્યો. જોકે, ફરિયાદ પર માલૂમ પડ્યું કે અપીલકર્તા અનુસૂચિત જાતિનો નહોતો અને સ્ક્રુટિની કમિટીએ તેનો દાવો ફગાવી દીધો. સ્ક્રુટિની કમિટીના આદેશને હાઈકોર્ટ અને આ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ અપીલકર્તાની વિનંતી પર સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે નિર્દેશ આપ્યો કે અનુચ્છેદ ૩૧૧ હેઠળની પ્રક્રિયાનું પાલન કર્યા વિના તેમની સેવા સમાપ્ત કરવી જોઈએ નહીં. હાઈકોર્ટે તે નિર્ણય ઉલટાવી દીધો અને અપીલકર્તાને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા. આ કોર્ટ સમક્ષ અપીલકર્તાએ અન્ય બાબતોની સાથે રક્ષણ માંગ્યું કારણ કે તેમણે લગભગ ૨૭ વર્ષની સેવા આપી હતી. રજૂઆતને નકારતાં આ કોર્ટે ઠેરવ્યું કે:

"૧૫. આ ઉપરાંત, અપીલકર્તાએ પોતે અનુસૂચિત જાતિ સમુદાયનો હોવાના આધારે સેવામાં નિમણૂક મેળવી હતી. જ્યારે સ્ક્રુટિની કમિટી દ્વારા માલૂમ પડ્યું કે તે અનુસૂચિત જાતિ સમુદાયનો નથી, ત્યારે તેની નિમણૂકનો મૂળ આધાર જ છીનવાઈ ગયો. કાયદાની નજરમાં તેની નિમણૂક કોઈ નિમણૂક નહોતી. તે પદ પર હકનો દાવો કરી શકે નહીં કારણ કે તેણે કપટ આચરીને અને ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને અનામત ઉમેદવાર માટે નિર્ધારિત પદ પચાવી પાડ્યું હતું. જ્યાં સુધી અપીલકર્તા પોતાની નિમણૂકના આધારે પદ પર દાવો ન કરી શકે ત્યાં સુધી તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧ હેઠળ આપવામાં આવેલી બંધારણીય ગેરંટીનો દાવો કરી શકે નહીં. તેણે ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે નિમણૂક મેળવી હોવાથી તેને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧ ના અર્થમાં પદ ધારણ કરનાર વ્યક્તિ ગણી શકાય નહીં. સ્ક્રુટિની કમિટી દ્વારા નોંધવામાં આવેલ તારણ કે અપીલકર્તાએ ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે નિમણૂક મેળવી હતી તે આખરી બની ગયું છે. તેથી સ્થિતિ એવી છે કે અપીલકર્તાએ તે પદ પચાવી પાડ્યું છે જે અનુસૂચિત જાતિના સભ્યને મળવું જોઈતું હતું. સ્ક્રુટિની કમિટી દ્વારા નોંધાયેલા અને આ કોર્ટ સુધી માન્ય રાખવામાં આવેલા તારણને ધ્યાનમાં રાખીને તેણે તે પદ ધારણ કરવા માટે પોતાને ગેરલાયક ઠેરવ્યો છે. નિમણૂક શરૂઆતથી જ રદબાતલ (વોઈડ) હતી. એવું કહી શકાય નહીં કે સદર રદબાતલ નિમણૂક અપીલકર્તાને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧ ના અર્થમાં દીવાની પદ ધારણ કરતો હોવાનો દાવો કરવા સક્ષમ

બનાવશે. અપીલકર્તાએ કપટ આચરીને નિમણૂક મેળવી હોવાથી તેને સેવામાં પ્રવેશવામાં પોતાના કપટનો લાભ લેવાની અને પોતે પદ ધારણ કરનાર હોવાથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અનુસાર કાર્યવાહી થવાને હકદાર હોવાનો દાવો કરવાની મંજૂરી આપી શકાય નહીં. જ્યાં સેવામાં નિમણૂક કપટ અથવા છેતરપિંડી આચરીને મેળવવામાં આવી હોય ત્યાં આવી નિમણૂક કાયદામાં, સેવામાં કોઈ નિમણૂક નથી અને આવી પરિસ્થિતિમાં સંવિધાનનો અનુચ્છેદ ૩૧૧ બિલકુલ લાગુ પડતો નથી."

ત્રણ ન્યાયમૂર્તીઓની બેંચે એવી રજૂઆતને પણ નકારી કાઢી હતી કે અપીલકર્તાએ ૨૭ વર્ષની સેવા આપી હોવાથી, તેમના પેન્શનના લાભોનું રક્ષણ કરવા માટે બરતરફીના આદેશને ફરજિયાત નિવૃત્તિ અથવા સેવામાંથી દૂર કરવાના આદેશમાં બદલવો જોઈએ. કોર્ટે અવલોકન કર્યું:

"૧૯..... જાહેર સેવામાં પગાર, પેન્શન અને અન્ય સેવા લાભોના અધિકારો સંપૂર્ણપણે વૈધાનિક પ્રકૃતિના છે. અપીલકર્તાએ ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને અને કપટ આચરીને અનામત ઉમેદવાર માટેના પદ સામે નિમણૂક મેળવી હતી. પદ પર તેની નિમણૂક કાયદાની નજરમાં રદબાતલ અને શૂન્યવત હતી. નિવૃત્તિ પછી પગાર અથવા પેન્શનનો અધિકાર માન્ય અને કાયદેસરની નિમણૂકમાંથી ઉદ્ભવે છે. પેન્શન અને નાણાકીય લાભોનો પરિણામી અધિકાર માત્ર ત્યારે જ આપી શકાય જો નિમણૂક માન્ય અને કાયદેસર હોય. આવા લાભો એવા કેસમાં આપી શકાય નહીં જ્યાં નિમણૂક કપટપૂર્વક મેળવી હોવાનું જણાયું

હોય અને તે ખોટા જાતિ પ્રમાણપત્ર પર આધારિત હોય. જે વ્યક્તિએ ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને સેવામાં પ્રવેશ મેળવ્યો અને અનુસૂચિત જાતિ માટેના પદ માટે નિમણૂક મેળવી અને આમ વાસ્તવિક અનુસૂચિત જાતિને તે પદ પરની નિમણૂકથી વંચિત રાખી તે આ કોર્ટની કોઈપણ સહાનુભૂતિ કે કૃપાને પાત્ર નથી. જે વ્યક્તિ સમાનતા (ઇક્વિટી) ઇચ્છે છે તેણે સ્વચ્છ હાથો સાથે આવવું જોઈએ. જે વ્યક્તિ ખોટા દાવાઓ સાથે કોર્ટમાં આવે છે, તે સમાનતાની દલીલ કરી શકતી નથી કે કોર્ટ તેની તરફેણમાં સમાનતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવા માટે યોગ્ય ગણાશે નહીં. જે વ્યક્તિ સમાનતા ઇચ્છે છે તેણે ન્યાયી અને સમાન રીતે વર્તવું જોઈએ. જે વ્યક્તિએ કપટ આચરીને ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે નિમણૂક મેળવી હોય તેના કેસમાં સમાનતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકાય નહીં. કોઈ સહાનુભૂતિ અને સમાનતાની વિચારણા તેના બચાવમાં આવી શકતી નથી. અમારો એવો મત છે કે જ્યાં કોઈ વ્યક્તિએ કપટ આચરીને દરજ્જો મેળવ્યો હોય તેવા કેસમાં સમાનતા અથવા કરુણાને કાયદાના હાથ વાળવાની મંજૂરી આપી શકાય નહીં."

૨૧. બેંક ઓફ ઇન્ડિયા વિ. અવિનાશ ડી. માંડવીકર[5] માં પ્રથમ સામાવાળાએ ઓક્ટોબર ૧૯૭૬ માં અનુસૂચિત જનજાતિઓ માટે અનામત પદ પર બેંકની સેવામાં નિમણૂક મેળવી હતી. સ્ક્રુટિની કમિટીને માલૂમ પડ્યું કે તેઓ અનુસૂચિત જનજાતિના નથી અને તેથી જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠેરવ્યું. તેમની સેવા સમાપ્ત થયા પછી પ્રથમ સામાવાળાએ હાઇકોર્ટનો આશરો લીધો જેણે

તેમની એ દલીલ સ્વીકારી કે ૧૯૮૭ માં જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે સ્ક્રુટિની કમિટી દ્વારા તેમની સામેની કાર્યવાહી શરૂ કરવી એ વાજબી સમયગાળા પછીની હતી. હાઈકોર્ટે દલીલ સ્વીકારીને તેમને પાછલા વેતન સાથે સેવામાં પુનઃસ્થાપિત કર્યા. નોકરીદાતા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલમાં આ કોર્ટે ઠેરવ્યું કે એકવાર અનુસૂચિત જનજાતિના હોવાનો કર્મચારીનો દાવો ફગાવી દેવામાં આવ્યો હતો, ત્યારે રોજગારી "કાયદાની નજરમાં કોઈ નિમણૂક નહોતી" અને તેમણે પચાવી પાડેલા પદના સંદર્ભમાં તેમના દાવા માટે "બિલકુલ કોઈ વ્યાજબીપણું નહોતું". મિલિંદ (અનુચ્છેદ ૧૪૨ હેઠળ) માં આપવામાં આવેલા નિર્દેશોને અલગ પાડતાં આ કોર્ટે ઠેરવ્યું કે:

"૧૦. મિલિંદ કેસ (ઉપર મુજબ) હેઠળનું રક્ષણ સામાવાળા નંબર ૧–કર્મચારી સુધી લંબાવી શકાય નહીં કારણ કે તે કેસની વિશિષ્ટ હકીકતોની પૃષ્ઠભૂમિ હેઠળ રક્ષણ આપવામાં આવ્યું હતું. સંબંધિત કર્મચારી ડોક્ટર હતા અને તેમણે લાંબા વર્ષોની સેવા આપી હતી. આ કોર્ટે નોંધ્યું હતું કે ડોક્ટર પાછળ જાહેર નાણાં ખર્ચવામાં આવ્યા છે અને તેથી સમાજને ડોક્ટરની સેવાથી વંચિત રાખવું યોગ્ય રહેશે નહીં. વર્તમાન કેસમાં સામાવાળા નંબર ૧–કર્મચારી બેંક કર્મચારી છે અને આ કોર્ટ સમક્ષ જે બાબત ધ્યાને લેવાઈ હતી તે તેમને લાગુ કરી શકાય નહીં."

કોર્ટના ઉપરોક્ત અવલોકનો એવો પણ સંકેત છે કે મિલિંદ કેસના પેરા ૩૮ ને અનુચ્છેદ ૧૪૨ હેઠળ જારી કરાયેલા નિર્દેશો તરીકે અર્થઘટન કરવામાં

આવ્યું હતું. કારણ કે તે આધાર પર અવિનાશ માંડવીકર કેસમાં કોર્ટે ઠેરવ્યું હતું કે ખોટા દાવાના આધારે નોકરી મેળવનાર બેંક કર્મચારીની સેવાઓનું રક્ષણ કરવા માટે કોઈ કેસ બનતો નથી. આ ઉપરાંત આ કોર્ટે એ પણ ઠેરવ્યું કે પ્રથમ સામાવાળાએ કપટ આચર્યું હોવાથી રક્ષણ માટેનો દાવો કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને સ્ક્રુટિની કમિટીના સ્પષ્ટ તારણ છતાં કે "તેમની પાસે નિમણૂક માટે વિચારણા કરવાનો પણ લેશમાત્ર અધિકાર નથી" ગેરકાયદેસર માધ્યમો દ્વારા નોકરી મેળવનાર વ્યક્તિ નિમણૂકના ફળો ભોગવવાનું ચાલુ રાખી શકે નહીં. આ કોર્ટે પોતાના નિષ્કર્ષ પર પહોંચવા માટે વિશ્વનાથ પિલ્લઈ (ઉપર મુજબ) ના અગાઉના નિર્ણય પર આધાર રાખ્યો હતો.

૨૨. બે વિદ્વાન ન્યાયમૂર્તીઓનો બીજો નિર્ણય એડિશનલ જનરલ મેનેજર/હ્યુમન રિસોર્સીસ, ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ વિ. સુરેશ રામકૃષ્ણ બુરડે[6] માં હતો જ્યાં બોમ્બે હાઇકોર્ટની ડિવિઝન બેંચે કર્મચારી ભવિષ્યમાં અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો કરશે નહીં તેવી શરતને આધીન પુનઃસ્થાપનનો આદેશ આપ્યો હતો. હલબા અનુસૂચિત જનજાતિના હોવાનો કર્મચારીનો દાવો સ્ક્રુટિની કમિટી દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યો હતો. કર્મચારીની નિમણૂક મે ૧૯૮૨ માં ક્લેરિકલ પદ પર કરવામાં આવી હતી અને ઓગસ્ટ ૧૯૯૫ માં સ્ક્રુટિની કમિટીએ શરૂઆતમાં અને ફરીથી ઓગસ્ટ ૨૦૦૧ માં રિમાન્ડના આદેશ પછી જાતિના દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. અમાન્યતાના આદેશ સામે દાખલ કરવામાં આવેલી રિટ અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી

પરંતુ ત્યારબાદ મિલિંદ (ઉપર મુજબ) ના અંતિમ પેરાના અવલોકનો પર આધાર રાખીને કર્મચારીએ પોતાની સેવાઓના રક્ષણ માટે રજૂઆત સબમિટ કરી હતી. રજૂઆત ફગાવી દેવામાં આવ્યા પછી कर्मचारी હાઈકોર્ટમાં ગયા જેણે તેમના પુનઃસ્થાપનનો નિર્દેશ આપ્યો પરંતુ એવી શરત સાથે કે તેઓ ભવિષ્યમાં અનુસૂચિત જાતિના હોવાનો લાભ દાવો કરશે નહીં. મિલિંદ (ઉપર મુજબ) ના નિર્ણયનું અર્થઘટન કરતી વખતે (જેના પર હાઈકોર્ટે આધાર રાખ્યો હતો) આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું:

"૭. હાઈકોર્ટે સામાવાળાને રાહત આપી છે અને સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪ માં આ કોર્ટની બંધારણીય બેંચના નિર્ણયના આધારે જ તેમના પુનઃસ્થાપનનો નિર્દેશ આપ્યો છે. અમારા મતે સદર ચુકાદો કાયદાનો એવો કોઈ સિદ્ધાંત સ્થાપિત કરતો નથી કે જ્યાં કોઈ વ્યક્તિ ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને નિમણૂક મેળવે છે, ત્યાં તેની સેવાઓનું રક્ષણ કરી શકાય છે અને જો તે બાંહેધરી આપે કે ભવિષ્યમાં તે અને તેના પરિવારના સભ્યો અનામત કેટેગરીમાં આવતી જાતિના સભ્ય હોવાનો કોઈ લાભ લેશે નહીં તો પુનઃસ્થાપનનો હુકમ પસાર કરી શકાય છે. બંધારણીય બેંચ દ્વારા જે પ્રશ્નોની વિચારણા જરૂરી હતી તે ચુકાદાના પ્રથમ પેરામાં જ નોંધવામાં આવ્યા છે અને તે નીચે મુજબ છે:

૧) ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) ઓર્ડર, ૧૯૫૦ માં સંબંધિત નોંધમાં ચોક્કસપણે ઉલ્લેખ ન હોવા છતાં કોઈપણ જનજાતિ અથવા જનજાતિ

સમુદાય અથવા કોઈપણ જનજાતિ કે જનજાતિ સમુદાયનો ભાગ કે જૂથ સામાન્ય નામમાં સમાવિષ્ટ છે તેવો નિર્ણય લેવા અથવા જાહેર કરવા માટે તપાસ કરવી અને પુરાવા આપવા દેવાની બિલકુલ મંજૂરી છે કે કેમ?

૨) શું મહારાષ્ટ્ર રાજ્યને લગતા સદર શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડરની નોંધ ૧૯ (હલબા/હલબી) ના અર્થમાં 'હલબા કોષ્ટી' જાતિ એક પેટા-જનજાતિ છે, ભલે તેનો ચોક્કસપણે તે રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય?

૮. બાબતની સંપૂર્ણ ચર્ચા પછી બેંચના તારણો અહેવાલના પેરા ૩૬ માં નોંધવામાં આવ્યા છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) ઓર્ડર, ૧૯૫૦ માં સંબંધિત નોંધમાં ચોક્કસપણે ઉલ્લેખ ન હોવા છતાં કોઈપણ જનજાતિ અથવા જનજાતિ સમુદાય અથવા કોઈપણ જનજાતિ કે જનજાતિ સમુદાયનો ભાગ કે જૂથ સામાન્ય નામમાં સમાવિષ્ટ છે તેવો નિર્ણય લેવા અથવા જાહેર કરવા માટે કોઈપણ તપાસ કરવી અથવા કોઈપણ પુરાવા આપવા દેવાની બિલકુલ મંજૂરી નથી. આગળ એવું ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૪૨ ના ક્લોઝ (૧) હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામું, જેમાં અનુસૂચિત જનજાતિઓ નિર્દિષ્ટ કરવામાં આવી છે, તે સંસદ દ્વારા બનાવવામાં આવનાર કાયદા દ્વારા જ સુધારી શકાય છે અને અનુચ્છેદ ૩૪૨ ના ક્લોઝ (૧) અને ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) ઓર્ડર ૧૯૫૦ હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં નિર્દિષ્ટ અનુસૂચિત જનજાતિઓની યાદીમાં ફેરફાર, સુધારો કે બદલાવ કરવાનો અધિકાર રાજ્ય સરકારો અથવા અદાલતો કે

અન્ય કોઈ સત્તાધિકારી પાસે નથી. બંધારણીય બેંચ દ્વારા જાહેર કરાયેલ કાયદો બિલકુલ એવું નક્કી કરતો નથી કે જ્યાં કોઈ વ્યક્તિ ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને નિમણૂક મેળવે છે, ત્યાં ભવિષ્યમાં તે અનામત કેટેગરીના સભ્ય હોવાનો કોઈ લાભ લેશે નહીં તેવી બાંહેધરી આપવા પર તેની સેવાઓનું રક્ષણ કરી શકાય છે."

બાબતના આ પરિપ્રેક્ષ્યમાં, સેવા સમાપ્તિનો આદેશ રદ કરવામાં અને કર્મચારીને પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપવામાં હાઈકોર્ટ ભૂલમાં હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

૨૩. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સંજય કે. નિમજે[7] માં આ કોર્ટની બે ન્યાયમૂર્તીઓની બેંચે એવા કેસ પર વિચાર કર્યો જ્યાં સામાવાળાની નિમણૂક જૂન ૧૯૯૫ માં હલબા અનુસૂચિત જનજાતિના હોવાના દાવા પર રાજ્યની સેવામાં કરવામાં આવી હતી. સ્ક્રુટિની કમિટીએ જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરતાં ઓગસ્ટ ૧૯૮૯ ના પોતાના આદેશમાં શોધી કાઢ્યું કે કર્મચારી કોષ્ટી (વિશેષ પછાત વર્ગ) હતા અને હલબા નહોતા. સામાવાળાએ સ્ક્રુટિની કમિટીના તારણો સ્વીકારી લીધા પરંતુ તારીખ ૧૫ જૂન ૧૯૯૫ ના સરકારી ઠરાવના આધારે પોતાની સેવાનું રક્ષણ માંગ્યું. આ કોર્ટે નોંધ્યું કે ૭ ડિસેમ્બર ૧૯૯૪ ના રોજ કોષ્ટીઓને વિશેષ પછાત વર્ગ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તારીખ ૧૫ જૂન ૧૯૯૫ ના જી.આર. ના સંબંધમાં, આ કોર્ટ એવા નિષ્કર્ષ પર પહોંચી કે સામાવાળાની નિમણૂક ૨૯ જૂન ૧૯૯૫ ના રોજ થઈ હોવાથી, જે જી.આર.

પછીની હતી, તેથી તેઓ તે મુજબ રક્ષણ મેળવવા માટે હકદાર નહોતા. તદુપરાંત, મહારાષ્ટ્ર રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદાની કલમ ૧૦ નો ઉલ્લેખ કરતાં આ કોર્ટે અવલોકન કર્યું કે:

"૧૬. ૨૦૦૦ નો કાયદો એક વૈધાનિક કાયદો હોવાથી કોઈપણ સરકારી ઠરાવ કરતાં પ્રબળ રહેશે. સરકારી ઠરાવ લાભદાયક સ્વરૂપનો હોઈ શકે છે પરંતુ તે સુસ્થાપિત છે કે સરકારી ઠરાવ હેઠળનો લાભ એવી વ્યક્તિ સુધી લંબાવી શકાય નહીં જે તેની પૂર્વશરતો પૂરી કરતી નથી. ગમે તે સંજોગોમાં, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૧ અને ૩૪૨ માં સમાવિષ્ટ બંધારણીય જોગવાઈઓના સંદર્ભમાં આ કોર્ટના ચુકાદાની અસર તેમજ કાયદાની જોગવાઈઓને સરકારી ઠરાવના કારણે અથવા અન્યથા હળવી કરી શકાય નહીં."

આ કોર્ટના મતે:

"૧૮. આપણે એ પણ નોંધી શકીએ છીએ કે સામાન્ય રીતે ખોટા પ્રમાણપત્રના આધારે નિમણૂક મેળવનાર વ્યક્તિ સદર લાભ જાળવી રાખી શકતી નથી. (જુઓ બેંક ઓફ ઇન્ડિયા વિ. અવિનાશ ડી. માંડવીકર [(૨૦૦૫) ૭ એસ.સી.સી. ૬૯૦: ૨૦૦૫ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૦૧૧], રામ શરણ વિ. આઈજી ઓફ પોલીસ, સીઆરપીએફ [(૨૦૦૬) ૨ એસ.સી.સી. ૫૪૧: ૨૦૦૬ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૩૫૧: (૨૦૦૬) ૨ સ્કેલ ૧૩૧] અને સુપ્રિ. ઓફ પોસ્ટ ઓફિસીસ વિ. આર. વાલાસિના બાબુ [(૨૦૦૭) ૨ એસ.સી.સી. ૩૩૫].) આ પ્રકારની પરિસ્થિતિમાં, કોર્ટ ભારતના

સંવિધાનના અનુચ્છેદ ૧૩૬ હેઠળ પોતાના વિવેકાધીન અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો ઈનકાર કરશે કે કેમ તેનો આધાર દરેક કેસની હકીકતો અને સંજોગો પર રહેશે. બાબતના આ પાસા પર તાજેતરમાં આ કોર્ટ દ્વારા સંદીપ સુભાષ પરાતે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [(૨૦૦૬) ૭ એસ.સી.સી. ૫૦૧: (૨૦૦૬) ૮ સ્કેલ ૫૦૩] માં વિચારણા કરવામાં આવી છે."

આખરે આ કોર્ટે ઠેરવ્યું કે મહારાષ્ટ્ર એક્ટ XXIII ઓફ ૨૦૦૧ ની જોગવાઈઓ લાગુ થવી જ જોઈએ. જોકે એક સમયે વિદ્યાર્થીઓ અથવા શુદ્ધ દાનતથી કામ કરનાર હોવાનું જણાયું હોય તેવા વ્યક્તિઓ પ્રત્યે ઉદારતા દર્શાવવામાં આવી હતી પરંતુ આનો "અર્થ એવો નથી કે આ કોર્ટ વૈધાનિક કાયદાની જોગવાઈઓથી વિરુદ્ધ અથવા તેની સાથે અસંગત હોય તેવો આદેશ પસાર કરશે".

૨૪. ત્રણ ન્યાયમૂર્તીઓની બેંચના ત્યારપછીના નિર્ણય યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય[8] માં કાયદાની સ્થિતિની પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી. સામાવાળાની નિમણૂક સરકારી હોસ્પિટલમાં સાયકિયાટ્રીના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે અનુસૂચિત જનજાતિના હોવાના દાવાના બળે કરવામાં આવી હતી. સ્ક્રુટિની કમિટીએ માર્ચ ૧૯૯૯ ના આદેશમાં શોધી કાઢ્યું કે તેઓ હલબા જનજાતિના હોવાનો દાવો ખોટો હતો. હાઈકોર્ટે જનજાતિના દાવાને અમાન્ય ઠેરવવાનું માન્ય રાખ્યું પરંતુ ઠેરવ્યું કે સામાવાળા પોતાના નિર્ણયની તારીખથી અનુસૂચિત જનજાતિના સભ્ય તરીકે કોઈપણ લાભ માટે હકદાર રહેશે નહીં.

પરિણામે, સામાવાળાની સેવાઓમાં ખલેલ ન પહોંચાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ કોર્ટે ઠેરવ્યું કે હાઇકોર્ટે મિલિંદ (ઉપર મુજબ) માં બંધારણીય બેંચના નિર્ણયનું ખોટું અર્થઘટન કર્યું હતું અને તે વિશિષ્ટ સંજોગોનો ઉલ્લેખ કર્યો હતો જેમાં તે કેસમાં ૧૫ વર્ષ કરતાં વધુ સમય પહેલાં મેડિકલ કોર્સમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રક્ષણ આપવામાં આવ્યું હતું. તે નિર્ણયને હાથ પરના કેસથી અલગ પાડતાં આ કોર્ટે અવલોકન કર્યું કે:

"૫...જ્યારે કોઈ વ્યક્તિ જાતિ/જનજાતિ અંગે ખોટો દાવો કરીને રોજગારી મેળવે છે, ત્યારે તે અનુસૂચિત જાતિ/જનજાતિના કાયદેસરના ઉમેદવારને રોજગારીથી વંચિત કરે છે. આવી પરિસ્થિતિમાં, યોગ્ય રસ્તો ખોટા પ્રમાણપત્રના આધારે મેળવેલી રોજગારી રદ કરવાનો છે જેથી તે પદ અનામતનો લાભ મેળવવા માટે હકદાર ઉમેદવાર દ્વારા ભરી શકાય."

પ્રથમ સામાવાળાને સેવામાં ચાલુ રાખવાનો નિર્દેશ આપતો હાઇકોર્ટનો ચુકાદો તે મુજબ રદ કરવામાં આવ્યો હતો.

૨૫. યોગેશ રામચંદ્ર નાયકવાડી વિ. ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[૭] માં, મિલિંદ (ઉપર મુજબ) માં બંધારણીય બેંચના નિર્ણયના પેરા ૩૮ માં સમાવિષ્ટ નિર્દેશ, જે લગભગ ૧૫ વર્ષ વીતી ગયા પછી પોતાનો તબીબી અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીનું રક્ષણ કરવા માટે હતો, તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ દ્વારા આ કોર્ટને આપવામાં આવેલી સત્તાને સંદર્ભિત હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. આ કોર્ટે અવલોકન કર્યું:

"૭. જોકે એવા કેસો હોઈ શકે છે જ્યાં ખોટો દાવો કરીને મેળવેલી ડિગ્રી વિદ્યાર્થીને જાળવી રાખવાની મંજૂરી આપવી યોગ્ય રહેશે નહીં. એક ઉદાહરણ એ છે જ્યાં ઉમેદવારો બનાવટી કે નકલી જાતિ પ્રમાણપત્રો રજૂ કરીને બેઠકો મેળવે છે. એવા કેસો હોઈ શકે છે, જ્યાં સારી રીતે જાણતા હોવા છતાં કે તેઓ અનુસૂચિત જનજાતિ/જાતિના નથી, ઉમેદવારો ખોટો દાવો કરે છે કે તેઓ અનુસૂચિત જનજાતિ/જાતિના છે. એવા કેસો પણ હોઈ શકે છે જ્યાં પ્રવેશની તારીખ પહેલાં પણ સ્ક્રુટિની કમિટી દ્વારા ચકાસણી પર ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો અમાન્ય ઠેરવવામાં આવ્યા હોય. એવા કેસો હોઈ શકે છે જ્યાં પ્રવેશો આખરી નિર્ણયને આધીન અદાલતો દ્વારા આપવામાં આવેલા વચગાળાના આદેશો અનુસાર હોઈ શકે છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હોય કે ઉમેદવાર પ્રવેશના આધારે કોઈપણ સમાનતા (ઈક્વિટી) નો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. મિલિંદ [(૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: ૨૦૦૧ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૧૭] અને વિશ્વનાથ પિલ્લઈ [(૨૦૦૪) ૨ એસ.સી.સી. ૧૦૫: ૨૦૦૪ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૩૫૦] માં આપવામાં આવેલ લાભ સ્વાભાવિક રીતે આવા તમામ કેસોમાં સમાન રીતે લંબાવી શકાય નહીં. દરેક કેસ તેના પોતાના ગુણદોષ પર વિચારવો પડી શકે છે. વળી જેનું પૂર્વચુકાદાનું મૂલ્ય છે તે નિર્ણયનો રેશિયો ડેસિડેન્ડી (મૂળ કાનૂની સિદ્ધાંત) છે અને કેસની વિશેષ હકીકતો અને સંજોગો પર અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાના ઉપયોગમાં રાહત આપતી વખતે જારી કરાયેલ નિર્દેશ નથી. તેથી અમારો એવો મત છે કે મિલિંદ

[(૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: ૨૦૦૧ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૧૭] અને વિશ્વનાથ પિલ્લઈ [(૨૦૦૪) ૨ એસ.સી.સી. ૧૦૫: ૨૦૦૪ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૩૫૦] ને એવા સિદ્ધાંત તરીકે ગણી શકાય નહીં કે દરેક કેસમાં જ્યાં કાસ્ટ વેરિફિકેશન કમિટી દ્વારા ઉમેદવારનો જાતિનો દાવો ફગાવી દેવામાં આવે છે, ત્યાં હકીકતો ગમે તે હોય, ઉમેદવારને પ્રવેશ અને પરિણામી ડિગ્રીનો લાભ જાળવી રાખવાની અચૂક મંજૂરી આપવી જોઈએ."

હાથ પરના કેસમાં, જોકે સ્ક્રુટિની કમિટીએ એન્જિનિયરિંગમાં પ્રોફેશનલ ડિગ્રી કોર્સમાં અપીલકર્તાના પ્રવેશ પહેલાં પણ તેના દાવાને ફગાવી દીધો હતો, છતાં હાઈકોર્ટે વચગાળાના આદેશ દ્વારા કામચલાઉ પ્રવેશ આપવાનો નિર્દેશ આપ્યો હતો. આ કોર્ટે નોંધ્યું કે એન્જિનિયરિંગ કોર્સમાં પ્રવેશ લગભગ ૧૩ વર્ષ પહેલાં મેળવવામાં આવ્યો હતો અને ઉમેદવારે પહેલેથી જ ડિગ્રી મેળવી લીધી હોવાથી, તેને એ શરતે ડિગ્રીનો લાભ જાળવી રાખવાની મંજૂરી આપવી જોઈએ કે તે અનુસૂચિત જનજાતિના સભ્ય તરીકે આગળ કોઈ લાભનો દાવો કરશે નહીં અને ફીમાંથી મુક્તિ અથવા શિષ્યવૃત્તિ આપવાના સંદર્ભમાં થયેલો કોઈપણ ખર્ચ વસૂલ કરવામાં આવશે.

આ કોર્ટના નીચે મુજબના નિર્ણયોમાં, નિયુક્ત સમુદાયમાં ન આવતી વ્યક્તિ દ્વારા ખોટા જાતિ દાવાના આધારે નિયુક્ત જાતિઓ, જનજાતિઓ અને વર્ગો માટે અનામત રાખેલ લાભ મેળવવાના કૃત્યને ઘોર ઉલ્લંઘન, સંવિધાન સાથેનો કપટ પણ ઠેરવવામાં આવ્યો છે:

(૧) અંજન કુમાર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય[10] માં આ કોર્ટે ઠેરવ્યું કે:

"૧૪...બોગસ જાતિ પ્રમાણપત્ર મેળવીને અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિમાં ન આવતી વ્યક્તિ પોતાને આવી જાતિની સભ્ય ગણાવે તે ભારતના સંવિધાન હેઠળ કપટ છે. નકલી/બોગસ જાતિ પ્રમાણપત્ર મેળવવાની અને અનામત ક્વોટામાંથી નિમણૂક/પ્રવેશ મેળવવાની અસર દૂરગામી ગંભીર પરિણામો લાવશે. ગુણવત્તા ધરાવતો અનામત ઉમેદવાર તે અનામત વર્ગથી વંચિત રહી શકે છે જેના માટે પદ અનામત છે. અનામત પદ અયોગ્ય ઉમેદવારના હાથમાં જશે અને આવા કેસોમાં તે ભારતના સંવિધાનના અનુચ્છેદો ૧૪ અને ૨૧ ના આદેશનું ઉલ્લંઘન કરનારું હશે."

(૨) સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિ. રવિ પ્રકાશ બાબુલાલસિંઘ પરમાર અને અન્ય[11] માં, આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું:

"૨૩. સંવિધાનના ઘડવૈયાઓએ નાગરિકો વચ્ચે સમાનતા પર ભાર મૂક્યો હતો. ભારતના સંવિધાનમાં રક્ષણાત્મક ભેદભાવ અને અનામતની જોગવાઈ છે જેથી વંચિત જૂથ આગળ વધેલા સમુદાયના સમાન મંચ પર આવી શકે. જો અને જ્યારે કોઈ વ્યક્તિ રાષ્ટ્રપતિના આદેશ હેઠળ આપવામાં આવેલા અનામતના લાભો અને અન્ય લાભો મેળવીને સંવિધાનની સદર લાભદાયક જોગવાઈનો અયોગ્ય લાભ ઉઠાવે છે, જોકે તે તેના માટે હકદાર નથી, ત્યારે તે માત્ર સમાજ સાથે જ કપટ નથી આચરતી પરંતુ હકીકતમાં અને તત્વતઃ

સંવિધાન સાથે કપટ આચરે છે. તેથી, જ્યારે એવી વ્યક્તિને પ્રમાણપત્ર આપવામાં આવે છે જે અન્યથા તેના માટે હકદાર નથી, ત્યારે રાજ્ય આ બાબતમાં લાચાર પ્રેક્ષક બની રહેશે તેવી દલીલ કરવી સંપૂર્ણપણે ખોટી છે."

(૩) રીજનલ મેનેજર, સેન્ટ્રલ બેંક વિ. મધુલિકા ગુરુ પ્રસાદ દાહિર [12] માં આ કોર્ટના ચુકાદામાં સમાન અવલોકનો સમાવિષ્ટ છે:

"૧૩...એ જણાવવું પૂરતું રહેશે કે થોડા નિર્ણયો સિવાય, જ્યાં તેમાં ઉદ્ભવતી વિશિષ્ટ હકીકતોના કારણે પ્રવેશ/નિમણૂક રદ કરવામાં આવી ન હતી, ન્યાયિક અભિપ્રાયની સર્વસંમતિ એ છે કે જ્યાં મૂળ નિમણૂક ખોટા જાતિ પ્રમાણપત્ર પર આધારિત હોય ત્યાં સમાનતા (ઈક્વિટી), સહાનુભૂતિ કે ઉદારતાને કોઈ સ્થાન નથી. જે વ્યક્તિ ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને સેવામાં પ્રવેશે છે અને અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ અથવા ઓબીસી, યોગ્ય કિસ્સામાં, માટેના પદ પર નિમણૂક મેળવે છે, તે સદર કેટેગરીઓ પૈકીની કોઈપણ એકમાં આવતા અસલી ઉમેદવારને તે પદ પરની નિમણૂકથી વંચિત કરે છે, તે આ કોર્ટની કોઈપણ સહાનુભૂતિ કે કૃપાને પાત્ર નથી. જે વ્યક્તિ અસત્ય અને છેતરપિંડી પર આધારિત દાવા સાથે કોર્ટમાં આવે છે તે સમાનતાની દલીલ કરી શકતી નથી કે કોર્ટ તેની તરફેણમાં સમાનતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવા માટે યોગ્ય ગણાશે નહીં....."

૨૬. હવે આપણે પૂર્વચુકાદાઓની તે શ્રેણી તરફ ધ્યાન દોરી શકીએ છીએ, જેના પર ખાનગી પક્ષકાર દાવેદારો દ્વારા આધાર રાખવામાં આવ્યો છે, તે

દર્શાવવા માટે કે કયા સંજોગોમાં આ કોર્ટ દ્વારા અનુચ્છેદ ૧૪૨ હેઠળના તેના અધિકારક્ષેત્રનો આશરો લેવામાં આવ્યો છે. સંદીપ સુભાષ પરાતે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[13], આ કોર્ટની બે ન્યાયમૂર્તીઓની બેંચનો નિર્ણય છે. પુણે યુનિવર્સિટીમાં બી.ઈ. ડિગ્રી કોર્સમાં અપીલકર્તાના પ્રવેશનો આધાર હલબા અનુસૂચિત જનજાતિના હોવાનો તેનો દાવો હતો. સ્ક્રુટિની કમિટી દ્વારા દાવો અમાન્ય ઠેરવવામાં આવ્યો હતો. સ્ક્રુટિની કમિટીના આદેશને પડકારતી રિટ અરજીમાં અપીલકર્તાને વચગાળાના આદેશનો લાભ મળ્યો હતો. આખરે રિટ પિટિશન મંજૂર કરવામાં આવી અને કાર્યવાહી સ્ક્રુટિની કમિટીને રિમાન્ડ કરવામાં આવી. રિમાન્ડ પર સ્ક્રુટિની કમિટીએ દાવો ફગાવી દીધો જેની સામે બીજી રિટ અરજી દાખલ કરવામાં આવી. રિટ પિટિશનમાં કોઈ વચગાળાની રાહત આપવામાં આવી ન હોવા છતાં અપીલકર્તાને તેનો અભ્યાસ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી અને તેણે ૨૦૦૪ માં એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. હાઈકોર્ટ સમક્ષની રિટ પિટિશન અને રિવ્યુ પિટિશન બંને ફગાવી દેવામાં આવી હતી. આ હકીકતો પર, બે ન્યાયમૂર્તીઓની બેંચે ઠેરવ્યું કે પ્રથમ દૃષ્ટિએ અપીલકર્તાનો કેસ દર્શાવે છે કે તે શુદ્ધ દાનતથી એવું માનતો હતો કે કોષ્ટી–હલબાઓ અનુસૂચિત જનજાતિના સભ્યો હતા ખાસ કરીને તેણે મિલિંદ (ઉપર મુજબ) ના નિર્ણય પહેલાં પ્રવેશ મેળવ્યો હતો. તેથી અનુચ્છેદ ૧૪૨ હેઠળ પોતાના અધિકારક્ષેત્રના ઉપયોગમાં બેંચે અવલોકન કર્યું કે તેને તેના ભાગે શુદ્ધ દાનતનો કોઈ અભાવ જણાયો નથી. નિર્ણય પછી ઠેરવે છે કે:

"૧૫...અમે, આ કેસની વિશિષ્ટ હકીકતો અને સંજોગોમાં, અપીલકર્તા દ્વારા કપટ આચરવામાં આવ્યાના કથિત પ્રશ્નમાં જવા માંગતા નથી, ખાસ કરીને જ્યારે યુનિવર્સિટીએ કોઈપણ વાંધા વિના તેને પ્રવેશ આપ્યો હતો. પ્રમાણસરતાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને અમે આમ કરી રહ્યા છીએ. અપીલકર્તા ઘણું સહન કરી ચૂક્યો છે. તે માટે તે સંપૂર્ણપણે જવાબદાર ન પણ હોઈ શકે. તે શુદ્ધ દાનતથી માનતો હોઈ શકે છે કે તે અધિસૂચિત કેટેગરીના દાયરામાં આવે છે. તેથી, અમે ખૂબ જ અનિચ્છા હોવા છતાં અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી ઉત્સાહી અને ભાવનાત્મક રજૂઆત સ્વીકારીએ છીએ કે તેને ડિગ્રી મેળવવાની મંજૂરી આપવામાં આવે. જોકે, તે મહારાષ્ટ્ર રાજ્યની તરફેણમાં રૂપિયા ૧ લાખ ચૂકવવાને આધીન રહેશે જેથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે તેને શિક્ષણ આપવા માટે ખર્ચવામાં આવેલી રકમની અમુક અંશે રાજ્યને ભરપાઈ થઈ શકે."

૨૭. તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૦૭ ના રોજ નિર્ણિત સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન વિ. જગદીશકુમાર વિઠ્ઠલરાવ પંજાનકર[14] માં, આ કોર્ટની બે ન્યાયમૂર્તીઓની બેંચે અનુચ્છેદ ૧૪૨ હેઠળના પોતાના અધિકારક્ષેત્રના ઉપયોગમાં સામાવાળાની સેવાઓનું રક્ષણ કર્યું જેમણે હલબા અનુસૂચિત જનજાતિના હોવાના દાવાના બળે ૧૯૮૪ થી કામ કર્યું હતું જોકે તેઓ કોષ્ટી હોવાનું જણાયું હતું. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓમ રાજ[15] માં બે ન્યાયમૂર્તીઓની બેંચ દ્વારા સમાન રક્ષણ આપવામાં આવ્યું છે જ્યાં સેવામાં પ્રવેશ અથવા, યોગ્ય

કિસ્સામાં, નિમણૂક હલબા અનુસૂચિત જનજાતિના હોવાના દાવાના આધારે મેળવવામાં આવી હતી જોકે સંબંધિત વ્યક્તિઓ કોષ્ટી હોવાનું જણાયું હતું. આ નિર્ણય કેસોના એક જૂથ સાથે સંબંધિત હતો જેને મિલિંદ દ્વારા આવરી લેવાયેલ ગણવામાં આવ્યા હતા.

૨૮. કર્મચારીના લાંબા સેવાકાળને આ કોર્ટની બે ન્યાયમૂર્તીઓની બેંચ દ્વારા રાજુ રામસિંઘ વસાવે વિ. મહેશ દેવરાવ ભીવાપુરકર[16] ના ચુકાદામાં અનુચ્છેદ ૧૪૨ હેઠળના અધિકારક્ષેત્રના ઉપયોગ માટેના આધાર તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. તે કેસમાં પ્રથમ સામાવાળા ઓગસ્ટ ૧૯૮૭ ના અનુસૂચિત જનજાતિ પ્રમાણપત્રના બળે સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં નોકરી કરતા હતા અને ઓગસ્ટ ૧૯૮૮ માં હાઇકોર્ટના નિર્ણયમાં અનુસૂચિત જનજાતિના સભ્ય તરીકેનો તેમનો દરજ્જો માન્ય રાખવામાં આવ્યો હતો. જોકે સ્ક્રુટિની કમિટીએ સામાવાળાના હલબા અનુસૂચિત જનજાતિના હોવાના દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. તેમ છતાં હાઇકોર્ટે ઠેરવ્યું કે ઓગસ્ટ ૧૯૮૮ નો તેનો અગાઉનો નિર્ણય આખરી બની ગયો હતો અને પ્રથમ સામાવાળાના દરજ્જા પર ફરીથી પ્રશ્ન ઉઠાવી શકાય નહીં. આ કોર્ટે પોતાના ચુકાદા દ્વારા ઠેરવ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ દ્વારા બંધારણીય યોજનાના ઉલ્લંઘનમાં કોઈ લાભ મેળવવામાં આવે છે ત્યારે બંધારણીય કપટ આચરવામાં આવે છે. હકીકતના પાયા વિના આપવામાં આવેલો હાઇકોર્ટનો અગાઉનો નિર્ણય રેસ જ્યુડિકાટા તરીકે કામ કરતો નથી તેવું ઠેરવવામાં આવ્યું હતું. જોકે બોમ્બે હાઇકોર્ટે ૧૯૮૮ માં સામાવાળા

દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી મંજૂર કરી હોવાથી અને તેઓ લાંબા સમયથી સેવામાં ચાલુ રહ્યા હોવાથી, સામાન્ય કેટેગરીના હોવાના આધારે તેમની સેવાનું રક્ષણ કરવા માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળના અધિકારક્ષેત્રનો આશરો લેવામાં આવ્યો હતો. સેવાની સુરક્ષાનો લાભ પંજાબ નેશનલ બેંક વિ. વિલાસ ગોવિંદરાવ બોકાડે[17] માં બે ન્યાયમૂર્તીઓની બેંચ દ્વારા ફરીથી આપવામાં આવ્યો હતો. વિજયકુમાર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[18], દામોદર વિ. સેક્રેટરી, ઇન્ડસ્ટ્રીયલ, એનર્જી એન્ડ લેબર ડિપાર્ટમેન્ટ[19], રાયવાડ મનોજકુમાર નિવૃત્તિરાવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[20] અને દત્તુ નામદેવ ઠાકુર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[21] માં સમાન રક્ષણ લંબાવવામાં આવ્યું છે.

૨૯. કવિતા વસંત સોલુંકે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[22] ના કેસમાં ૨૦૧૨ માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયમાં એવી પરિસ્થિતિ સંકળાયેલી હતી જ્યાં અપીલકર્તાએ હલબા હોવાનો દાવો કરીને અનુસૂચિત જનજાતિ માટે અનામત હાઇસ્કૂલમાં શિક્ષકના પદ માટે અરજી કરી હતી. તેમની નિમણૂક ઓગસ્ટ ૧૯૯૫ માં પ્રોબેશન પર કરવામાં આવી હતી અને સેવામાં કન્ફર્મ કરવામાં આવ્યા હતા. સ્ક્રુટિની કમિટી સમક્ષની કાર્યવાહીમાં બહાર આવ્યું કે અપીલકર્તા જાતિએ કોષ્ટી હતા અને હલબા નહોતા જેના પરિણામે જાતિ પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યું. આના કારણે ૨૩ ફેબ્રુઆરી ૨૦૦૮ ના રોજ અપીલકર્તાની સેવા સમાપ્ત કરવામાં આવી. સ્કૂલ ટ્રિબ્યુનલે ૨૮ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ અપીલકર્તા દ્વારા દાખલ કરાયેલી અપીલ ફગાવી દીધી અને

હાઈકોર્ટ સમક્ષની રિટ પિટિશન અસ્વીકારના આદેશમાં પરિણમી. આ કોર્ટે ઠેરવ્યું કે સ્ક્રુટિની કમિટીએ જાતિ પ્રમાણપત્ર ખોટું, બનાવટી કે ચેડાં કરેલું હોવાનું શોધી કાઢ્યું નથી અથવા સ્ક્રુટિની કમિટીને કોઈ કપટ, બનાવટ કે ખોટી રજૂઆત જણાઈ નથી. આ સંજોગોમાં આ કોર્ટે નિર્દેશ આપ્યો કે અપીલકર્તાની સેવાઓનું રક્ષણ કરવામાં આવે પરંતુ સ્ક્રુટિની કમિટી દ્વારા રદ કરાયેલા જાતિ પ્રમાણપત્રના આધારે તેઓ આગળ કોઈ લાભ માટે હકદાર રહેશે નહીં:

"૨૨. હાથ પરના કેસમાં ઉપરોક્ત બાબતો લાગુ કરતાં અમને એવું માનવાનું કોઈ કારણ જણાતું નથી કે અપીલકર્તાએ શિક્ષક તરીકેની નિમણૂકની બાબતમાં અયોગ્ય લાભ મેળવવાના એકમાત્ર હેતુથી અનુસૂચિત જનજાતિ હોવાની વિગતો બનાવટી કે ખોટી બનાવી હતી. તેથી, સામાન્ય શરતને આધીન કે અપીલકર્તાને સેવામાંથી દૂર કરવામાં આવશે નહીં અને જો પહેલેથી જ દૂર કરવામાં આવ્યા હોય તો પુનઃસ્થાપિત કરવામાં આવશે, પરંતુ તેમણે મેળવેલા અને તેના જારી થયાના ૧૦ વર્ષ પછી સ્ક્રુટિની કમિટી દ્વારા રદ કરાયેલા પ્રમાણપત્રના આધારે તેઓ આગળ કોઈ લાભ માટે હકદાર રહેશે નહીં, તેમને સેવામાંથી દૂર કરવા સામે રક્ષણનો લાભ શા માટે ન આપવો જોઈએ તેનું કોઈ કારણ નથી."

બે વિદ્વાન ન્યાયમૂર્તીઓનો આ નિર્ણય દર્શાવતો નથી કે મહારાષ્ટ્ર એક્ટ XXIII ઓફ ૨૦૦૧ ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવી હતી.

૩૦. શાલિની ગજાનનરાવ દલાલ વિ. ન્યુ ઇંગ્લિશ હાઇસ્કૂલ એસોસિયેશન[23] માં બે ન્યાયમૂર્તીઓના બીજા નિર્ણયમાં આ મુદ્દા પર પુનર્વિચાર કરવામાં આવ્યો હતો. અપીલકર્તાએ જુલાઈ ૧૯૭૪ માં હલબા અનુસૂચિત જનજાતિના હોવાનું પ્રમાણપત્ર મેળવ્યું હતું. ગડવાલ કોષ્ટી જાતિ (જેમાં તેઓ આવતા હતા) હલબા અનુસૂચિત જનજાતિ સાથે સગોત્રતા ધરાવે છે તેવા દાવાના બળે તેમની નિમણૂક આસિસ્ટન્ટ ટીચર તરીકે કરવામાં આવી હતી અને ૧૯૮૪ માં કન્ફર્મ કરવામાં આવ્યા હતા. ૧૯૯૪ માં તેમને હેડ મિસ્ટ્રેસ તરીકે બઢતી આપવામાં આવી હતી. સ્કુટિની કમિટીએ ઓગસ્ટ ૨૦૦૩ માં ઠેરવ્યું કે અપીલકર્તા દ્વારા મેળવવામાં આવેલું જાતિ પ્રમાણપત્ર અમાન્ય હતું. હાઇકોર્ટના વિદ્વાન સિંગલ જજે તારીખ ૧૫ જૂન ૧૯૯૫ ના જી.આર. ના બળે સેવામાં રક્ષણ આપ્યું. ત્યારબાદ લાંબી મુકદ્દમાબાજી ચાલી જે આખરે હાઇકોર્ટના સિંગલ જજ દ્વારા સ્કૂલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા પુનઃસ્થાપનના આદેશને રદ કરવામાં પરિણમી. આ આદેશને હાઇકોર્ટની ડિવિઝન બેંચ દ્વારા અપીલમાં માન્ય રાખવામાં આવ્યો હતો. બે ન્યાયમૂર્તીઓના અગાઉના નિર્ણયોમાંથી ઉભરી આવતી સ્થિતિનો સારાંશ આપતાં આ કોર્ટે ઠેરવ્યું છે કે:

"૭.૧. જો કોઈ વ્યક્તિએ કપટપૂર્વક અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો કર્યો હોય અને તેના દ્વારા નોકરી મેળવી હોય, તો તે નોકરીમાં ચાલુ રહેવા માટે બિનહકદાર બનશે. આ નિષ્કર્ષની કઠોરતા માત્ર એવા કિસ્સાઓમાં હળવી કરવામાં આવી છે જ્યાં કોર્ટ સમક્ષ એવા વિદ્યાર્થીઓનો કેસ

હોય જેમણે પહેલેથી જ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી લીધો હોય અથવા પૂર્ણ કરવાના આરે હોય, જેમના પ્રત્યે સહાનુભૂતિ સ્વાભાવિક રીતે લંબાવવામાં આવે છે.

૭.૨. જ્યાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના દરજ્જામાંથી મળતા લાભોની પાત્રતા અંગે થોડી મૂંઝવણ હોય, જેમ કે "હલબા" ના વ્યાપક વર્ગ હેઠળ "કોષ્ટી" અથવા "હલબા–કોષ્ટી" હોવાનો દાવો કરતી વ્યક્તિઓને સંબંધિત પ્રમાણપત્રો આપવા, ત્યાં એવી શરત સાથે રોજગારીનું રક્ષણ ઉપલબ્ધ રહેશે કે આ વ્યક્તિઓને ત્યારબાદ સામાન્ય કેટેગરીમાં સમાયોજિત કરવામાં આવશે જેથી તેઓ યોગ્ય કિસ્સામાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિની કેટેગરીમાં આગળના લાભો માટે અપાત્ર બનશે.

૭.૩. આ લાભ અન્ય બાબતોની સાથે રાજુ રામસિંઘ વસાવે વિ. મહેશ દેવરાવ ભીવાપુરકર [(૨૦૦૮) ૯ એસ.સી.સી. ૫૪: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૮૦૨] માં આ કોર્ટના નિર્ણયમાંથી મળે છે જે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ આપવામાં આવ્યો હતો. પ્રમાણિક વ્યક્તિઓના મનમાં પણ સંભવિત મૂંઝવણને સમજીને રાજ્ય સરકારો દ્વારા પસાર કરાયેલા ઠરાવો/કાયદાઓએ વ્યક્તિઓના આ વર્ગને થોડી રાહત આપવી જોઈએ. આ બાબત એ હકીકત દ્વારા શ્રેષ્ઠ રીતે સમજાવી શકાય છે કે મિલિંદ [સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ, (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: ૨૦૦૧ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૧૭] માં જ બંધારણીય બેંચે સ્પષ્ટ કર્યું હતું કે

"કોષ્ટીઓ" અથવા "હલબા-કોષ્ટીઓ" અનુસૂચિત જનજાતિ તરીકે લાભ મેળવવા માટે હકદાર નહોતા અને માત્ર "હલબાઓ" જ તે માટે હકદાર હતા. સિરપુરકર, ન્યાયમૂર્તી દ્વારા વિલાસ [પંજાબ નેશનલ બેંક વિ. વિલાસ, (૨૦૦૮) ૧૪ એસ.સી.સી. ૫૪૫: (૨૦૦૯) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૪૩] તેમજ સોલુંકે [કવિતા સોલુંકે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, (૨૦૧૨) ૮ એસ.સી.સી. ૪૩૦: (૨૦૧૨) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬૦૯] ના ચુકાદાનું વાંચન સ્પષ્ટ કરે છે કે આ રક્ષણ આ કોર્ટના નિર્ણયોના આધારે ઉપલબ્ધ છે; તે વિશિષ્ટ રીતે અથવા અનિવાર્યપણે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ઠરાવ અથવા કાયદા પર આધારિત નથી."

તે કેસમાં હાઇકોર્ટે અપીલકર્તાના દાવાને નકારતી વખતે દત્તાત્રય (ઉપર મુજબ) માં ત્રણ ન્યાયમૂર્તીઓના નિર્ણય પર આધાર રાખ્યો હતો. જોકે આ કોર્ટે ઠેરવ્યું કે દત્તાત્રય કેસના નિર્ણયને બે ન્યાયમૂર્તીઓના અગાઉના નિર્ણયોને રદબાતલ કર્યા હોવાનું માની શકાય નહીં. તે સંદર્ભમાં આ કોર્ટે ઠેરવ્યું છે કે:

"૮. વાદગ્રસ્ત ચુકાદાનું વાંચન [શાલિની વિ. ન્યુ ઇંગ્લિશ હાઇસ્કૂલ એસો., એલપીએ નંબર ૫૨૭/૨૦૦૯, તારીખ ૨૫-૧૧-૨૦૦૯ નો હુકમ (બોમ્બે)] અમને પૂર્વચુકાદાના સિદ્ધાંતના એક મહત્વપૂર્ણ પાસાને સ્પષ્ટ કરવાની જરૂરિયાત ઊભી કરે છે. દત્તાત્રય [યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬] એકમાત્ર ત્રણ-ન્યાયમૂર્તીઓની બેંચનો નિર્ણય છે, અને તેથી નિર્વિવાદપણે

સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. જોકે, તે સમય સુધીમાં બે–ન્યાયમૂર્તીઓની બેંચ દ્વારા ઘણા નિર્ણયો પહેલેથી જ આપવામાં આવ્યા હતા જેમાંથી કેટલાકની ઉપર પહેલેથી ચર્ચા કરવામાં આવી છે. અન્ય બે–ન્યાયમૂર્તીઓની બેંચોના નિર્ણયોને રદબાતલ કરવાનું દત્તાત્રય [યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬] બેંચની સત્તામાં હતું. તેણે તેમ કર્યું નથી તે હકીકત છતાં પર ઇન્ક્યુરિયમ (અજાણતાં થયેલી ભૂલ) નો સિદ્ધાંત આ નિર્ણયને લાગુ પડશે નહીં કારણ કે તે એક મોટી બેંચ હતી. જોકે, એવું કોઈ અનુમાન લગાવી શકાય નહીં કે દત્તાત્રય [યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬] ત્રણ–ન્યાયમૂર્તીઓની બેંચનો એવો અભિપ્રાય હતો કે અગાઉની બે–ન્યાયમૂર્તીઓની બેંચના નિર્ણયોએ કાયદાનું ખોટું અર્થઘટન કર્યું હતું. આમ હોવાથી, જ્યાં સુધી દત્તાત્રય [યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬] નો રેશિયો તેમના રેશિયો સાથે સીધા સંઘર્ષમાં ન હોય ત્યાં સુધી બે–ન્યાયમૂર્તીઓની બેંચના મંતવ્યો પર હજુ પણ આધાર રાખી શકાય છે. તેથી દત્તાત્રય [યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬] નો રેશિયો તારવવો અનિવાર્ય છે, જેની અમે પહેલેથી જ વિગતવાર ચર્ચા કરી છે. તેથી અમારે માત્ર પુનરોચ્ચાર કરવાની જરૂર છે કે ત્રણ–ન્યાયમૂર્તીઓની બેંચ

અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના દરજ્જા માટે કર્મચારીના દાવાની અસત્યતાથી સ્પષ્ટપણે નારાજ હતી. તે એવો કેસ નહોતો જ્યાં "હલબા–કોષ્ટી", "કોષ્ટી" અથવા "ગડવાલ કોષ્ટી", વગેરે સાથે સગોત્રતાનો કાયદેસર દાવો કરવામાં આવ્યો હોય, જેને શરૂઆતના તબક્કે અનુસૂચિત જનજાતિઓને મળવાપાત્ર લાભદાયક વ્યવહાર માટે પાત્ર ગણવામાં આવતો હતો, જેને પાછળથી મિલિંદ [સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ, (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: ૨૦૦૧ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૧૭] માં બંધારણીય બેંચના નિર્ણય દ્વારા ઉલટાવી દેવામાં આવ્યો હતો અને માત્ર હલબાઓનો જ હક હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું."

આ કોર્ટના મતે, કાયદાની કલમ ૧૦ ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે વ્યક્તિ દ્વારા મેળવેલા કોઈપણ લાભને રદ કરે છે. જોગવાઈના વ્યાપને સમજાવતાં કોર્ટે ઠેરવ્યું છે કે:

"૧૧.....જ્યારે ૨૦૦૦ ના કાયદાની કલમ ૨(એ) માં "જાતિ પ્રમાણપત્ર" વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે, ત્યારે વ્યાખ્યા કલમમાં "ખોટું જાતિ પ્રમાણપત્ર" ની બાબત લેવામાં આવી નથી. જ્યારે પણ સંબંધિત વ્યક્તિ દ્વારા ખોટું નિવેદન અથવા રજૂઆત કે વલણ અપનાવવામાં આવે છે ત્યારે અયોગ્ય અથવા બિનજરૂરી લાભ મેળવવા માટે હંમેશા છેતરપિંડીનું તત્વ રહેલું હોય છે. એક નિર્દોષ નિવેદન જે પાછળથી ખોટું સાબિત થાય છે તેને સામાન્ય અર્થમાં ખોટું ગણી શકાય પરંતુ સામાન્ય રીતે તે કરનાર વ્યક્તિ પર દંડકીય અથવા

નુકસાનકારક પરિણામો લાવશે નહીં, કારણ કે તે ભૂલથી થયેલું છે. જોકે અપ્રમાણિક ઈરાદા સાથે જોડાયેલ અસત્યતા કાનૂની સજાની માંગ કરે છે. અમને જણાય છે કે કલમ ૧૦ માત્ર દત્તાત્રય [યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દત્તાત્રય, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૬૧૨: (૨૦૦૮) ૨ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૬] ના માળખામાં જ લાગુ પડે છે."

ઉપરોક્ત અંશ દર્શાવે છે કે આ કોર્ટે શાલિની કેસમાં રાજ્યના કાયદાની કલમ ૧૦ દ્વારા ફરજિયાત કરાયેલ લાભો પાછા ખેંચવાની જોગવાઈ અમલમાં આવે તે પહેલાં અપ્રમાણિક ઈરાદાની આવશ્યકતા ઉમેરી છે. અપીલકર્તાના દાવામાં કોઈ ખોટાપણું ન હોવાથી, કોર્ટે ઠેરવ્યું કે કલમ ૧૦ તેના કેસને લાગુ પડશે નહીં. અપીલકર્તાને તે મુજબ પાછલા વેતન વિના સેવામાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા, જોકે એ શરતે કે તેઓ અનુસૂચિત જનજાતિના ઉમેદવાર તરીકે આગળ કોઈ બઢતી માટે હકદાર રહેશે નહીં.

૩૧. આર. ઉન્નીકૃષ્ણન વિ. વી. કે. મહાનુદેવન [24] માં સામાવાળાએ પોતે થંદન હોવાના આધારે અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર આપવા માટે અરજી કરી હતી જે એક અધિસૂચિત અનુસૂચિત જાતિ હતી. તહસીલદારને માલૂમ પડ્યું કે સામાવાળા પ્રશ્નગત અનુસૂચિત જાતિના નથી. રિટ કાર્યવાહી દરમિયાન, હાઈકોર્ટે તહસીલદારને જાતિ પ્રમાણપત્ર આપવાનો નિર્દેશ આપ્યો જેના પગલે સામાવાળાની અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની વિશેષ ભરતી ઝુંબેશમાં આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે નિમણૂક

કરવામાં આવી. ત્યારબાદ, કેરળ હાઈકોર્ટની ફુલ બેંચના નિર્ણય પછી, સામાવાળાનું જાતિ પ્રમાણપત્ર તપાસ હેઠળ આવ્યું અને માલૂમ પડ્યું કે સામાવાળા વાસ્તવમાં એઝુવા સમુદાયના હતા જે ઓબીસી કેટેગરીમાં આવતા હતા. સામાવાળાએ રિટ પિટિશનમાં તપાસની કાર્યવાહીને પડકારી. હાઈકોર્ટે તપાસ રદ કરી. અપીલમાં હાઈકોર્ટની ડિવિઝન બેંચે સામાવાળાના જાતિ દરજ્જાની નવી તપાસ કરવાનો નિર્દેશ આપ્યો. નવી તપાસમાં એવું તારણ આવ્યું કે સામાવાળાનો અનુસૂચિત જાતિના હોવાનો દાવો અમાન્ય હતો. હાઈકોર્ટના આદેશને અનુસરીને રાજ્ય સરકારે ઠેરવ્યું કે સામાવાળા અનુસૂચિત જાતિના નથી પરંતુ ઓબીસી તરીકે નિયુક્ત સમુદાયના છે અને જો કોઈ લાભ ખોટા આધારે મેળવવામાં આવ્યા હોય, તો તે વસૂલ કરવામાં આવશે. કેરળ હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજ અને અપીલમાં ડિવિઝન બેંચ બંનેએ ઠેરવ્યું કે સામાવાળાનો જાતિ દરજ્જો પહેલેથી જ આખરી બની ગયો હતો અને તેને ફરીથી ખોલી શકાય નહીં. આ કોર્ટે નોંધ્યું કે પાલઘાટ જિલ્લા થંદન સમુદાય સંરક્ષણ સમિતિ વિ. સ્ટેટ ઓફ કેરળ [25] માં તેણે ઠેરવ્યું હતું કે થંદન સમુદાય શિડ્યુલ્ડ કાસ્ટ્સ ઓર્ડર ૧૯૫૦ માં સૂચિબદ્ધ હોવાથી, મલબાર વિસ્તારમાં થંદન કહેવાતા એઝુવા/થિય્યાનો એક વર્ગ ઓર્ડરના લાભોમાંથી બાકાત હતો કે કેમ તેની તપાસ કરવાનું રાજ્ય માટે શક્ય નહોતું. આ કોર્ટે નોંધ્યું કે ધ કોન્સ્ટીટ્યુશન શિડ્યુલ્ડ કાસ્ટ્સ ઓર્ડરમાં ૨૦૦૭ ના સુધારા દ્વારા, ભૂતપૂર્વ કોચીન અને મલબાર વિસ્તારોમાં એઝુવા અને થિય્યા ૩૦ ઓગસ્ટ ૨૦૦૭ થી અનુસૂચિત જાતિ રહ્યા નથી અને તેઓ હવે

અનુસૂચિત જાતિ તરીકે ગણાવા માટે હકદાર રહેશે નહીં કે અનામતના લાભો મળવાપાત્ર રહેશે નહીં. જોકે, મિલિંદ, કવિતા સોલુંકે અને સંદીપ પરાતે ના નિર્ણયોનો ઉલ્લેખ કર્યા પછી આ કોર્ટે ઠેરવ્યું કે:

"૪૧. પ્રસ્તુત કેસમાં સામાવાળા દ્વારા શુદ્ધ દાનતના અભાવનો કોઈ પુરાવો નથી. તેથી મિલિંદ કેસ [સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ, (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: ૨૦૦૧ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૧૭] ના નિર્ણય હેઠળ ઉપલબ્ધ રક્ષણ સામાવાળાને પણ મળવાપાત્ર હોઈ શકે છે. પરિણામે, જો ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ કાસ્ટ્સ) ઓર્ડર, ૨૦૦૭ માં આવતા "થંદન" શબ્દના સાચા અને યોગ્ય અર્થઘટન પર "થંદન" તરીકે ઓળખાતા "એઝુવા" અને "થિય્યા" નો સમાવેશ થતો ન હોય અને માની લઈએ કે તે બંને તમામ સંબંધિત સમયે અલગ હતા, છતાં જ્યાં સુધી ૨૦૦૭ ના સુધારા કાયદાએ બંને વચ્ચે સ્પષ્ટ તફાવત ન કર્યો ત્યાં સુધી સ્થિતિ સ્પષ્ટ નહોતી તે હકીકત, સુધારા કાયદો અમલમાં આવ્યો તે તારીખ સુધી રાજ્યની સેવા કરવા માટે નિમણૂક પામેલા તમામ લોકોને સેવામાં ચાલુ રહેવા માટે હકદાર બનાવશે."

૩૨. આપણે આ તબક્કે આ કોર્ટના બે વિદ્વાન ન્યાયમૂર્તીઓના બી. એચ. ખવાસ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[26] ના ચુકાદાનો પણ ઉલ્લેખ કરી શકીએ છીએ. તે કેસમાં, અપીલકર્તાની નિમણૂક જૂન ૧૯૯૫ માં કસ્ટમ્સ અને સેન્ટ્રલ એક્સાઈઝ વિભાગમાં કેમિકલ એન્જિનિયર ગ્રેડ-૧ તરીકે અનુસૂચિત જનજાતિ માટે અનામત જગ્યા સામે કરવામાં આવી હતી. નિમણૂક પત્રમાં જોગવાઈ હતી કે

નિમણૂક કામચલાઉ હતી અને જાતિ પ્રમાણપત્રની ચકાસણીને આધીન હતી. સ્ક્રુટિની કમિટીના નિર્ણયને પગલે ૨૦૦૪ માં તેમની સેવા સમાપ્ત કરવામાં આવી હતી કે તેઓ કોષ્ટી જાતિના હતા જે મહારાષ્ટ્ર રાજ્યમાં અનુસૂચિત જનજાતિ નથી. સ્ક્રુટિની કમિટીનો આદેશ મળતાં અપીલકર્તાએ રજૂઆત સબમિટ કરી કે તેમણે ખોટી માહિતી આપી નથી અને જાતિ પ્રમાણપત્ર શાળાના રેકર્ડના આધારે શુદ્ધ દાનતથી મેળવવામાં આવ્યું હતું. અપીલકર્તાએ એવો પણ દાવો કર્યો હતો કે કોષ્ટી જાતિ હલબા અનુસૂચિત જનજાતિનો એક ભાગ છે કે કેમ તે મુદ્દો ૨૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ મિલિંદ (ઉપર મુજબ) માં બંધારણીય બેંચ દ્વારા ઉકેલાયો ત્યાં સુધી તીવ્ર ચર્ચાનો વિષય હતો. આખરે તેઓ સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલમાં ગયા જેણે નિર્દેશ આપ્યો કે મિલિંદ (ઉપર મુજબ) ના નિર્ણય પહેલાં કરવામાં આવેલી અપીલકર્તાની નિમણૂકનું રક્ષણ થવું જોઈએ. ટ્રિબ્યુનલના નિર્ણય પર સવાલ ઉઠાવવામાં આવતાં, હાઇકોર્ટની ડિવિઝન બેંચે દત્તાત્રય (ઉપર મુજબ) ના નિર્ણય પર આધાર રાખ્યો અને તારીખ ૮ જૂન ૨૦૦૪ ના સેવા સમાપ્તિના આદેશને પુનઃસ્થાપિત કર્યો. આ કોર્ટ સમક્ષ અપીલમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે મિલિંદ (ઉપર મુજબ) માં બંધારણીય બેંચના નિર્ણયે આખરી બની ગયેલી તમામ નિમણૂકોનું રક્ષણ કર્યું હતું. આ કોર્ટે નોંધ્યું કે મિલિંદ કેસમાં બંધારણીય બેંચના નિર્ણયના પેરા ૩૮ માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે "જે પ્રવેશો અને નિમણૂકો આખરી બની ગયા છે, તે આ ચુકાદાથી અપ્રભાવિત રહેશે". કેમિકલ એન્જિનિયર ગ્રેડ-૧ તરીકે

અપીલકર્તાની નિમણૂક કામચલાઉ અને તેમના જાતિ દાવાની ચકાસણીને આધીન હતી. જ્યાં સુધી સેવા સમાપ્તિનો આદેશ જારી ન થયો ત્યાં સુધી વિભાગ દ્વારા તેને આખરી ગણવામાં આવી નહોતી. જાતિ પ્રમાણપત્રની ચકાસણીને આધીન કામચલાઉ ધોરણે નિમણૂક કરવામાં આવી હોવાથી એવું ઠેરવવામાં આવ્યું હતું કે અપીલકર્તા પોતાની સેવાના રક્ષણ માટે હકદાર નહોતા. કવિતા સોલુંકે અને શાલિની બંને અગાઉના નિર્ણયોને એ આધારે અલગ પાડવામાં આવ્યા હતા કે પહેલા કેસમાં નિમણૂક આખરી બની ગઈ હતી અને તેમાં ખલેલ પહોંચાડી શકાય તેમ નહોતી જ્યારે પછીના નિર્ણયમાં પણ આસિસ્ટન્ટ ટીચર તરીકેની નિમણૂક આખરી બની ગઈ હતી અને તેઓ સેવામાં કન્ફર્મ થયા હતા. તેવી જ રીતે ઉન્નીકૃષ્ણનમાં કોર્ટ એવા કેસ સાથે કામ કરી રહી હતી જ્યાં જાતિનો દાવો પહેલેથી જ કોર્ટ સમક્ષ પડકારનો વિષય હતો અને તેને માન્ય રાખવામાં આવ્યો હતો. આ પૃષ્ઠભૂમિમાં, ખવાસ કેસમાં આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

"૧૪. અપીલકર્તા દ્વારા રજૂ કરવામાં આવેલા કોઈપણ કેસમાં, આ કેસની જેમ ળમણૂક કામચલાઉ ધોરણે અને યોગ્ય માધ્યમ દ્વારા જાતિ પ્રમાણપત્રની ચકાસણીને આધીન નહોતી. તેથી અનિવાર્યપણે એવું પરિણામ આવે છે કે ઉપર ઉલ્લેખિત ત્રણ નિર્ણયોમાં દર્શાવેલ સિદ્ધાંત હાથ પરના કેસને લાગુ પડી શકે નહીં. નિર્વિવાદપણે, જો અપીલકર્તાની દલીલ સ્વીકારવામાં આવે, તો તેનો અનિવાર્યપણે અર્થ એ થશે કે ૨૮-૧૧-૨૦૦૦ પહેલાં થયેલી તમામ નિમણૂકો આખરી ન બની હોય તો પણ તેનું રક્ષણ થવું જોઈએ. તેનો અર્થ એ પણ થશે કે

મહારાષ્ટ્રમાં હલબા અનુસૂચિત જનજાતિ તરીકે કોષ્ટી સમુદાયની વ્યક્તિઓને ૨૮–૧૧–૨૦૦૦ (જે દિવસે બંધારણીય બેંચ દ્વારા મિલિંદ કેસ [સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મિલિંદ, (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૪: ૨૦૦૧ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૧૭] નો નિર્ણય લેવામાં આવ્યો હતો) પહેલાં આપવામાં આવેલા તમામ જાતિ પ્રમાણપત્રો તે પ્રમાણપત્રો અંગે સ્ક્રુટિની કમિટીના અભિપ્રાયને ધ્યાનમાં લીધા વિના માન્ય કરવામાં આવ્યા છે. તેને સ્વીકારી શકાય નહીં. કારણ કે કોષ્ટી જાતિ મહારાષ્ટ્રમાં અધિસૂચિત અનુસૂચિત જનજાતિ હલબાની સમાનાર્થી કે તેનો ભાગ નથી."

આ સિદ્ધાંતને અનુસરીને, એવા તારણ પર અપીલકર્તા કોઈપણ રાહત માટે હકદાર ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું કે કેમિકલ એન્જિનિયર તરીકેની તેમની નિમણૂક આખરી બની નહોતી. એકવાર સ્ક્રુટિની કમિટીએ ઠેરવ્યું કે અપીલકર્તા હલબા સમુદાયના નથી એટલે વિભાગ દ્વારા દાખલ કરાયેલી રિટ અરજી મંજૂર કરવામાં હાઇકોર્ટ યોગ્ય હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. તેથી સેવા સમાપ્તિનો આદેશ પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

ખવાસ કેસમાં આ કોર્ટનો નિર્ણય ખાસ કરીને એ રજૂઆતને નકારે છે કે મિલિંદ કેસમાં બંધારણીય બેંચનો નિર્ણય ૨૮ નવેમ્બર ૨૦૦૦ પહેલાં થયેલી તમામ નિમણૂકોનું રક્ષણ કરશે ભલે તે આખરી ન હોય. જો નિમણૂકની હજુ કાસ્ટ સ્ક્રુટિની કમિટી દ્વારા ચકાસણી થવાની બાકી હોય તો તે સ્પષ્ટપણે મિલિંદ (ઉપર મુજબ) ના ચુકાદાની તારીખ પહેલાં આખરી બની નહોતી.

**એફ બોમ્બે હાઈકોર્ટના નિર્ણયો**

૩૩. રમેશ સુરેશ કાંબલે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[27] માં, મિસ્ટર જસ્ટિસ આર એમ લોઢા (જેઓ તે સમયે વિદ્વાન ચીફ જસ્ટિસ બન્યા હતા), મિસ્ટર જસ્ટિસ એસ એ બોબડે (જેઓ તે સમયે વિદ્વાન જજ બન્યા હતા) અને મિસ્ટર જસ્ટિસ એસ બી દેશમુખની બનેલી બોમ્બે હાઈકોર્ટની ફુલ બેંચે જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠર્યા પછી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ હેઠળ ચૂંટાયેલા કાઉન્સિલરની ચૂંટણી ગેરલાયકાતના સંદર્ભમાં મહારાષ્ટ્ર એક્ટ XXIII ઓફ ૨૦૦૧ ની જોગવાઈઓ, ખાસ કરીને કલમો ૭(૧) અને ૧૦(૧) પર વિચારણા કરી હતી. સુજીત વસંત પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[28] માં અગાઉની ફુલ બેંચના નિર્ણયનો સંદર્ભ લીધા પછી, ફુલ બેંચે નીચે મુજબ ઠેરવ્યું:

"૨૪....મહારાષ્ટ્ર એક્ટ નંબર XXIII ઓફ ૨૦૦૧ ની કલમ ૭(૧) હેઠળ કાસ્ટ સ્ક્રુટિની કમિટી દ્વારા કરવામાં આવતી તપાસ આવી વ્યક્તિ દ્વારા સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલા જાતિ પ્રમાણપત્રની ચોકસાઈ પર કેન્દ્રિત છે. જાતિ પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા સંબંધિત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી અમુક માહિતી જાહેર કરતી અરજી પર આપવામાં આવે છે. જો જાતિ પ્રમાણપત્ર કાસ્ટ સ્ક્રુટિની કમિટી દ્વારા રદ કરવામાં આવે, તો તેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે તે વ્યક્તિ દ્વારા સક્ષમ સત્તાધિકારી પાસેથી ખોટી હકીકતો અથવા ભૂલભરેલી રજૂઆત પર જાતિ પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું છે. એ જરૂરી નથી કે આવા દાવા કે ઘોષણામાં મનની અધમતા (ટર્પિટ્યુડ ઓફ માઇન્ડ) સંકળાયેલી

હોવી જ જોઈએ. તેમાં કોઈ ઈરાદાપૂર્વકપણું ન પણ હોઈ શકે. સ્ક્રુટિની કમિટી સમક્ષ ઉમેદવાર પોતાના જાતિના દાવાને સ્થાપિત કરવામાં નિષ્ફળ જાય અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્ર અમાન્ય છે અને તેથી રદ કરવામાં આવે છે તેવી જાહેરાત એ અનિવાર્ય અનુમાન તરફ દોરી જાય છે કે આવી વ્યક્તિએ અનામત વર્ગની પોતાની જાતિનો ખોટો દાવો કર્યો હતો જેમાં તે આવતી નહોતી અને આમ કલમ ૧૬(૧સી)(એ) હેઠળ ગેરલાયકાત વહોરી લીધી છે."

ફરીથી, ફુલ બેંચના મતે:

"૨૬. જે ઉમેદવાર સક્ષમ સત્તાધિકારીને અરજી કરીને ચોક્કસ જાતિના હોવાનો દાવો ઊભો કરે છે અને આવા દાવા અને માહિતીના આધારે જાતિ પ્રમાણપત્ર મેળવે છે અને અનામત બેઠક પરથી કાઉન્સિલરની ચૂંટણી લડે છે અને ચૂંટાય છે અને જો આખરે, સ્ક્રુટિની કમિટી આવા પ્રમાણપત્રની ચોકસાઈની તપાસ કરીને આવા પ્રમાણપત્રને અમાન્ય જાહેર કરે છે અને તેને રદ કરે છે, તો તે સ્પષ્ટ છે કે આવું જાતિ પ્રમાણપત્ર તે વ્યક્તિ દ્વારા એવી ઘોષણા અથવા માહિતી કે દાવાના આધારે મેળવવામાં આવ્યું હતું જે સાચી કે સત્ય નહોતી અને સ્ક્રુટિની કમિટી દ્વારા જાતિ પ્રમાણપત્ર અમાન્ય અને રદ થતાં, આવી વ્યક્તિ આપોઆપ ગેરલાયકાત વહોરે છે. તેમાંથી બચવાનો કોઈ રસ્તો નથી."

બોમ્બે હાઈકોર્ટની બીજી ફુલ બેંચે ગણેશ રામભાઉ ખલાલે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[29] માં ઠેરવ્યું કે મિલિંદ કેસમાં આ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા તેના

નિર્ણયના પેરા ૩૮ માં આપવામાં આવેલા નિર્દેશો સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ દ્વારા આપવામાં આવેલી સત્તાના ઉપયોગમાં હતા.

૩૪. પ્રિયંકા ઓમપ્રકાશ પનવાર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[30] માં બોમ્બે હાઈકોર્ટની ડિવિઝન બેંચે મહારાષ્ટ્ર એક્ટ XXIII ઓફ ૨૦૦૧ ની કલમ ૧૦ ની જોગવાઈઓનું અર્થઘટન કરતાં નીચે મુજબ ઠેરવ્યું છે:

"૩....પોતાનું શિક્ષણ પૂર્ણ કરનાર વિદ્યાર્થીના હિતનું રક્ષણ કરવાની સમાનતાની વિચારણા અને ઢોંગીઓ દ્વારા અનામત વર્ગોના બંધારણીય હક્કો પચાવી પાડવા સામે રક્ષણ કરવાના જાહેર હિત વચ્ચેનું સંતુલન હવે રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવ્યું છે. વિધાનમંડળે સ્પષ્ટપણે નિર્ધારિત કર્યું છે કે અમાન્ય ઠરેલા જાતિ દાવાના આધારે મેળવેલી ડિગ્રી અથવા ડિપ્લોમા રદ ગણાશે. સ્પષ્ટ વૈધાનિક જોગવાઈ સામે, આ કોર્ટ પોતાના સમાનતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવા માટે યોગ્ય ગણાશે નહીં. સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ બંધારણીય નિર્ણયમાં કોર્ટને માર્ગદર્શન આપતી સમાનતા (ઇક્વિટી) ની વિચારણાઓ વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદા અનુસાર હોવી જોઈએ.... અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય અનામત વર્ગોના રક્ષણ માટે કડક જોગવાઈઓ કરવામાં આવી છે. લાભો પચાવી પાડનાર ઉમેદવાર માટે સમાનતાની વિચારણાઓ ઉમેરીને તે જોગવાઈઓને હળવી કરવી એ કાયદાને નિષ્ફળ બનાવવા સમાન હશે. આ

કિસ્સામાં કાયદો અનામતની બંધારણીય યોજનાને જેઓ હકદાર નથી તેમના દ્વારા પચાવી પાડવાથી બચાવવવાના હિતમાં ઘડવામાં આવ્યો હતો."

આ નિર્ણયને અપૂર્વા અશોક ગોખલે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[31] માં ત્યારપછીના નિર્ણયમાં અનુસરવામાં આવ્યો છે.

૩૫. અરુણ વિશ્વનાથ સોનોને વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[32] માં, બોમ્બે હાઈકોર્ટની કુલ બેંચ સમક્ષ નિર્ણય માટે બે પ્રશ્નો સંદર્ભિત કરવામાં આવ્યા હતા:

"૧. શું માનનીય સુપ્રિમ કોર્ટના કવિતા સોલુંકે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય, ૨૦૧૨(૫) એમએચ. એલ.જે. (એસ.સી) ૯૨૧ = ૨૦૧૨ (૮) એસ.સી.સી. ૪૩૦ ના ચુકાદાના આધારે જાતિનો દાવો અમાન્ય ઠર્યા પછી સેવાનું રક્ષણ આપવાની રાહત હાઈકોર્ટ દ્વારા આપી શકાય?...

૨. જો પ્રશ્ન નંબર ૧ નો જવાબ હકારાત્મક હોય, તો શું એવા કેસમાં હાઈકોર્ટ દ્વારા સેવાનું રક્ષણ આપવાની આવી રાહત આપી શકાય જ્યાં હાઈકોર્ટ દ્વારા અગાઉ આ જ રાહત આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હોય?"

કુલ બેંચે ઠેરવ્યું છે કે મહારાષ્ટ્ર એક્ટ XXIII ઓફ ૨૦૦૧ અમલમાં આવ્યા પહેલાં કે પછી આપવામાં આવેલું જાતિ પ્રમાણપત્ર સ્ક્રુટિની કમિટી દ્વારા ચકાસણી અને માન્યતા પ્રમાણપત્ર આપવાને આધીન માન્ય છે. કુલ બેંચે એવો મત લીધો છે કે ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવા અંગે રાજ્ય કાયદાની કલમ ૧૦ તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં આવે છે. હાઈકોર્ટના મતે કલમ ૧૦ "મૂળભૂત રીતે દંડકીય સ્વરૂપની" છે અને કાયદો

અમલમાં આવ્યો તે પહેલાં મેળવેલા લાભો અથવા મેળવેલી નિમણૂક પર તેની કોઈ અસર થશે નહીં. તેથી, હાઇકોર્ટનો મત એવો છે કે:

"૨૭....ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને નોકરીમાંથી મુક્ત કરવાના અથવા મેળવેલા લાભો પાછા ખેંચવાના પરિણામો સદર કાયદો અમલમાં આવ્યો તે પહેલાં મેળવેલા લાભો અથવા નિમણૂકોના સંદર્ભમાં લાગુ થશે નહીં."

ફુલ બેંચે એવો મત લીધો છે કે શાલિની ગજાનનરાવ દલાલ વિ. ન્યુ ઇંગ્લિશ હાઇસ્કૂલ એસોસિયેશન[33] માં આ કોર્ટના અવલોકનોએ સુજીત વસંત પાટીલ અને ગણેશ રામભાઉ ખલાલે (ઉપર મુજબ) માં હાઇકોર્ટની ફુલ બેંચોના અગાઉના ચુકાદાઓને ગર્ભિત રીતે રદબાતલ કર્યા છે. ફુલ બેંચના મતે છેતરપિંડીના તત્વના અભાવે ભૂલથી કરવામાં આવેલું નિર્દોષ નિવેદન ખોટા પ્રમાણપત્રના પાયા પર ઉમેદવાર દ્વારા મેળવેલા લાભોથી તેને વંચિત કરવા માટે લાગુ થવું જોઈએ નહીં. કવિતા સોલુંકે કેસમાં આ કોર્ટના નિર્ણયને અનુસરીને ફુલ બેંચે ઠેરવ્યું કે:

"કવિતા સોલુંકે કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પરથી એ તારવી શકાય છે કે જ્યાં નિમણૂકની બાબતમાં અયોગ્ય લાભ મેળવવાના હેતુથી કોઈપણ કપટ અથવા કોઈપણ બનાવટ કે કોઈપણ ખોટી રજૂઆત કરવામાં આવી હોય ત્યાં મિલિંદ કેસમાં આપવામાં આવેલ રક્ષણ ઉપલબ્ધ રહેશે નહીં. જો છુપાવીને અથવા અન્યથા પ્રમાણપત્ર ખોટું, બનાવટી કે ચેડાં કરેલું હોવાનો કોઈ

આરોપ ન હોય, તો મિલિંદ કેસના નિર્ણયમાંથી મળતા લાભનો ઈનકાર કરવો કદાચ વાજબી ન હોઈ શકે."

કુલ બેંચનો ચુકાદો એ પણ ઠેરવે છે કે મિલિંદ કેસમાં બંધારણીય બેંચ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો બે ભાગમાં છે – પહેલો ભાગ મેળવેલ પ્રવેશ અને ડિગ્રી બચાવવા માટે છે જ્યારે બીજો ભાગ સામાન્ય પ્રકૃતિનો છે જે આખરી બની ગયેલા પ્રવેશો અને નિમણૂકોને બચાવવા માટે ભવિષ્યલક્ષી રદબાતલ (પ્રોસ્પેક્ટિવ ઓવર–રૂલિંગ) ના સિદ્ધાંતનો આશરો લે છે. તેથી, કુલ બેંચ અનુસાર, ગણેશ રામભાઉ ખલાલે કેસમાં અગાઉની કુલ બેંચના ચુકાદાનો રેશિયો, જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે મિલિંદ કેસના સ્પષ્ટતાત્મક નિર્દેશો અનુચ્છેદ ૧૪૨ ને સંદર્ભિત હતા, તે કવિતા સોલુંકે અને શાલિની ના નિર્ણયોથી વિરુદ્ધ જશે અને બંધનકર્તા પૂર્વચુકાદો રહેવાનું બંધ થશે. પરિણામે, કુલ બેંચને સંદર્ભિત પ્રથમ પ્રશ્નનો જવાબ હકારાત્મક આપવામાં આવ્યો છે અને એવું ઠેરવવામાં આવ્યું છે કે કવિતા સોલુંકે અને શાલિની કેસોમાં આ કોર્ટના નિર્ણયોના આધારે જાતિનો દાવો અમાન્ય ઠર્યા પછી સેવાઓના રક્ષણની રાહત હાઈકોર્ટ દ્વારા આપી શકાય છે.

**જી રજૂઆતો**

૩૬. કેસોના વર્તમાન જૂથમાં લગભગ એકસમાન પાસું એ છે કે તપાસ પછી અનામત કેટેગરીના હોવાનો દાવો ફગાવી દેવામાં આવ્યો છે.

૩૭. જે વ્યક્તિઓના જાતિ અથવા જનજાતિના દાવાઓ નકારી કાઢવામાં આવ્યા છે તેમની તરફથી નીચે મુજબની રજૂઆતો કરવામાં આવી છે:

(૧) મિલિંદના કેસમાં આ કોર્ટના ચુકાદાના પેરા ૩૮ માં નિર્ધારિત કરવામાં આવેલા સિદ્ધાંતને ધ્યાને લેતાં ૨૮ નવેમ્બર ૨૦૦૦ પહેલાં આપવામાં આવેલા જાતિ પ્રમાણપત્રો અંગેનો મુદ્દો રેસ ઇન્ટિગ્રા (અનિર્ણિત) નથી. મિલિંદના કેસમાં આપવામાં આવેલ ચુકાદામાં એવી સ્પષ્ટ દિશા–નિર્દેશ આપવામાં આવી હતી કે ૨૮ નવેમ્બર ૨૦૦૦ (ચુકાદો આપવામાં આવ્યો તે તારીખ) ના રોજ કે તે પહેલાં આખરી થઈ ગયેલ નિમણૂકો અપ્રભાવિત રહેશે. બંધારણીય બેંચે નિમણૂકો તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ બંને બાબતો ધ્યાને લીધી હતી. મિલિંદના કેસમાં ચુકાદાને અનુસરીને આ કોર્ટે હલબા–કોષ્ટી સંબંધિત અનેક કેસોનો નિકાલ કર્યો હતો અને ૨૮ નવેમ્બર ૨૦૦૦ પહેલાં કરવામાં આવેલી નિમણૂકોમાં કોઈ દખલ કરી ન હતી. મિલિંદના કેસમાં આપવામાં આવેલા નિર્દેશો પ્રોસ્પેક્ટિવ ઓવરરૂલિંગ (ભવિષ્યલક્ષી રદ્દીકરણ) ના સિદ્ધાંત પર આધારિત છે;

(૨) ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની જોગવાઈઓ પશ્ચાતવર્તી છે અને સદર એક્ટના અમલ પહેલાં કરવામાં આવેલા પ્રવેશ અથવા નિમણૂકોને અટકાવશે તેવી કોઈ તકરાર હાઇકોર્ટ સમક્ષ કરવામાં આવી ન હતી. ગમે તે સંજોગોમાં આવું વલણ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા બંધનકર્તા પરિપત્રોથી વિરુદ્ધ હશે; અને

(૩) ૨૦૦૧ નો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** પશ્ચાતવર્તી અમલ ધરાવતો નથી. આ વિધાન દંડાત્મક પ્રકારનું હોવાથી, તેનું પશ્ચાતવર્તી અર્થઘટન થઈ શકે નહીં કારણ કે તેનાથી તે બંધારણના અનુચ્છેદ ૨૦(૧) નો ભંગ કરનાર બનશે. સદર એક્ટ ૧૭ ઓક્ટોબર ૨૦૦૧ ના રોજ ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં આવે તે રીતે અધિસૂચિત કરવામાં આવ્યો હતો, જે કલમ ૧(૨) હેઠળ સંબંધિત તારીખ છે.

(૪) જ્યારે કલમ ૭ સ્ક્રૂટિની કમિટીને આ એક્ટના અમલ પહેલાં કે પછી મેળવેલા કોઈપણ પ્રમાણપત્રને રદ કરવાની સત્તા આપે છે, ત્યારે "આ એક્ટના અમલ પહેલાં કે પછી" શબ્દપ્રયોગ કલમો ૧૦ અને ૧૧ માં ગેરહાજર છે. પરિણામે, કલમ ૭ પશ્ચાતવર્તી અમલ ધરાવતી હોઈ શકે છે, પરંતુ કલમો ૧૦ અને ૧૧ કે જે લાભો પાછા ખેંચવા અને દંડાત્મક ગુનાઓ સંબંધિત છે તે ભવિષ્યલક્ષી છે.

ઉપરોક્ત રજૂઆતો ઉપરાંત હલબા–કોષ્ટીઓના સંદર્ભમાં નીચે મુજબની રજૂઆતો પણ કરવામાં આવી છે:

(૧) ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) ઓર્ડર, ૧૯૫૦ ની એન્ટ્રી ૧૯ માં ફક્ત "હલબા–હલબી" ને જ અનુસૂચિત જનજાતિ તરીકે માન્યતા આપવામાં આવી હોવા છતાં, મિલિંદના કેસમાં બંધારણીય બેંચના ચુકાદા સુધી, હલબા–કોષ્ટીઓને "સામાજિક અને સત્તાવાર રીતે" હલબા–હલબીની પેટા–

જનજાતિ તરીકે માન્યતા આપવામાં આવી હતી અને સ્વીકારવામાં આવ્યા હતા. આ બાબત ૧૯૫૬ થી હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ન્યાયિક ચુકાદાઓ અથવા રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રોના પરિણામે હોઈ શકે છે;

(૨) ૨૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ મિલિંદના કેસમાં બંધારણીય બેંચે ઠેરવ્યું હતું કે હલબા–કોષ્ટીઓ ધ શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ઓર્ડર, ૧૯૫૦ ની એન્ટ્રી ૧૯ ના દાયરામાં આવતા નથી. તેથી, એમ કહી શકાય નહીં કે ૨૮ નવેમ્બર ૨૦૦૦ પહેલાં કોઈપણ સમયે હલબા કોષ્ટી હોય તેવા નાગરિકની તરફેણમાં આપવામાં આવેલું જાતિ પ્રમાણપત્ર ખોટું કે કપટપૂર્ણ હતું અને ફક્ત એટલું જ માની શકાય કે આવી વ્યક્તિ હલબા–હલબી અનુસૂચિત જનજાતિ તરીકે માન્યતા મેળવવાથી વંચિત રહી ગઈ;

(૩) ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની કલમ ૧૧ કે જે દંડાત્મક જોગવાઈના સ્વરૂપમાં છે તે ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ પહેલાં આપવામાં આવેલા જાતિ પ્રમાણપત્રોને લાગુ પડશે નહીં;

(૪) ૧૫ જાન્યુઆરી ૧૯૯૫ ના રોજ, મહારાષ્ટ્ર સરકાર દ્વારા એક સરકારી ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો કે અનામત જગ્યાઓ સામે તે તારીખ પહેલાં કરવામાં આવેલી નિમણૂકોને રક્ષણ મળશે, ભલે નિમણૂક મેળવનારનો જાતિ/જનજાતિનો દાવો અમાન્ય ઠર્યો હોય કે ખોટો જણાયો હોય;

(૫) જ્યાં સેવામાં નિમણૂક કપટ કે છેતરપિંડી દ્વારા મેળવવામાં આવી હોય ત્યાં આવી નિમણૂક કાયદાની નજરમાં કોઈ નિમણૂક નથી અને આવી પરિસ્થિતિમાં બંધારણનો અનુચ્છેદ ૩૧૧ લાગુ પડતો નથી. આ સ્થિતિ હલબા–કોષ્ટી જાતિના તે દાવાકારોને લાગુ પડશે નહીં કે જેમને ૨૮ નવેમ્બર ૨૦૦૦ પહેલાં જાતિ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા અને નિમણૂકો કરવામાં આવી હતી; અને

(૬) ૧૦ ઓગસ્ટ ૨૦૧૦ ના રોજ, મિનિસ્ટ્રી ઓફ પર્સનલ, પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન્સ, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ હેઠળ કેન્દ્ર સરકારે એક ઓફિસ મેમોરેન્ડમ બહાર પાડ્યું હતું કે હલબા, હલબી/કોષ્ટી જાતિની જે વ્યક્તિઓએ સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રોના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત ખાલી જગ્યા પર નિમણૂક મેળવી હતી અને જેમની નિમણૂકો ૨૮ નવેમ્બર ૨૦૦૦ પહેલાં આખરી થઈ ચૂકી હતી તેઓને કોઈ અસર થશે નહીં.

(૭) ૨૧ ઓક્ટોબર ૨૦૧૫ ના રોજ, મહારાષ્ટ્ર રાજ્યે એક પરિપત્ર બહાર પાડીને નિર્દેશ આપ્યો હતો કે ૧૫ જાન્યુઆરી ૧૯૯૫ અને ૧૭ ઓક્ટોબર ૨૦૦૧ વચ્ચે સરકારી સેવાઓમાં અનુસૂચિત જનજાતિ માટે અનામત જગ્યાઓ પર નિમાયેલા કર્મચારીઓ કે જેમના દાવાઓ અમાન્ય ઠર્યા છે, તેમને આગળના આદેશો સુધી છૂટા/બરતરફ કરવામાં આવશે નહીં. આ પરિપત્રને ધ્યાને લેતાં,

અરુણ સોનોનેના કેસમાં હાઈકોર્ટના ફુલ બેંચના ચુકાદાને પડકારવા માટે રાજ્ય સરકાર એસ્ટોપલ (વિરોધાભાસના નિષેધ) થી બંધાયેલી છે.

ભાગ **II:** વિશ્લેષણ

૩૮. પૂર્વનિર્ણયો અને આ ક્ષેત્રનું નિયમન કરતા કાયદાઓ સહિત આ વિષય પરની તમામ સામગ્રી એકત્રિત કર્યા પછી, હવે વિશ્લેષણનો તબક્કો આવે છે. આ ચુકાદો હવે તે બાબત હાથ ધરવા માંગે છે.

૩૯. માધુરી પાટિલ (ઉપર મુજબ) ના કેસમાં નિર્ણય માટેની પૃષ્ઠભૂમિ એ મોટા પાયે લાભો મેળવવાની પ્રવૃત્તિ દ્વારા પૂરી પાડવામાં આવી હતી, જેમાં વ્યક્તિઓએ બંધારણીય જોગવાઈઓ હેઠળ અનામત રાખવામાં આવેલી જાતિઓ, જનજાતિઓ અને વર્ગોના સભ્યો હોવાનો ખોટો દાવો કરીને લાભો મેળવ્યા હતા. આ કોર્ટે ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ આપેલા નિર્દેશો દ્વારા નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગના દાવાઓની ચકાસણી માટે સમિતિઓની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ કોર્ટે સ્ક્રૂટિની કમિટીઓ દ્વારા અનુસરવાની પદ્ધતિઓ અને જો કોઈ દાવો ખોટો જણાય તો જે રીતે પગલાં લેવામાં આવશે તેની સ્પષ્ટતા કરી હતી. આ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે જો કોઈ દાવો ખોટો કે બનાવટી જણાય તો:

(૧) કાસ્ટ સ્ક્રૂટિની કમિટીએ પ્રમાણપત્ર રદ કરવાનો અને જપ્ત કરવાનો આદેશ પસાર કરવો જોઈએ;

(૨) પ્રમાણપત્ર રદ કર્યાની જાણ તે શૈક્ષણિક સંસ્થાને કરવી જોઈએ જ્યાં ઉમેદવારને પ્રવેશ આપવામાં આવ્યો હોય અથવા તે નિમણૂક સત્તાધિકારીને કરવી જોઈએ જ્યાં ઉમેદવાર નોકરી કરતો હોય;

(૩) આ સૂચના મળતાં જ સંસ્થાના વડા અથવા નિમણૂક સત્તાધિકારીએ ઉમેદવારને આગળની કોઈ નોટિસ આપ્યા વિના પ્રવેશ અથવા નિમણૂક રદ કરવી જોઈએ અને ઉમેદવારને આગળના અભ્યાસમાંથી અથવા હોદ્દા પર ચાલુ રહેવાથી વંચિત રાખવો જોઈએ; અને

(૪) ખોટો દાવો કરવા માટે જવાબદાર ઉમેદવાર અથવા માતાપિતા કે વાલી સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવી જોઈએ. માધુરી પાટિલ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટના ચુકાદામાં નિર્ધારિત કરવામાં આવેલી આ વ્યવસ્થા ચુકાદાની તારીખ ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ થી અમલમાં આવી હતી. છેવટે મહારાષ્ટ્ર રાજ્યમાં આ નિર્દેશોને ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ના ઘડતર દ્વારા વૈધાનિક માન્યતા મળી, જે રાજ્યમાં ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ ના રોજ અમલમાં આવ્યો. જોકે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે માધુરી પાટિલ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોને વૈધાનિક સ્વરૂપ આપવા માટે રાજ્ય વિધાનમંડળે હસ્તક્ષેપ કર્યો તે પહેલાં પણ, કાયદો ઘડાયા પહેલાં પ્રવર્તતી વ્યવસ્થામાં સ્ક્રૂટિની કમિટી દ્વારા ચકાસણી દરમિયાન જાતિ કે જનજાતિનો દાવો

ખોટો જણાતાં તેના પરિણામો ભોગવવાની કલ્પના કરવામાં આવી જ હતી. પ્રમાણપત્ર રદ થવાના અનિવાર્ય પરિણામરૂપે હોદ્દા પરની નિમણૂક અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ અમાન્ય ઠરે છે. જ્યાં કોઈ ઉમેદવારને જે જૂથ માટે અનામત રાખવામાં આવી હોય તે જૂથના સભ્ય હોવાના દાવાના આધારે અનામત જગ્યા પર નિમણૂક આપવામાં આવી હોય, ત્યાં તે જૂથના હોવાના દાવાને અમાન્ય ઠેરવવાથી અનિવાર્ય પરિણામરૂપે નિમણૂક શરૂઆતથી જ રદબાતલ (વોઇડ એબ ઇનિશિયો) બને છે. આનું કારણ એ છે કે જે ઉમેદવારે અન્યથા બિન–અનામત બેઠકોના સામાન્ય પૂલમાં સ્પર્ધા કરવી પડી હોત તેણે અનામત કેટેગરી પૂરતી મર્યાદિત વધુ સંકુચિત સ્પર્ધામાં નિમણૂક મેળવી લીધી અને નિર્દિષ્ટ જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે નિર્ધારિત લાભ પડાવી લીધો. એકવાર એવું જણાઈ આવે કે ઉમેદવારે અનામત કેટેગરીમાં હોવાની ખોટી રજૂઆત કરીને પ્રવેશ મેળવ્યો હતો, તો નિમણૂક કપટથી દૂષિત થશે અને શરૂઆતથી જ રદબાતલ ગણાશે. દાવાની અસત્યતા એ રજૂઆતમાં રહેલી છે કે ઉમેદવાર તે વ્યક્તિઓની કેટેગરીનો છે જેમના માટે અનામત નિર્ધારિત છે, જ્યારે હકીકતમાં ઉમેદવાર તે કેટેગરીનો નથી. ઉમેદવારને આવા દાવાના આધારે મળેલા લાભથી વંચિત રાખવાનું કારણ એ છે કે કોઈ વ્યક્તિ ખોટા દાવાના આધારે મેળવેલ દુર્લભ જાહેર સંસાધનોનો લાભ પોતાની પાસે રાખી શકે નહીં. જ્યારે કોઈ ઉમેદવાર અનામત કેટેગરીના હોવાના ખોટા દાવાના આધારે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવે છે ત્યારે પણ આ જ સિદ્ધાંત લાગુ પડે છે. આવું કરનાર

ઉમેદવાર અનામત કેટેગરીના વાસ્તવિક ઉમેદવારને નુકસાન પહોંચાડે છે જે બેઠકથી વંચિત રહે છે. તે ઉપરાંત જે વ્યક્તિઓના વર્ગ માટે અનામત નિર્ધારિત છે તે સમગ્ર વર્ગને નુકસાન પહોંચે છે, જેના સભ્યો તે વર્ગના ન હોય તેવા ઢોંગી વ્યક્તિને પ્રવેશ આપવાના પરિણામે બાકાત રહી જાય છે. તેથી, નોકરીની નાબૂદી અથવા પ્રવેશની સમાપ્તિના સ્વરૂપમાં લાભો પાછા ખેંચવા એ તે દાવાને અમાન્ય ઠેરવવાનું એક અનિવાર્ય પરિણામ હતું જેના આધારે નિમણૂક અથવા પ્રવેશ મેળવવામાં આવ્યો હતો. લાભો પાછા ખેંચવા એ મેન્સ રિયા (ગુનાહિત માનસ) અથવા ખોટા દાવા પાછળના ઈરાદા પર આધારિત ન હતું. ફોજદારી કાર્યવાહીના કેસમાં ઈરાદો જરૂરી રહેશે. બીજી તરફ, સિવિલ લાભો પાછા ખેંચવા એ જે જૂથ અથવા કેટેગરી માટે અનામત નિર્ધારિત છે તેના હોવાના દાવાને અમાન્ય ઠેરવવાનું તાર્કિક પરિણામ હતું. માધુરી પાટિલના નિર્ણય બાદ પ્રવર્તતી વ્યવસ્થા હેઠળ આ સ્થિતિ હતી.

૪૦. આ કોર્ટની બંધારણીય બેંચ કે જેણે મિલિંદ (ઉપર મુજબ) ના કેસનો નિર્ણય કર્યો હતો, તે એ સંદર્ભ પર હતી કે ધ કોન્સ્ટીટ્યુશન (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) ઓર્ડર, ૧૯૫૦ માં સમાવિષ્ટ એન્ટ્રીમાં ખાસ ઉલ્લેખ ન હોવા છતાં કોઈ જનજાતિ અથવા જનજાતિ સમુદાય અથવા જનજાતિ કે સમુદાયની અંદરનો કોઈ ભાગ કે જૂથ સામાન્ય નામમાં સમાવિષ્ટ છે તેવો નિર્ણય લેવા કે જાહેર કરવા માટે તપાસ કરવી અને પુરાવા રજૂ કરવા દેવા યોગ્ય છે કે કેમ. બંધારણીય બેંચે ઠેરવ્યું

હતું કે કોઈ જનજાતિ (અથવા તેનું પેટા-જૂથ) ધ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ ઓર્ડર, ૧૯૫૦ માં સ્પષ્ટપણે સમાવિષ્ટ ન હોવા છતાં તેને સામાન્ય નામમાં સમાવિષ્ટ માનવામાં આવે તેવો નિર્ણય લેવા માટે તપાસ કરવી અથવા પુરાવા રજૂ કરવાની મંજૂરી આપવી માન્ય નથી. આ કોર્ટનો અભિપ્રાય છે કે ઓર્ડરમાંની એન્ટ્રી જેવી છે તેવી જ વાંચવી જોઈએ. જોકે, બંધારણીય બેંચે તેના નિર્ણયના પેરા ૩૮ માં, કોર્ટ સમક્ષના વ્યક્તિગત કેસોના સંજોગોને ધ્યાને રાખીને, સંબંધિત ઉમેદવારે મેળવેલી ડિગ્રીનું રક્ષણ કર્યું હતું. આ કોર્ટે એ પણ ઠરાવ્યું હતું કે વચગાળાના હુકમો સહિત પસાર થયેલા સમયને ધ્યાને લેતાં, જે પ્રવેશો અને નિમણૂકો આખરી થઈ ચૂક્યા છે તે ચુકાદાથી અપ્રભાવિત રહેશે. બંધારણીય બેંચના નિર્ણયના પેરા ૩૮ માં કરવામાં આવેલા અવલોકનોનું આ કોર્ટના ઓછામાં ઓછા નીચેના ચુકાદાઓમાં બંધારણના અનુચ્છેદ ૧૪૨ ને આધીન નિર્દેશો તરીકે અર્થઘટન કરવામાં આવ્યું છે:

(૧) બેંક ઓફ ઈન્ડિયા વિરુદ્ધ અવિનાશ ડી. માંડવીકર;

(૨) એડિશનલ જનરલ મેનેજર- હ્યુમન રિસોર્સ, ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ વિરુદ્ધ સુરેશ રામકૃષ્ણ બુર્ડે;

(૩) યુનિયન ઓફ ઈન્ડિયા વિરુદ્ધ દત્તાત્રય, નામદેવ મેંઢેકરના પુત્ર; અને

(૪) યોગેશ રામચંદ્ર નાઇકવાડી વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર.

૭૧. આર. વિશ્વનાથ પિલ્લઈ વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ (ઉપર મુજબ) માં ત્રણ ન્યાયાધીશોની બેંચના નિર્ણય પછી આ કોર્ટ દ્વારા સ્થાપિત કાયદાની સ્થિતિ એ છે કે જ્યાં કોઈ હોદ્દા પર નિમણૂક અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ અનુસૂચિત જાતિ અથવા જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત ખાલી જગ્યા સામે કરવામાં આવે છે, ત્યાં ઉમેદવારના દાવાને અમાન્ય ઠેરવવાથી નિમણૂક અથવા પ્રવેશ રદબાતલ અને અસ્તિત્વવિહીન (નોન એસ્ટ) બનશે. આ સિદ્ધાંત દત્તાત્રય (ઉપર મુજબ) માં ત્રણ ન્યાયાધીશોના અન્ય ચુકાદા દ્વારા અનુસરવામાં આવ્યો છે. બેંક ઓફ ઈન્ડિયા વિરુદ્ધ અવિનાશ માંડવીકર (ઉપર મુજબ) માં બે ન્યાયાધીશોની બેંચ દ્વારા આ જ સ્થિતિ રજૂ કરવામાં આવી છે. નોકરીની ઔપચારિક સમાપ્તિ અથવા પ્રવેશ પાછો ખેંચવો એ જાતિ અથવા જનજાતિના દાવાને અમાન્ય ઠેરવવાથી ઉદ્‌ભવતું અનિવાર્ય પરિણામ છે. આ સિદ્ધાંતનો એકમાત્ર અપવાદ એવા કેસોમાં છે જ્યાં અનુચ્છેદ ૧૪૨ દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, કોર્ટે જે પ્રવેશ આપવામાં આવ્યો હતો અથવા હોદ્દા પર નિમણૂક કરવામાં આવી હતી તેનું રક્ષણ કરવું યોગ્ય અને ઉચિત માન્યું હતું.

૭૨. કવિતા સોલુંકે (ઉપર મુજબ) ના કેસમાં અપીલકર્તાની નિમણૂક ઓગસ્ટ ૧૯૯૫ માં હલબા અનુસૂચિત જનજાતિના હોવાના દાવાના આધારે કરવામાં આવી હતી. સ્ક્રૂટિની કમિટી દ્વારા જનજાતિના દાવાની ચકાસણી કર્યા

પછી એવું જાણવા મળ્યું હતું કે અપીલકર્તા વાસ્તવમાં કોષ્ટી હતા અને હલબા અનુસૂચિત જનજાતિના સભ્ય ન હતા, જેના પગલે સેવા સમાપ્તિનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. સેવા સમાપ્તિને પડકારવા માટેનો એકમાત્ર આધાર અને જે બે ન્યાયાધીશોની બેંચ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો તે એ હતો કે અપીલકર્તાની નિમણૂક આખરી થઈ ચૂકી હોવાથી, અપીલકર્તા અનુસૂચિત જનજાતિના ન હોવાના આધારે તેને રદ કરી શકાય નહીં. કવિતા સોલુંકે (ઉપર મુજબ) માં ૨૦૦૧ નો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** દેખીતી રીતે કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યો ન હતો અને તેની નોંધ લેવામાં આવી ન હતી. સદર એક્ટ ઘડાયા પછી, સ્ક્રૂટિની કમિટી દ્વારા જાતિ પ્રમાણપત્રને અમાન્ય ઠેરવવાથી વૈધાનિક આદેશ તરીકે તે દાવાના આધારે મળેલા લાભો પાછા ખેંચવામાં આવશે અને જ્યાં ઉમેદવારને અનામત જગ્યા પર નિયુક્ત કરવામાં આવ્યો હોય, ત્યાં ઉમેદવાર તે કેટેગરીનો ન હોવાના તારણ પછી સેવા સમાપ્તિ થશે જેના માટે જગ્યા અનામત હતી. જો બે ન્યાયાધીશોની બેંચ દ્વારા ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવી હોત, તો તે સ્પષ્ટ થાત કે કલમ ૭ ની જોગવાઈઓ હેઠળ સ્ક્રૂટિની કમિટીને એક્ટના અમલ પહેલાં કે પછી જારી કરાયેલ જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવાની સત્તા છે અને જો તે એવા નિષ્કર્ષ પર આવે છે કે જાતિ પ્રમાણપત્ર ખોટું છે અને કપટપૂર્વક મેળવવામાં આવ્યું છે તો તેને રદ કરવાનો અને જપ્ત કરવાનો આદેશ આપવાની સત્તા છે. કલમ ૧૦ જાતિ પ્રમાણપત્ર ખોટું હોવાના કારણે રદ થાય ત્યારે મેળવેલા લાભો પાછા ખેંચવાની

જોગવાઈ કરે છે. જ્યારે કલમ ૭ હેઠળ રદ્દીકરણનો આદેશ પસાર કરવામાં આવે ત્યારે અસત્યતાનો ન્યાયિક નિર્ણય થાય છે. એકવાર સ્ક્રૂટિની કમિટી દ્વારા કલમ ૭ હેઠળ જાતિ પ્રમાણપત્ર રદ કરવામાં આવે પછી, આદેશથી પ્રભાવિત વ્યક્તિ પાસે અનુચ્છેદ ૨૨૬ હેઠળ હાઈકોર્ટ સમક્ષ તેના રદ્દીકરણને પડકારવાનો ઉપાય રહે છે. જો પડકાર નિષ્ફળ જાય અથવા પડકાર જતો કરવામાં આવે, અને માત્ર સેવાનું રક્ષણ અથવા અભ્યાસક્રમમાં પ્રવેશનું રક્ષણ કરવાની દાદ માંગવામાં આવે, તો માત્ર આવા રક્ષણાત્મક રાહત આપવી અસ્વીકાર્ય છે. કલમ ૧૦ હેઠળ લાભ પાછો ખેંચવો એ કલમ ૭ હેઠળના રદ્દીકરણ આદેશને અનુસરે છે. એકવાર રદ્દીકરણ માટેની શરતો પૂરી થઈ જાય અને કલમ ૭ હેઠળ રદ્દીકરણ આદેશ પસાર કરવામાં આવે પછી, દાવાના આધારે મળેલા તમામ લાભો પાછા ખેંચવાનો વિરોધ અપ્રમાણિક ઈરાદાની ગેરહાજરીના સિદ્ધાંત પર કરી શકાય નહીં.

૪૩. કવિતા સોલુંકે (ઉપર મુજબ) નો નિર્ણય કરનાર બે ન્યાયાધીશોની બેંચ સમક્ષ જે તર્ક હતો તે એ હતો કે જો અપીલકર્તા સેવામાં જોડાયા તે પહેલાં પણ હલબા કોષ્ટીને હલબા તરીકે ગણવામાં આવતા હતા અને જો બાકાત રાખવાનો એકમાત્ર આધાર મિલિંદ (ઉપર મુજબ) માં જાહેર કરાયેલ કાયદો હતો, તો જે ઉમેદવારોની અરજીઓ આખરી થઈ ગઈ હતી તેમને મળતું રક્ષણ અપીલકર્તાને પણ કેમ ન આપવું તેનું કોઈ કારણ ન હતું. કવિતા સોલુંકે (ઉપર

મુજબ) ના નિર્ણય પર આધાર રાખીને, આ કોર્ટની અન્ય બે ન્યાયાધીશોની બેંચે શાલિની (ઉપર મુજબ) ના કેસમાં જે વ્યક્તિઓના જાતિ દાવાઓ અમાન્ય ઠર્યા હતા તેમને રક્ષણ આપવા કે નકારવા માટે અપ્રમાણિક ઈરાદાની કસોટી રજૂ કરી હતી. કોર્ટનો અભિપ્રાય નિર્ણયના પેરા ૯ માં સમાવિષ્ટ નીચેના અંશમાંથી સ્પષ્ટ થાય છે જે નીચે મુજબ છે:

"૯. નિર્દોષ વ્યક્તિને સજા કરવી અને તેને અત્યંત કઠોર વર્તન હેઠળ લાવવી તે કાયદાનો ઈરાદો નથી. એટલા માટે જ આ કોર્ટે નક્કી કર્યું છે અને સતત અનુસર્યું છે કે કરવેરા કાયદાઓ, જે હંમેશા કરદાતાના આર્થિક નુકસાન માટે કામ કરે છે, તેનું અર્થઘટન કરદાતાની તરફેણમાં થવું જોઈએ. તેથી, આપણે જોઈએ છીએ તેમ, રુબિકોનની એક તરફ અપ્રમાણિક અને અસત્યવાદી વ્યક્તિઓના કેસો છે જેમણે જાણીજોઈને અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જનજાતિઓ વગેરે સાથે સગપણનો દાવો કર્યો છે, જ્યારે બીજી તરફ તે અટવાયેલા લોકો છે જેમણે પ્રામાણિકપણે અને સાચી રીતે ચોક્કસ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો કર્યો હતો પરંતુ બાદમાં સંબંધિત સત્તાધિકારી દ્વારા જાણવા મળ્યું હતું કે તેઓ સંરક્ષિત વર્ગ માટે નિર્ધારિત ચોક્કસ જૂથમાં આવતા નથી. અગાઉના જૂથમાં, વ્યક્તિઓ સેવા સમાપ્તિ સહિતના તમામ લાભો તાત્કાલિક બંધ કરવાને પાત્ર છે. પછીના જૂથમાં, અસ્પષ્ટતા અને અનિશ્ચિતતા દૂર થયા પછી, જ્યારે પહેલેથી ભોગવેલી સેવાઓ

અથવા લાભો નકારવામાં આવશે નહીં, તેઓ સદર અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના હોવાના આધારે આગળનો અથવા ચાલુ લાભ મેળવવા માટે હકદાર રહેશે નહીં."

ઉપરોક્ત અવલોકનો પેરા ૧૧ ના અવલોકનો સાથે વાંચવા જોઈએ (જે અગાઉ ટાંકવામાં આવ્યા છે) જ્યાં કોર્ટે ઠેરવ્યું હતું કે અપ્રમાણિક ઈરાદો કાનૂની દંડની માંગ કરે છે. શાલિની (ઉપર મુજબ) માં કોર્ટે ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની કલમ ૧૦ ની જોગવાઈઓની નોંધ લીધી (જે કવિતા સોલુંકે (ઉપર મુજબ) ના અગાઉના નિર્ણયમાં નોંધાઈ ન હતી) તેમ છતાં ઠેરવ્યું કે કલમ ૧૦ ની જોગવાઈઓ લાગુ કરવા માટે અનુસૂચિત જાતિ કે જનજાતિ અથવા નિયુક્ત પછાત વર્ગ માટે અનામત લાભ મેળવવાના હેતુથી અપ્રમાણિક ઈરાદો હોવો જરૂરી છે. ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની કલમ ૧૦ માં સમાવિષ્ટ "ખોટા" શબ્દનું અર્થઘટન મેન્સ રિયા અથવા અપ્રમાણિક ઈરાદાની હાજરી અનિવાર્યપણે જરૂરી હોવાના અર્થમાં કરવામાં આવ્યું છે.

૪૪. રાજ્ય કાયદાના ઘડતર પાછળનો હેતુ અને ઉદ્દેશ્ય જાતિ પ્રમાણપત્રો જારી કરવાનું નિયમન કરવાનો અને પ્રકાશમાં આવેલા તેવા કિસ્સાઓ સાથે વ્યવહાર કરવાનો છે જ્યાં અનુસૂચિત જાતિ કે જનજાતિ અથવા અનામત વર્ગના ન હોય તેવા લોકો અસલી ઉમેદવારોના ભોગે નિમણૂકો અથવા પ્રવેશ મેળવી

રહ્યા હતા. આ કાયદાનો મૂળભૂત હેતુ અને તર્ક વાસ્તવિક દાવાકારોના વાજબી હક્કો સુરક્ષિત કરવાનો છે. શાલિની (ઉપર મુજબ) ના કેસનો ચુકાદો કલમ ૧૦ ની જોગવાઈઓમાં અપ્રમાણિક ઈરાદાની જરૂરિયાતને આરોપિત કરવામાં ભૂલભરેલો છે. કલમો ૭ અને ૧૦ નું સુમેળભર્યું અર્થઘટન કરવું પડશે. કલમ ૭ જાતિ પ્રમાણપત્ર રદ કરવાની જોગવાઈ કરે છે જ્યાં એક્ટના અમલ પહેલાં કે પછી, અનામત કેટેગરીમાં ન આવતી વ્યક્તિએ ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવ્યું હોય અને સ્ક્રૂટિની કમિટી તપાસ પછી એવા અભિપ્રાય પર પહોંચે કે પ્રમાણપત્ર કપટપૂર્વક મેળવવામાં આવ્યું હતું. પ્રમાણપત્ર રદ થાય તે પહેલાં આ શરતો પૂરી થવી જોઈએ. જાતિ પ્રમાણપત્રની અસત્યતા અને તે કપટપૂર્વક મેળવવામાં આવ્યું હોવાનો સ્ક્રૂટિની કમિટીનો અભિપ્રાય કલમ ૭ હેઠળ રદ્દીકરણનો આધાર બને છે. કલમ ૧૦ એવી જોગવાઈ કરે છે કે જે વ્યક્તિ અનામત કેટેગરીમાં આવતી નથી અને ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરીને અનામત જગ્યા પર પ્રવેશ મેળવે છે અથવા નિમણૂક મેળવે છે, તેને સ્ક્રૂટિની કમિટી દ્વારા તે રદ થતાં સંસ્થામાંથી બાકાત રાખવામાં આવશે અથવા કેસ મુજબ નોકરીમાંથી છૂટા કરવામાં આવશે અને મેળવેલા લાભો પાછા ખેંચવામાં આવશે. પેટા–કલમ (૨) તમામ નાણાકીય લાભોની વસૂલાતની જોગવાઈ કરે છે જ્યારે પેટા–કલમ (૩) ડિગ્રી, ડિપ્લોમા અથવા શૈક્ષણિક લાયકાત રદ કરવાની જોગવાઈ કરે છે. પેટા–કલમ (૪) ચૂંટણી હોદ્દા પરથી ગેરલાયકાતની જોગવાઈ કરે છે. પ્રમાણપત્રની અસત્યતા એ કલમ ૭ હેઠળના આદેશનો આધાર છે. કલમ ૧૦ પરિણામ દર્શાવે

છે. સ્ક્રૂટિની કમિટીના આદેશને પડકાર (જાતિ અથવા જનજાતિ પ્રમાણપત્રને અમાન્ય ઠેરવતો) નિષ્ફળ જઈ શકે છે અથવા સફળ થઈ શકે છે. જો હાઇકોર્ટ સમક્ષનો પડકાર સફળ થાય, તો કલમ ૧૦ હેઠળના પરિણામનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો પડકાર નિષ્ફળ જાય, તો કલમ ૧૦ હેઠળનું પરિણામ કલમ ૭ હેઠળના આદેશના તારણને અનુસરે છે કે પ્રમાણપત્ર ખોટું છે. તેવી જ રીતે, જો કલમ ૭ હેઠળના આદેશને પડકારવામાં ન આવે, અથવા જો પડકાર જતો કરવામાં આવે, તો જે પ્રમાણપત્ર અમાન્ય ઠર્યું છે તેના આધારે મેળવેલા લાભોનું રક્ષણ કરવાનો કોઈ પ્રસંગ રહેતો નથી. "ખોટા" શબ્દનું અર્થઘટન સાચા, અસલી અથવા અધિકૃતથી વિપરીત કરવું આવશ્યક છે. આ અર્થમાં અસત્યતા એટલે અનામત કેટેગરીના હોવાનો દાવો રજૂ કરવો.

૭૫. એ નોંધવું જોઈએ કે કલમ ૧૦ તે સિવિલ લાભો પાછા ખેંચવાની જોગવાઈ કરે છે જે અનામત કેટેગરીના હોવાના દાવાના આધારે વ્યક્તિને મળ્યા હોય, જ્યારે યોગ્ય તપાસ અને ચકાસણી પછી તે દાવો અમાન્ય ઠરે છે. કલમ ૧૦, તેની હાંસિયાની નોંધ સૂચવે છે તેમ, ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવાની જોગવાઈ કરે છે. કલમ ૧૧ ગુનાઓ અને દંડની જોગવાઈ કરે છે. જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરવાથી બે પરિણામો આવી શકે છે: (૧) ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે ઉમેદવાર દ્વારા મેળવેલા લાભોનું તાત્કાલિક રદ્દીકરણ અથવા પાછા ખેંચવા; (૨) સ્ક્રૂટિની કમિટી દ્વારા ખોટું

જણાયેલું પ્રમાણપત્ર મેળવનાર દાવાકાર સામે ફોજદારી કાર્યવાહી. ઉમેદવારનો ઈરાદો માત્ર ત્યારે જ પ્રસ્તુત હોઈ શકે જો કોઈ ફોજદારી ગુના માટે કાર્યવાહી કરવામાં આવે. જોકે, જ્યાં ખોટા જાતિ દાવાના આધારે મળેલા લાભો પાછા ખેંચવાનું સિવિલ પરિણામ પ્રશ્નમાં હોય, ત્યાં અપ્રમાણિક ઈરાદાની જરૂરિયાત ઉમેરવી એ વૈધાનિક ઈરાદાથી વિરુદ્ધ હશે. આવી જરૂરિયાત ઉમેરીને, શાલિની (ઉપર મુજબ) ના કેસમાં બે ન્યાયાધીશોની બેંચ ભૂલભરેલી રહી છે. તેથી, શાલિની (ઉપર મુજબ) નો ચુકાદો સાચો સિદ્ધાંત રજૂ કરતો નથી તેમ માનવું જ રહ્યું. વસ્તુઓની મૂળ પ્રકૃતિમાં જાતિ પ્રમાણપત્ર માટેના અરજદારની માનસિક પ્રક્રિયાઓની ઊંડાણમાં ઉતરવું એ અશક્ય બોજ લાદવા જેવું હશે. સદર એક્ટની જોગવાઈઓ દર્શાવે છે તેમ, જે વ્યક્તિ અનામત કેટેગરીની હોવાનો દાવો કરે છે અને જે અનામત જગ્યા પર નિમણૂકનો અથવા અનામત બેઠક પર શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશનો અથવા અનુચ્છેદ ૧૫(૪) ની જોગવાઈઓ દ્વારા આપવામાં આવેલ અન્ય કોઈપણ લાભ મેળવવા માંગે છે, તેણે જાતિ પ્રમાણપત્ર આપવા માટે અરજી કરવી પડે છે. તે આવી જાતિ, જનજાતિ અથવા વર્ગનો છે તે સાબિત કરવાનો પુરાવાનો બોજ દાવાકાર પર રહે છે. વિધાનમંડળે વાજબી રીતે માની લીધું છે કે જે વ્યક્તિ જાતિ પ્રમાણપત્ર માંગે છે તે ચોક્કસપણે જે જાતિ, જનજાતિ અથવા વર્ગની છે તેનાથી વાકેફ હોવી જોઈએ અને તેણે દાવો સ્થાપિત કરવો જોઈએ. જો અનામત કેટેગરીના હોવાનો દાવો અસત્ય જણાય, તો જાતિ પ્રમાણપત્ર તે ખોટી રીતે મેળવવામાં આવ્યું હોવાના કારણોસર રદ કરવું પડશે.

ઉમેદવારને લાભ આપવો એ કપટપૂર્ણ છે કારણ કે ઉમેદવારે ચોક્કસ જાતિ, જનજાતિ અથવા વર્ગ માટે વિશિષ્ટ રીતે અનામત રાખવામાં આવેલ લાભ મેળવ્યો છે જેના માટે તે હકદાર નથી. શાલિની (ઉપર મુજબ) ના કેસનો નિર્ણય ગંભીર પરિણામો તરફ દોરી જશે અને વૈધાનિક જોગવાઈને નિષ્પ્રાણ બનાવી દેશે. શાલિની (ઉપર મુજબ) ના કેસના ચુકાદા દ્વારા કલમ ૧૦ ની જોગવાઈઓ પર મૂકવામાં આવેલું અર્થઘટન સ્પષ્ટપણે ખોટું છે.

૪૬. કેન્દ્ર અને રાજ્યો હેઠળની સેવા, અથવા તે બાબતે રાજ્યના સાધનો હેઠળની સેવા જાહેર હેતુ પૂરો પાડે છે. આ સેવાઓ શાસનના સાધનો છે. જ્યાં રાજ્ય જાહેર રોજગારી હાથ ધરે છે, ત્યાં અનુચ્છેદ ૧૪ અને ૧૬ ના આદેશ હેઠળ સમાન તકની તકનું પાલન કરવાનું રહે છે. આપણા બંધારણમાં અનામત નીતિ વાસ્તવિક સમાનતાની શોધનો એક ભાગ છે. ઉપલબ્ધ સંસાધનો અને જાહેર રોજગારીના રૂપમાં પૂરી પાડવામાં આવતી તકો વર્તમાન સમયમાં માંગ અને જરૂરિયાતો કરતાં ઓછી છે. તેથી, પસંદગીની પ્રક્રિયા અને પાત્રતાના માપદંડોનું નિર્ધારણ રાજ્યને સ્પર્ધાત્મક દાવાઓ વચ્ચે પસંદગી કરવામાં સક્ષમ બનાવવામાં મહત્વપૂર્ણ જાહેર તત્વ ધરાવે છે. અપાત્ર વ્યક્તિઓની પસંદગી એ વ્યવસ્થાકીય નિષ્ફળતાનું અભિવ્યક્તિ છે અને સુશાસન પર તેની હાનિકારક અસર પડે છે. પ્રથમ, જે વ્યક્તિ પાત્ર નથી તેની પસંદગી અપાત્ર વ્યક્તિને દુર્લભ જાહેર સંસાધનો સુધી પહોંચવાની મંજૂરી આપે છે. બીજું, પાત્ર વ્યક્તિઓના અધિકારોનું ઉલ્લંઘન થાય છે કારણ કે જે વ્યક્તિ પદ માટે પાત્ર નથી તેની

પસંદગી કરવામાં આવે છે. ત્રીજું, અયોગ્ય રીતે ઢોંગી વ્યક્તિ પર લાભો આપીને ગેરકાયદેસરતા આચરવામાં આવે છે. સુશાસન પરની આ અસરો ત્યારે પણ જોવા મળે છે જ્યારે અનામત વર્ગમાં ન આવતી વ્યક્તિ તે વર્ગના સભ્ય તરીકે દર્શાવીને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવે છે. જેમના માટે બંધારણે વિશેષ જોગવાઈઓ કરી છે તેઓ પરિણામે બહાર ફેંકાઈ જાય છે જ્યારે અનામત વર્ગમાં ન આવતી ઢોંગી વ્યક્તિની પસંદગી કરવામાં આવે છે. બંધારણ પરનું કપટ ચોક્કસપણે આમાં જ રહેલું છે. આવા પરિણામને ટાળવું જોઈએ અને અનુચ્છેદ ૧૪૨ હેઠળના અધિકારક્ષેત્રના ઉપયોગમાં ઢોંગી વ્યક્તિઓના અન્યાયી દાવાઓ સુરક્ષિત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે કોર્ટ દ્વારા કડક પગલાં લેવા જોઈએ. રાષ્ટ્ર અસત્ય પર જીવી શકે નહીં. કાયદાના શાસનને જાળવવામાં કોર્ટ મહત્વપૂર્ણ સંસ્થાકીય ભૂમિકા ભજવે છે. અપ્રમાણિક લોકોને રક્ષણ આપવા માટે અને ન્યાયસંગતતાના દેખીતા બહાના હેઠળ ઢોંગી વ્યક્તિને મળેલા લાભોને જાળવી રાખવા માટે ન્યાયિક પ્રક્રિયાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. એકવાર વિધાનમંડળે ૨૦૦૧ નો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ઘડીને હસ્તક્ષેપ કર્યો હોય, ત્યારે અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાનો ઉપયોગ વૈધાનિક જોગવાઈઓને નિષ્ફળ બનાવવા માટે થવો જોઈએ નહીં. મિલિંદના કેસમાં બંધારણીય બેંચે ૨૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ ચુકાદો આપ્યો હતો. રાજ્યનો કાયદો ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં આવ્યો છે. ન્યાયિક નિર્દેશો કાયદા સાથે સુસંગત હોવા જોઈએ. અગાઉ નોંધેલા બે ન્યાયાધીશોની બેંચના કેટલાક નિર્ણયો ૨૦૦૧ ના

મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની નોંધ લેવામાં નિષ્ફળ રહ્યા હતા. અનુચ્છેદ ૧૪૨ હેઠળ જારી કરાયેલા નિર્દેશો એ ભૂલભરેલી ગર્ભિત ધારણા પર હતા કે આ ક્ષેત્ર કાયદા દ્વારા નિયંત્રિત ન હતું. શાલિનીના કેસમાં કાયદાની નોંધ લેવામાં આવી હતી પરંતુ તેનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

૪૭. કૂલીઝ ટ્રીટાઇઝ ઓન કોન્સ્ટીટ્યુશનલ લિમિટેશન્સ આ બાબતને નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરે છે:

"ડી જુરે (કાયદેસરનો) અધિકારી તે છે કે જે કાનૂની લાયકાત ધરાવીને સંબંધિત હોદ્દા માટે કાયદેસર રીતે પસંદ કરવામાં આવ્યો છે અને તેની ફરજોના પાલન માટેની કોઈપણ પૂર્વ શરતો પૂર્ણ કરી છે. આ રીતે પસંદ થવાથી અને પૂર્વ શરતોનું પાલન કરવાથી, આવી વ્યક્તિ હોદ્દાના કબજા અને ભોગવટા માટે હકદાર બને છે, અને જાહેર જનતા, જેના હિતમાં આ હોદ્દો બનાવવામાં આવ્યો છે, તે તેની પાસેથી ફરજોનું પાલન કરાવવા માટે કાયદેસર રીતે હકદાર છે. જો તેને તેમાંથી બાકાત રાખવામાં આવે છે, તો આ બાકાત રાખવું એ જાહેર ગુનો અને ખાનગી નુકસાન બંને છે."

આ કોર્ટના તાજેતરના ચુકાદા અનુરાગ કુમાર સિંઘ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તરાખંડ માં ઠેરવવામાં આવ્યું છે કે ન્યાયિક વિવેકબુદ્ધિનો ઉપયોગ ત્યારે જ થઈ શકે છે જ્યારે બે કે તેથી વધુ સંભવિત કાયદેસર ઉકેલો ઉપલબ્ધ હોય.

કથિત ન્યાયિક વિવેકબુદ્ધિના ઉપયોગમાં કોર્ટ કાયદાથી વિરુદ્ધ નિર્દેશ આપી શકે નહીં. બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તા એવી છે જેનો ઉપયોગ સાવચેતીપૂર્વક થવો જોઈએ અને એવી રીતે નહીં જે વૈધાનિક ઈરાદા, હેતુ અને ભાષાને પરાજિત કરે. અહરોન બારક તેમના પુસ્તક "જ્યુડિશિયલ ડિસ્ક્રિશન (૧૯૮૯)" માં નીચે મુજબ જણાવે છે:

"૧૬......વિવેકબુદ્ધિ અનેક કાયદેસર વિકલ્પો વચ્ચે પસંદગી કરવાની સ્વતંત્રતા ધારે છે. તેથી, જ્યારે માત્ર એક જ કાયદેસર વિકલ્પ હોય ત્યારે વિવેકબુદ્ધિ અસ્તિત્વમાં નથી હોતી. આ પરિસ્થિતિમાં, ન્યાયાધીશે તે વિકલ્પ પસંદ કરવો જરૂરી છે અને તેને પસંદગીની કોઈ સ્વતંત્રતા નથી. કાયદેસર કૃત્ય અને ગેરકાયદેસર કૃત્ય વચ્ચેની પસંદગીમાં કોઈ વિવેકબુદ્ધિ શામેલ નથી. ન્યાયાધીશે કાયદેસર કૃત્ય પસંદ કરવું જ જોઈએ, અને તે ગેરકાયદેસર કૃત્ય પસંદ કરવાથી પ્રતિબંધિત છે. બીજી બાજુ, વિવેકબુદ્ધિ અનેક વિકલ્પોમાંથી એક ચોક્કસ શક્યતા પસંદ કરવાની જવાબદારીનો અભાવ ધારે છે."

૪૮. અરુણ સોનોને (ઉપર મુજબ) માં બોમ્બે હાઈકોર્ટના ફુલ બેંચના ચુકાદાએ કવિતા સોલુંકે (ઉપર મુજબ) અને શાલિની (ઉપર મુજબ) ના ચુકાદાઓનું એવું અર્થઘટન કર્યું છે કે તેમણે ગણેશ રામભાઉ ખલાલે અને રમેશ કાંબલેના અગાઉના ફુલ બેંચના ચુકાદાઓને ગર્ભિત રીતે રદબાતલ કર્યા છે. કવિતા સોલુંકે (ઉપર મુજબ) અને શાલિની (ઉપર મુજબ) માં બે ન્યાયાધીશોની

બેંચ દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણયો અંગે અમે જે નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ તેને ધ્યાને લેતાં, અમે અરુણ સોનોને (ઉપર મુજબ) માં કુલ બેંચ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાય સાથે સંમત થઈ શકતા નથી. અરુણ સોનોને (ઉપર મુજબ) માં બોમ્બે હાઇકોર્ટની કુલ બેંચનો ચુકાદો ઠેરવે છે કે

(૧) સ્ક્રૂટિની કમિટી દ્વારા જાતિના દાવાને માત્ર અમાન્ય ઠેરવવાથી ૨૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ મિલિંદ (ઉપર મુજબ) ના નિર્ણય પહેલાં આખરી થઈ ગયેલ લાભો પાછા ખેંચવા અથવા નોકરીમાંથી છૂટા કરવા અથવા નિમણૂકો રદ કરવાના પરિણામો આવશે નહીં;

(૨) જાતિનો દાવો અમાન્ય ઠર્યા પછી સેવામાં રક્ષણનો લાભ માત્ર કોષ્ટી અને હલબા કોષ્ટી વ્યક્તિઓ માટે જ ઉપલબ્ધ નથી પરંતુ તે જ શરતો પર ખાસ પછાત વર્ગની વ્યક્તિઓ માટે પણ ઉપલબ્ધ છે. હાઇકોર્ટે ત્યાં સુધી ઠેરવ્યું છે કે મિલિંદ (ઉપર મુજબ) નો નિર્ણય બોમ્બે હાઇકોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાના પ્રોસ્પેક્ટિવ ઓવરરૂલિંગ (ભવિષ્યલક્ષી રદ્દીકરણ) ના સ્વરૂપમાં હતો. બોમ્બે હાઇકોર્ટનો ઉપરોક્ત અભિપ્રાય સ્પષ્ટપણે અસમર્થનીય છે. મિલિંદ (ઉપર મુજબ) ના ચુકાદામાં કે તેનું અર્થઘટન કરનારા આ કોર્ટના કોઈપણ ચુકાદામાં એવું ઠેરવવામાં આવ્યું નથી કે મિલિંદ (ઉપર મુજબ) એ પ્રોસ્પેક્ટિવ ઓવરરૂલિંગની કવાયત હતી. હાઇકોર્ટે આવું ઠેરવવામાં ભૂલ કરી હતી. અરુણ સોનોને (ઉપર મુજબ) માં કુલ બેંચનો નિર્ણય અસમર્થનીય છે. કુલ બેંચ દેખીતી

રીતે એ નોંધવામાં નિષ્ફળ રહી હતી કે જાતિનો દાવો અમાન્ય ઠર્યા પછી આ કોર્ટ દ્વારા જે કેસોમાં રક્ષણ આપવામાં આવ્યું હતું તે દરેક કેસના તથ્યો અને સંજોગોના આધારે બંધારણના અનુચ્છેદ ૧૪૨ દ્વારા આપવામાં આવેલી સત્તાના ઉપયોગમાં હતું. અનુચ્છેદ ૨૨૬ હેઠળના અધિકારક્ષેત્રના ઉપયોગમાં હાઈકોર્ટ માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળનું અધિકારક્ષેત્ર સ્પષ્ટપણે ઉપલબ્ધ નથી. હાઈકોર્ટે તે અધિકારક્ષેત્ર પોતાની પાસે હોવાનું માની લેવામાં ભૂલ કરી હતી.

૪૯. જે વ્યક્તિઓના જાતિ/જનજાતિના દાવાઓ અમાન્ય ઠર્યા છે તેમની તરફથી કરવામાં આવેલી આ રજૂઆતમાં અમને કોઈ તથ્ય જણાતું નથી કે ૨૦૦૧ નો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** સદર એક્ટ અમલમાં આવ્યો તે તારીખ પહેલાં કરવામાં આવેલા પ્રવેશો અથવા નિમણૂકોને લાગુ પડી શકે નહીં.

૫૦. પશ્ચાતવર્તી અમલ પર આધારિત રજૂઆત વિશ્લેષણની કેટલીક નિર્ણાયક કડીઓની અવગણના કરે છે. અર્થઘટનનો આ એક મુખ્ય સિદ્ધાંત છે કે દરેક કાયદો પ્રાથમિક દ્રષ્ટિએ ભવિષ્યલક્ષી હોય છે સિવાય કે તેને સ્પષ્ટપણે અથવા અનિવાર્ય ગર્ભિતાર્થ દ્વારા પશ્ચાતવર્તી અમલ આપવામાં આવ્યો હોય. જોકે, આ નિયમ સામાન્ય રીતે ત્યાં લાગુ પડે છે જ્યાં કાયદાનો ઉદ્દેશ્ય નિહિત અધિકારોને અસર કરવાનો અથવા નવા બોજ લાદવાનો અથવા અસ્તિત્વમાં રહેલી જવાબદારીઓને ક્ષતિગ્રસ્ત કરવાનો હોય. તે જ રીતે પશ્ચાતવર્તી અર્થઘટન

વિરુદ્ધનો નિયમ કોઈ કાયદાને માત્ર એટલા માટે લાગુ પડતો નથી કારણ કે તેના અમલ માટે જરૂરી શરતોનો એક ભાગ તેના પસાર થવા પહેલાંના સમયમાંથી લેવામાં આવ્યો છે. ૨૦૦૧ નો મહારાષ્ટ્ર એક્ટ **XXIII** કલમ ૧(૨) માં જોગવાઈ કરે છે કે તે રાજ્ય સરકાર રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા પછી સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નિયુક્ત કરે તેવી તારીખોથી અમલમાં આવશે. સદર એક્ટ ૧૭ ઓક્ટોબર ૨૦૦૧ ના સરકારી જાહેરનામા દ્વારા ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ થી અમલમાં આવ્યો હોવાનું અધિસૂચિત કરવામાં આવ્યું હતું. સદર એક્ટના અમલ પહેલાં, જે વ્યવસ્થા પ્રવર્તતી હતી તે આ કોર્ટ દ્વારા માધુરી પાટિલના કેસમાં ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ ના તેના ચુકાદામાં જારી કરાયેલા નિર્દેશો મુજબની હતી. આ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં નીચેની બાબતો સમાવિષ્ટ હતી:

(૧) અધિસૂચિત અધિકારીને જાતિ પ્રમાણપત્રો આપવા માટેની અરજીઓ કરવી;

(૨) અરજીના સમર્થનમાં સંબંધિત વિગતો સાથે સોગંદનામું રજૂ કરવું;

(૩) શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ અથવા હોદ્દા પર નિમણૂક મેળવતા પહેલાં ઘણા સમય અગાઉ સ્ક્રૂટિની કમિટી સમક્ષ જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે અરજી રજૂ કરવી;

(૪) જ્યાં સ્ક્રૂટિની કમિટી દ્વારા ચકાસણીમાં સમય લાગવાની સંભાવના હોય ત્યાં કામચલાઉ પ્રવેશ અથવા કામચલાઉ નિમણૂક આપવી;

(૫) જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે સ્ક્રૂટિની કમિટીઓની રચના કરવી;

(૬) ઉમેદવારની સામાજિક સ્થિતિ અને જનજાતિ જૂથ સાથેના સંબંધની તપાસ કરવાના હેતુથી વિજિલન્સ સેલની રચના કરવી;

(૭) જ્યારે સામાજિક દરજ્જાનો દાવો અસલી ન જણાય, શંકાસ્પદ, નકલી અથવા ખોટી રીતે કરવામાં આવેલ જણાય ત્યારે જાતિ પ્રમાણપત્રો રદ કરવા માટે અનુસરવાની પદ્ધતિઓ;

(૮) જો દાવો ખોટો જણાય તો જાતિ પ્રમાણપત્ર રદ કરવાનો અને જપ્ત કરવાનો આદેશ પસાર કરવો;

(૯) ખોટો દાવો કરનાર ઉમેદવાર અથવા માતાપિતા કે વાલી સામે ફોજદારી કાર્યવાહી કરવી;

(૧૦) જ્યાં જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરે ત્યાં આપવામાં આવેલ પ્રવેશ અથવા કરવામાં આવેલ નિમણૂક રદ કરવી અને ઉમેદવારને આગળના અભ્યાસમાંથી અથવા હોદ્દા પર ચાલુ રહેવાથી વંચિત રાખવો.

૫૧. માધુરી પાટિલના નિર્દેશો હેઠળ ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ થી પ્રવર્તતી વ્યવસ્થાને ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ના ઘડતર દ્વારા વૈધાનિક દરજ્જો

આપવામાં આવ્યો હતો. કલમ ૭ ખોટા જાતિ પ્રમાણપત્રને રદ કરવાની અને જપ્ત કરવાની જોગવાઈ કરે છે, ભલે તે સદર એક્ટના અમલ પહેલાં કે પછી જારી કરવામાં આવ્યું હોય. "આ એક્ટના અમલ પહેલાં કે પછી" શબ્દપ્રયોગ સૂચવે છે કે કલમ ૬ હેઠળ રચાયેલી સ્ક્રૂટિની કમિટીને જાતિ પ્રમાણપત્ર રદ કરવાની સત્તા છે, ભલે તે ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ પહેલાં જારી કરવામાં આવ્યું હોય કે ત્યારબાદ. કલમ ૧૦ કે જે રદ કરાયેલા ખોટા જાતિ પ્રમાણપત્રના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવાની જોગવાઈ કરે છે તે અનિવાર્યપણે જાતિ પ્રમાણપત્ર રદ કરવાનું એક પરિણામ છે. જ્યાં કોઈ ઉમેદવારે નિયુક્ત અનામત કેટેગરીના હોવાના આધારે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોય અને તપાસ દરમિયાન એવું જણાય કે તે કેટેગરીના હોવાનો દાવો ખોટો છે, તો જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠરવાની સાથે સંસ્થામાં પ્રવેશ અનિવાર્યપણે રદ થાય છે. પ્રવેશ ચોક્કસ જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાના દાવા પર આધારિત હોવાથી, દાવો અસત્ય જણાતાં તે રદબાતલ બને છે. હોદ્દા પરની નિમણૂકના કિસ્સામાં પણ આ જ બાબત લાગુ પડવી જોઈએ. તેથી, કલમ ૧૦ માં "આ એક્ટના અમલ પહેલાં કે પછી" શબ્દોની ગેરહાજરી કોઈ વાસ્તવિક તફાવત લાવતી નથી કારણ કે લાભ પાછો ખેંચવો એ એક એવી ઘટના છે જે કુદરતી રીતે અને દાવાને અમાન્ય ઠેરવવાના સ્પષ્ટ પરિણામ તરીકે ઉદ્‌ભવે છે. તદુપરાંત, રાજ્ય કાયદાના ઘડતર પહેલાં પણ, જાતિના દાવાના આધારે મેળવેલ લાભ તેના અમાન્ય ઠરવા પર પાછો ખેંચવાપાત્ર હતો. તેથી સદર એક્ટે નિહિત અધિકારોને અસર કરી નથી કે

નવા બોજ પણ લાદ્યા નથી. સદર એક્ટ કલમો ૭ અને ૧૦ માં અસ્તિત્વમાં રહેલી જવાબદારીઓને ક્ષતિગ્રસ્ત કરતો નથી.

જોકે, કલમ ૧૧ ની જોગવાઈઓનું વિશ્લેષણ દર્શાવે છે કે આ જોગવાઈ ગુનાઓનું સર્જન કરે છે અને દંડની જોગવાઈ કરે છે. કલમ ૧૧(૧)(એ) હેઠળ ગુનો (ખોટી માહિતી આપીને), ખોટું નિવેદન અથવા દસ્તાવેજો રજૂ કરીને અથવા કોઈપણ કપટપૂર્ણ માધ્યમથી ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવવાનો બને છે. કલમ ૧૧(૧)(બી) હેઠળ તે કેટેગરીમાં ન આવતી વ્યક્તિ દ્વારા નિયુક્ત જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગો માટે વિશિષ્ટ રીતે અનામત રાખવામાં આવેલ લાભ મેળવવાનો ગુનો બને છે, જેમાં નીચેની બાબતો સામેલ છે:

(૧) નિમણૂક;

(૨) અનામત બેઠક સામે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ; અથવા

(૩) તે કેટેગરી માટે અનામત રાખવામાં આવેલા હોદ્દા સામે સ્થાનિક સત્તામંડળ અથવા સહકારી મંડળીની ચૂંટણી લડવી.

૫૨. કલમ ૧૧(૧) ની જોગવાઈઓ બંધારણના અનુચ્છેદ ૨૦(૧) માં સમાવિષ્ટ ગેરંટીને ધ્યાને રાખીને ભવિષ્યલક્ષી અર્થમાં વાંચવી અને અર્થઘટન કરવી જોઈએ. ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** દ્વારા ગુનો બનાવવામાં આવ્યો

હોવાથી, ગુનો બનતું કૃત્ય સદર એક્ટના અમલની તારીખ પછીના સમયગાળા સાથે સંબંધિત હોવું જોઈએ. કલમ ૧૧ ની દંડાત્મક જોગવાઈઓના સંદર્ભમાં, કાયદો જ્યાં સુધી ગુનાઓનું સર્જન કરે છે અને દંડની જોગવાઈ કરે છે ત્યાં સુધી તેનું ભવિષ્યલક્ષી અર્થઘટન થવું જોઈએ.

૫૩. વહીવટી પરિપત્રો અને સરકારી ઠરાવો વૈધાનિક આદેશને આધીન છે અને તે બંધારણીય ધોરણો અથવા વૈધાનિક સિદ્ધાંતોથી વિરુદ્ધ હોઈ શકે નહીં. જ્યાં કોઈ ઉમેદવારે જેમના માટે જગ્યા નિર્ધારિત છે તે નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાના ગંભીર આધાર પર હોદ્દા પર નિમણૂક મેળવી હોય અને સ્ક્રૂટિની કમિટી દ્વારા ચકાસણી દરમિયાન એવું જણાય કે દાવો ખોટો છે, તો આવી વ્યક્તિની સેવાઓનું વહીવટી પરિપત્રો અથવા ઠરાવોનો આશરો લઈને રક્ષણ કરી શકાય નહીં. પચાવી પાડનારના દાવાઓનું રક્ષણ કરવું એ બંધારણીય યોજના તેમજ વૈધાનિક આદેશથી વિચલનનું કૃત્ય છે. કોઈપણ સરકારી ઠરાવ કે પરિપત્ર બંધારણીય કે વૈધાનિક ધોરણોને ઓવરરાઈડ (રદબાતલ) કરી શકે નહીં. સરકાર પોતાના પરિપત્રોથી બંધાયેલી છે તે સિદ્ધાંત સુસ્થાપિત છે પરંતુ તે વર્તમાન જેવી પરિસ્થિતિમાં લાગુ થઈ શકે નહીં. જે ઉમેદવાર જે સમુદાય અથવા જનજાતિ માટે અનામત નિર્ધારિત છે તેના ન હોવાનું જણાયું હોય તેની સેવાઓનું રક્ષણ કરવું એ અનામત સમુદાયોના વાસ્તવિક સભ્યોના કાનૂની અધિકારો પર મોટો અતિક્રમણ કરે છે કે જેમના વાજબી હક્કો અપાત્ર વ્યક્તિને બેઠક

ફાળવવાને કારણે નકારવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં જ્યાં અનામત જૂથો અથવા સમુદાયોના વાસ્તવિક સભ્યોના અધિકારોને નુકસાન થવાની સંભાવના હોય, ત્યાં સરકારી પરિપત્રો અથવા ઠરાવો તેમના અહિતમાં કામ કરી શકે નહીં.

૫૭. ખાસ કરીને જ્યારે જાતિ અથવા જનજાતિનો દાવો અમાન્ય ઠરતાં શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ રદ કરવાની માંગ કરવામાં આવે ત્યારે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતી બાબતોમાંની એક એ છે કે વિદ્યાર્થીએ અભ્યાસક્રમમાં ઘણો આગળ વધારો કર્યો છે અને પ્રવેશ રદ કરવાથી માત્ર વિદ્યાર્થીને જ નહીં પરંતુ વ્યવસ્થાને પણ નુકસાન થશે. જ્યારે વિદ્યાર્થીએ ડિગ્રી અથવા ડિપ્લોમા પૂર્ણ કરી લીધો હોય, ત્યારે તેને પાછો ખેંચવા સામેની રજૂઆત વધુ મજબૂત રીતે કરવામાં આવે છે. અમારા મતે, રાજ્ય વિધાનમંડળે જાહેર નીતિના પરિપ્રેક્ષ્યના આધારે સ્પર્ધાત્મક દાવાઓ વચ્ચે વૈધાનિક નિર્ણય લીધો છે જેનું કોર્ટે સન્માન કરવું જોઈએ. જ્યારે કોઈ શૈક્ષણિક લાયકાત પાછી ખેંચી લેવામાં આવે અથવા વિદ્યાર્થીને અભ્યાસક્રમ છોડવાની ફરજ પાડવામાં આવે (જ્યારે તે જાતિ કે જનજાતિનો ન હોવાનું જણાય જેના આધારે અનામત બેઠક પર પ્રવેશ મેળવ્યો હતો) ત્યારે ઉત્પાદક સામાજિક સંસાધનોનું નુકસાન થાય છે તેવી દલીલ રાજ્ય કાયદાની કલમ ૧૦ માં સમાવિષ્ટ વૈધાનિક આદેશ કરતાં વધુ મહત્વની હોઈ શકે નહીં અથવા તેને રદબાતલ કરી શકે નહીં. જ્યારે કોઈ ઉમેદવાર જેમના માટે લાભ અનામત છે તે નિયુક્ત જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાનો ખોટો દાવો રજૂ

કરતો જણાય, ત્યારે તે વ્યક્તિનું રક્ષણ કરવા માટે અનુચ્છેદ ૧૪૨ હેઠળના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવો એ કાયદાના શાસનનો નકાર હશે. સામાજિક ભલું પ્રામાણિકતા સુનિશ્ચિત કરવામાં રહેલું છે. વ્યવસ્થાની પવિત્રતા જાળવી શકાય તેવો આ એકમાત્ર રસ્તો છે. કાનૂની વ્યવસ્થાને જાતિ કે જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવાના ખોટા દાવા કરનારાઓને સમર્થન આપવાના માર્ગ તરીકે જોઈ શકાય નહીં. આ લાભો બંધારણીય યોજના અનુસાર માત્ર નિયુક્ત જાતિઓ, જનજાતિઓ અથવા વર્ગોને જ પૂરા પાડવામાં આવે છે અને જેઓ તેમના નથી તેઓ દ્વારા પચાવી પાડી શકાય નહીં. જો રાજ્યના કાયદા છતાં અનુચ્છેદ ૧૪૨ દ્વારા આપવામાં આવેલી બંધારણીય સત્તાના ઉપયોગમાં આવા દાવાઓનું રક્ષણ કરવામાં આવે તો માત્ર કાનૂની વ્યવસ્થા જ નહીં પરંતુ ન્યાયિક પ્રક્રિયાની વિશ્વસનીયતા પણ ક્ષીણ થઈ જશે.

૫૫. આ પાસું અમારા પૈકીના એક દ્વારા નિધિ કૈમ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ અને અન્ય ના કેસમાં તાજેતરમાં આપવામાં આવેલા ચુકાદામાં ધ્યાને લેવામાં આવ્યું છે, જેમાં ત્રણ ન્યાયાધીશોની બેંચ તરફથી બોલતા, મધ્યપ્રદેશ રાજ્યમાં તબીબી પ્રવેશો સંબંધિત વ્યવસ્થિત છેતરપિંડીના કેસમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"૯૨... અમારો એવો સુવિચારિત અભિપ્રાય છે કે એમબીબીએસ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે સુસ્થાપિત ધોરણોને અવગણવાની સુવિચારિત અને ઝીણવટપૂર્વક ગોઠવાયેલી યોજનામાં સભાનપણે ભાગ લેનારા અપીલકર્તાઓને અધિકારો અથવા લાભો આપવા એ "અન્યાયી" બાબતનું સમર્થન કરવા સમાન હશે. તે ચોરને ચોરાયેલી મિલકત પોતાની પાસે રાખવા દેવા જેવું લાગશે. એવું લાગશે કે જાણે કોર્ટ સાચા માધ્યમો અપનાવનારા અને અનુસરનારાઓની પડખે ઊભી નથી. આવા પગલાથી લોકો ન્યાય વિતરણ વ્યવસ્થાની વિશ્વસનીયતા પર જ સવાલ ઉઠાવશે. અપીલકર્તાઓ તરફથી સૂચવ્યા મુજબના અધિકારક્ષેત્રનો ઉપયોગ નિશ્ચિતપણે અધાર્મિક બાબતની તરફેણમાં કોર્ટના સમર્થનને દર્શાવશે. તે શૈક્ષણિક સમુદાયની અખંડિતતા સાથે પણ સમાધાન કરશે. અમારો એવો અભિપ્રાય છે કે સંપૂર્ણ ન્યાય કરવાના નામે આ કોર્ટ માટે અપીલકર્તાઓની તે દૂષિત ક્રિયાઓને સમર્થન આપવું શક્ય નથી જેના દ્વારા તેઓએ એમબીબીએસ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો હતો."

આ બાબતની વધુ સ્પષ્ટતા કરતાં આ કોર્ટે ઠેરવ્યું કે:

"૯૯.....અગાઉના ફકરાઓમાં અમારા દ્વારા નોંધવામાં આવેલી બાબતો ઉપરાંત, અમારે સ્વીકારવું રહ્યું કે અમે જે દ્રષ્ટિકોણ અપનાવ્યો છે તે માટે એક અત્યંત મહત્વપૂર્ણ કારણ રાષ્ટ્રીય ચરિત્ર હતું. એક કહેવત છે – જ્યારે ધન

ગુમાવાય છે, ત્યારે કશું ગુમાવાતું નથી; જ્યારે સ્વાસ્થ્ય ગુમાવાય છે, ત્યારે કંઈક ગુમાવાય છે; પરંતુ જ્યારે ચરિત્ર ગુમાવાય છે, ત્યારે બધું જ ગુમાવાય છે.

હાથ પરનો મુદ્દો અસીમ વિશાળ પરિમાણ ધરાવે છે. જો આપણે તાત્કાલિક સામાજિક લાભો ધ્યાનમાં રાખીએ, તો વિચારણાનો પરિપ્રેક્ષ્ય અલગ હશે. રજૂ કરવામાં આવેલી રજૂઆતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ધ્યાનમાં લેવાની જરૂર છે. અમે એક ઉદાહરણ દ્વારા આ મુદ્દો સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરીશું. જો સ્વાતંત્ર્ય સેનાનીઓ જેલમાં ન સબડ્યા હોત... અને જો મૂલ્યવાન જીવનું બલિદાન ન આપ્યું હોત તો કદાચ આપણે આપણી આઝાદી જીતી શક્યા ન હોત. પરિસ્થિતિના આધારે, જ્યારે રાષ્ટ્રીય હિત સંકળાયેલું હોય ત્યારે નાગરિક સ્વતંત્રતા કે જીવન પોતે પણ ઘણું નજીવું બલિદાન હોઈ શકે છે. આ બધું ઈચ્છિત લક્ષ્ય પર આધારિત છે. ભારતીય બંધારણનું આમુખ ન્યાયની કસોટી પર શાસનના પાયા પર ટકેલું છે. કાયદા સમક્ષ સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો મૂળભૂત અધિકાર બંધારણના અનુચ્છેદ ૧૪ દ્વારા નિષ્પક્ષતાના સ્ત્રોત પર નાગરિકો અને બિન–નાગરિકો બંનેને સમાન રીતે આપવામાં આવ્યો છે. અપીલકર્તાઓની ક્રિયાઓ અસ્વીકાર્ય વર્તન પર અને કાયદાના શાસનના સંપૂર્ણ ભંગ પર આધારિત છે. તેમની ક્રિયાઓ સદાચારી સામાજિક વ્યવસ્થા પર આક્રમણ કરતા કપટપૂર્ણ કૃત્યો સમાન છે. અમારા સુવિચારિત અભિપ્રાય મુજબ, લાભો – વ્યક્તિગત કે સામાજિક – માટે રાષ્ટ્રીય ચરિત્રનું બલિદાન

આપી શકાય નહીં. જો આપણે નૈતિકતા અને ચરિત્રની કસોટી પર રાષ્ટ્રનું નિર્માણ કરવા માંગતા હોઈએ અને જો આપણું નિર્ધારિત લક્ષ્ય એવા રાષ્ટ્રનું નિર્માણ કરવાનું હોય જ્યાં માત્ર કાયદાનું શાસન પ્રવર્તે, તો અમે સૂચવેલા સામાજિક લાભો માટે અપીલકર્તાઓના દાવાને સ્વીકારી શકીએ નહીં. ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં જોતાં, અમને કાયદાના શાસનની તરફેણમાં નિષ્કર્ષ પર આવવામાં કોઈ મુશ્કેલી જણાતી નથી. આવી સ્થિતિ હોવાથી, અમારા માટે બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ અપીલકર્તાઓને કોઈપણ લાભ આપવો શક્ય નથી."

અમે ઉપરોક્ત સિદ્ધાંત અને કાનૂની સ્થિતિના નિવેદન સાથે આદરપૂર્વક સંમત છીએ.

૫૬. તબીબી શિક્ષણ એવું છે જેની સમગ્ર દેશના મધ્યમ–વર્ગના માતાપિતા પોતાના બાળકો માટે આકાંક્ષા રાખે છે (ભવિષ્યમાં આ સ્થિતિ ચાલુ રહેશે કે કેમ તે એક ચર્ચાસ્પદ પ્રશ્ન છે). અંડર–ગ્રેજ્યુએટ, પોસ્ટ–ગ્રેજ્યુએટ અને સુપર–સ્પેશિયાલિટી બેઠકોની મર્યાદિત સંખ્યા માટે તીવ્ર સ્પર્ધા છે. આ અનામત કેટેગરીના હોવાનો ખોટો દાવો અપનાવવા સહિતના અયોગ્ય માધ્યમોનો આશરો લેવા માટે કોઈ ઔચિત્ય પૂરું પાડી શકતું નથી. શિક્ષણ, આરોગ્ય કે કાયદો ગમે તે ક્ષેત્ર હોય, આપણી વ્યવસ્થાની ખામીઓ એ છે કે તેની સુસ્તી અને આળસ તે થોડા લોકોને પ્રોત્સાહન પૂરું પાડે છે જેઓ અયોગ્ય લાભ મેળવવા માટે નિયમો તોડવાનું પસંદ કરે છે. આવી પરિસ્થિતિમાં, લોકશાહી શાસનની એક મહત્વપૂર્ણ

સંસ્થા તરીકે કોર્ટે એક સૈદ્ધાંતિક સંદેશ મોકલવામાં દ્રઢ રહેવું જોઈએ કે નિયમોનું પાલન કરતા વર્તન સિવાય બીજું કોઈ પ્રોત્સાહન નથી અને વિચલનને કાયદાની કડક સજા મળશે.

ભાગ I: નિષ્કર્ષ

૫૭. આ કારણોસર, અમે ઠરાવીએ છીએ અને જાહેર કરીએ છીએ કે:

(૧) મિલિંદના નિર્ણયના પેરા ૩૮ માં આ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશો બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ આ કોર્ટમાં નિહિત સત્તાઓને અનુસરીને હતા;

(૨) ૨ સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ આપવામાં આવેલા આ કોર્ટના માધુરી પાટિલના નિર્ણય પછી, તે નિર્દેશોને અનુસરીને જે વ્યવસ્થા પ્રવર્તતી હતી તેમાં નીચેની બાબતો માટે વિગતવાર પ્રક્રિયાની કલ્પના કરવામાં આવી હતી: (એ) જાતિ પ્રમાણપત્રો આપવા; (બી) રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવનાર સ્ક્રૂટિની કમિટીઓ દ્વારા જાતિ અને જનજાતિના દાવાઓની તપાસ અને ચકાસણી; (સી) દાવાની અધિકૃતતાની તપાસ ચલાવવાની પ્રક્રિયા; (ડી) જ્યાં દાવો ખોટો અથવા બનાવટી જણાય ત્યાં જાતિ પ્રમાણપત્ર રદ કરવું અને જપ્ત કરવું; (ઇ) ઉમેદવાર અનામત કેટેગરીનો હોવાના આધારે મેળવેલ નિમણૂકની સમાપ્તિ, શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ રદ કરવા અથવા ચૂંટણી હોદ્દા પરથી ગેરલાયકાતના રૂપમાં લાભો પાછા ખેંચવા; અને (એફ) ફોજદારી ગુના માટે કાર્યવાહી કરવી;

(૩) ત્રણ ન્યાયાધીશોની બેંચ દ્વારા આપવામાં આવેલા આ કોર્ટના આર. વિશ્વનાથ પિલ્લઈ અને દત્તાત્રય ના નિર્ણયોએ કાયદાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો હતો કે જ્યાં કોઈ વ્યક્તિ દ્વારા ઉમેદવાર અનામત કેટેગરીનો હોવાના આધારે કોઈ લાભ – જેમ કે હોદ્દા પર નિમણૂક અથવા શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ – મેળવવામાં આવે છે જેના માટે લાભ અનામત છે, ત્યાં ચકાસણી દરમિયાન જાતિ અથવા જનજાતિનો દાવો અમાન્ય ઠરતાં નિમણૂક અથવા પ્રવેશ રદબાતલ કે અસ્તિત્વવિહીન બનશે;

(૪) ઉપરોક્ત સિદ્ધાંતનો અપવાદ તે કેસોમાં હતો જ્યાં આ કોર્ટે સંપૂર્ણ ન્યાય કરવા માટે બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કર્યો હતો;

(૫) ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** દ્વારા માધુરી પાટિલમાં નિર્ધારિત વ્યાપક સિદ્ધાંતોનું વૈધાનિક સંહિતાકરણ થયું છે, આ કાયદો અન્ય બાબતોની સાથે જાતિ પ્રમાણપત્રો જારી કરવાનું નિયમન કરવા (કલમ ૪); દાવાઓની ચકાસણી માટે સ્ક્રૂટિની કમિટીઓની રચના કરવા (કલમ ૬); જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજીઓ સબમિટ કરવા (કલમ ૬(૨) અને ૬(૩)); જાતિ પ્રમાણપત્રો રદ કરવા (કલમ ૭); પુરાવાનો બોજ (કલમ ૮); દાવો અમાન્ય ઠરતાં મેળવેલા લાભો પાછા ખેંચવા (કલમ ૧૦); અને કાર્યવાહી શરૂ કરવા (કલમ ૧૧) માટે વૈધાનિક માળખું પૂરું પાડે છે;

(૬) દાવાની ચકાસણી કરવા માટે કલમ ૭ દ્વારા સ્ક્રૂટિની કમિટીને આપવામાં આવેલી સત્તા ૧૮ ઓક્ટોબર ૨૦૦૧ ના રોજ એક્ટના અમલ પહેલાં અને પછી જારી કરાયેલા જાતિ પ્રમાણપત્રો બંનેના સંદર્ભમાં છે, જ્યાં વ્યક્તિનો અનામત જાતિ, જનજાતિ અથવા વર્ગના હોવાનો દાવો હજુ સ્ક્રૂટિની કમિટી દ્વારા ચકાસવાનો બાકી હોય ત્યાં જાતિ પ્રમાણપત્રને (અથવા લાભો મેળવવાના દાવાને) કોઈ આખરીતા પ્રાપ્ત થતી નથી;

(૭) ખોટો જણાયો હોય અને અમાન્ય ઠર્યો હોય તેવા જાતિ દાવાના આધારે મેળવેલા લાભો પાછા ખેંચવા એ જાતિ દાવાને અમાન્ય ઠેરવવાથી ઉદ્ભવતું અનિવાર્ય પરિણામ છે અને તેમાં પશ્ચાતવર્તી અમલનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી;

(૮) બે વિદ્વાન ન્યાયાધીશોના કવિતા સોલુંકે અને શાલિની ના નિર્ણયો ઓવરરૂલ (રદબાતલ) કરવામાં આવે છે. શાલિનીનો નિર્ણય જ્યાં સુધી કલમ ૧૦ ની જોગવાઈ લાગુ કરવા માટે અપ્રમાણિક ઈરાદાની જરૂરિયાત નક્કી કરે છે ત્યાં સુધી, આદરપૂર્વક, ભૂલભરેલો છે અને કાયદાની સાચી સ્થિતિ દર્શાવતો નથી;

(૯) મેન્સ રિયા એ કલમ ૧૧ માં સમાવિષ્ટ દંડાત્મક જોગવાઈઓનું એક ઘટક છે. કલમ ૧૧ ભવિષ્યલક્ષી છે અને તે પરિસ્થિતિઓમાં લાગુ પડશે જ્યાં ગુનો બનતું કૃત્ય તેના અમલની તારીખ પછી બન્યું હોય;

(૧૦) અરુણ સોનોને માં બોમ્બે હાઈકોર્ટની કુલ બેંચનો ચુકાદો સ્પષ્ટપણે ભૂલભરેલો છે અને તેને ઓવરરૂલ (રદબાતલ) કરવામાં આવે છે; અને

(૧૧) બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ સુપ્રિમ કોર્ટની સત્તા એ સંપૂર્ણ ન્યાય કરવા માટે કોર્ટમાં નિહિત એક બંધારણીય સત્તા છે અને તે વ્યાપક શબ્દોમાં આપવામાં આવેલી સત્તા છે, તેમ છતાં આ અધિકારક્ષેત્રના ઉપયોગમાં વૈધાનિક આદેશનું યોગ્ય ધ્યાન રાખવું જોઈએ, જ્યાં ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** જેવો કાયદો ક્ષેત્રમાં પ્રવર્તતો હોય. [પેરા ૫૭] [૩૪૬–બી–એચ; ૩૪૭–એ–એફ]

૫૮. અમે હવે, ઉપર દર્શાવેલા કારણોના સંદર્ભમાં, નીચે મુજબની શરતોમાં વ્યક્તિગત કેસોનો નિકાલ કરવા આગળ વધીએ છીએ:

૧. ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેક્ટર એફસીઆઇ વિરુદ્ધ જગદીશ બલરામ બહિરા :

૬ ડિસેમ્બર ૧૯૮૪ ના રોજ, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ સામાવાળાને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, પનવેલ દ્વારા જારી કરાયેલ ૨૮ ઓગસ્ટ ૧૯૭૮ ના જાતિ પ્રમાણપત્રના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત મેસેન્જર – ડેપોના પદ પર નિમણૂકની ઓફર કરી હતી, જેમાં જણાવાયું હતું કે અરજદાર હિન્દુ મહાદેવ કોહલી હતા અને તેથી અનુસૂચિત જનજાતિના હતા.

સામાવાળા દ્વારા રજૂ કરાયેલા એક ડિક્લેરેશન પર તેમને ૮ જાન્યુઆરી ૧૯૮૫ ના રોજ અનુસૂચિત જનજાતિ ક્વોટામાં આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. સામાવાળાને ડસ્ટિંગ ઓપરેટર (૧૩ ઓગસ્ટ ૧૯૯૦), સિનિયર ડસ્ટિંગ ઓપરેટર (૩૦ ડિસેમ્બર ૨૦૦૦), પીકર (૧ ડિસેમ્બર ૨૦૦૩) અને સિનિયર પીકર (૨૦ ડિસેમ્બર ૨૦૦૫) ના પદ પર બઢતીના લાભો મળ્યા હતા. સામાવાળા દ્વારા રજૂ કરવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર સ્ક્રૂટિની કમિટી, કોંકણ ડિવિઝન, થાણે દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યું હતું. મહાદેવ કોળી અનુસૂચિત જનજાતિના હોવાનો સામાવાળાનો દાવો સ્થાપિત ન હોવાનું જણાયું હતું અને તે મુજબ પ્રમાણપત્ર અમાન્ય ઠેરવી રદ કરવામાં આવ્યું હતું. આ પછી ૪ ઓક્ટોબર ૨૦૧૩ ના રોજ તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી.

સામાવાળાએ સ્ક્રૂટિની કમિટીના આદેશ અને સેવામાંથી તેમની સમાપ્તિને પડકારવા માટે બોમ્બે હાઇકોર્ટ સમક્ષ રિટ કાર્યવાહી દાખલ કરી હતી. ૪ એપ્રિલ ૨૦૧૪ ના ચુકાદા દ્વારા હાઇકોર્ટે નોંધ્યું કે સામાવાળા માત્ર તેમની સેવાઓના રક્ષણની માંગ કરી રહ્યા હતા અને અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો છોડી દેવા તૈયાર હતા. તેના ચુકાદા દ્વારા, હાઇકોર્ટે સામાવાળાની દલીલ સ્વીકારી અને ઠેરવ્યું કે તેઓ સાતત્ય સાથે સેવાઓના રક્ષણ માટે હકદાર હતા જ્યારે મેનેજમેન્ટને ૨૮ સપ્ટેમ્બર ૨૦૦૦ પછી આપવામાં આવેલા લાભો પાછા ખેંચવાની સ્વતંત્રતા રહેશે. એમ્પ્લોયરે સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરી અને

૧૧ ઓગસ્ટ ૨૦૧૪ ના વચગાળાના હુકમને અનુસરીને, સામાવાળાને સેવામાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા અને વધુ બઢતી આપવામાં આવી. છેવટે ૩૧ ઓગસ્ટ ૨૦૧૫ ના રોજ તેમની વયનિવૃત્તિ પર સામાવાળાને ગ્રેચ્યુઈટી, પગાર સુધારણાના એરિયર્સ, મેડિકલ રિઈમ્બર્સમેન્ટ, રજાનું રોકડમાં રૂપાંતર, કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ અને પ્રોડક્ટિવિટી લિંક્ડ ઈન્સેન્ટિવ સહિતના તમામ ટર્મિનલ લાભો આપવામાં આવ્યા હતા.

લિટીગેશન પેન્ડિંગ હતું તે દરમિયાન, સામાવાળા સેવામાંથી નિવૃત્ત થયા છે અને તેમને તેમના ટર્મિનલ લેણાં પણ ચૂકવી દેવામાં આવ્યા છે. તેથી, આ તબક્કે, માત્ર એટલું જ નોંધી શકાય કે મહાદેવ કોળી અનુસૂચિત જનજાતિના સભ્ય દ્વારા સામાવાળા અથવા તેમના પરિવારના કોઈપણ સભ્ય વતી સ્ક્રૂટિની કમિટી દ્વારા અમાન્ય કરાયેલા જાતિ પ્રમાણપત્રના આધારે કોઈ દાવો કરવામાં આવશે નહીં કે ધ્યાને લેવામાં આવશે નહીં. સામાવાળાના દાવા કે જે અમાન્ય ઠર્યો છે તેના આધારે સામાવાળાને કોઈપણ પ્રકારના વધુ લાભો મળવાપાત્ર રહેશે નહીં. જોકે, વિશિષ્ટ તથ્યોમાં, અમે સામાવાળા પાસેથી વસૂલાત કરવાનો આદેશ આપવા માટે ઉત્સુક નથી. સિવિલ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

૨. શ્રી શિવાજી શિક્ષણ સંસ્થા અને અન્ય વિરુદ્ધ રાજુ લક્ષ્મણ ગડેકર અને અન્ય

અને

૩. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ રાજુ લક્ષ્મણ ગડેકર અને અન્ય :

સપ્ટેમ્બર ૧૯૮૧ માં, રાજુ લક્ષ્મણ ગડેકરે મહારાષ્ટ્રમાં હલબા અનુસૂચિત જનજાતિના હોવાનું જાતિ પ્રમાણપત્ર મેળવ્યું હતું. જાતિ પ્રમાણપત્રના આધારે, તેમને ૨૪ જૂન ૧૯૮૯ ના રોજ શ્રી શિવાજી હાઈસ્કૂલ, ડોનગાંવ ખાતે અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર સહાયક શિક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨ માર્ચ ૨૦૦૫ ના રોજ, તેમણે ફોર્મ **E** માં અરજી ભરી અને તેમના એમ્પ્લોયર મારફત સ્ક્રૂટિની કમિટીને ફોર્મ **F** માં સોગંદનામું રજૂ કર્યું, જે ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૮ ના રોજ અમાન્ય ઠેરવવામાં આવ્યું હતું. તેઓ અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો અમાન્ય ઠરતાં, એમ્પ્લોયર દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૮ ના રોજ તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી. સેવા સમાપ્તિના આદેશ સામેનો પડકાર સ્કૂલ ટ્રિબ્યુનલ સમક્ષ નિષ્ફળ ગયો હતો. સ્ક્રૂટિની કમિટીના આદેશને પડકારતી રિટ પિટિશન ૭ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ ફગાવી દેવામાં આવી હતી. સ્કૂલ ટ્રિબ્યુનલના આદેશને અલગ રિટ પિટિશનમાં પડકારવામાં આવ્યો હતો જેને હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજ દ્વારા ૧૬ ઓક્ટોબર ૨૦૦૯ ના રોજ મંજૂર કરવામાં આવી હતી અને કર્મચારીને પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એમ્પ્લોયર દ્વારા કરવામાં આવેલી અપીલમાં, ડિવિઝન બેંચે ૧૭ એપ્રિલ ૨૦૧૦ ના રોજ વિદ્વાન સિંગલ જજના ચુકાદાને બાજુ પર રાખ્યો હતો અને રિટ પિટિશન ફગાવી દીધી હતી.

બંધારણના અનુચ્છેદ ૧૩૬ હેઠળ કર્મચારી દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન આ કોર્ટ દ્વારા ૧ ઓક્ટોબર ૨૦૧૦ ના રોજ દબાણ ન કરવાના કારણે ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ સામાવાળાએ તેમની પુનઃસ્થાપના અને તેમની સેવાનું રક્ષણ કરવાની અરજ કરતી રિટ પિટિશન દાખલ કરી હતી. ૫/૮/૯/૧૦ જુલાઈ ૨૦૧૩ ના ચુકાદા દ્વારા હાઈકોર્ટે ઠેરવ્યું કે કર્મચારી તેમની સેવાઓના રક્ષણ માટે હકદાર હતા.

તથ્યોના વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે સ્ક્રૂટિની કમિટીના આદેશને પડકારતી કર્મચારી દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન ૭ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ ફગાવી દેવામાં આવી હતી અને એવું ઠેરવવામાં આવ્યું હતું કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના નથી. સામાવાળા દ્વારા મેળવવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર ખોટું જાતિ પ્રમાણપત્ર હોવાનું સાબિત થયું છે. સેવા સમાપ્તિના આદેશ સામેનો પડકાર પણ આખરી થઈ ગયો હતો કારણ કે હાઈકોર્ટના ચુકાદા સામેની સ્પેશિયલ લીવ પિટિશન દબાણ ન કરવાના કારણે ફગાવી દેવામાં આવી હતી. આ સંજોગોમાં, કર્મચારીને સેવાનું રક્ષણ આપવામાં હાઈકોર્ટે સ્પષ્ટપણે ભૂલ કરી છે. આવો નિર્દેશ ૨૦૦૧ ના મહારાષ્ટ્ર એક્ટ **XXIII** ની જોગવાઈઓથી પણ વિરુદ્ધ છે. ખોટા જાતિ દાવાના આધારે સામાવાળા દ્વારા મેળવેલી નિમણૂક કલમ ૧૦ ની જોગવાઈઓ મુજબ પાછી ખેંચવી જરૂરી હતી. સામાવાળા દ્વારા પ્રક્રિયાનો સંપૂર્ણ દુરુપયોગ કરવામાં આવ્યો છે. તેથી, અમે સિવિલ અપીલો

મંજૂર કરીએ છીએ અને ૧૦ એપ્રિલ ૨૦૧૩ તથા ૫/૮/૯/૧૦ જુલાઈ ૨૦૧૩ ના હાઈકોર્ટના ચુકાદાઓ અને આદેશો બાજુ પર રાખીએ છીએ.

આ સંજોગોમાં, ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૪. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ કુ. છાયા, હેમરાજ નિમજેની પુત્રી અને અન્ય :

છાયા નિમજેએ ૨૦ જુલાઈ ૧૯૯૧ ના રોજ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, નરખેડ પાસેથી પોતે હલબા અનુસૂચિત જનજાતિના હોવા અંગેનું જાતિ પ્રમાણપત્ર મેળવ્યું હતું. જાતિ પ્રમાણપત્રના આધારે તેમણે ૨૪ ડિસેમ્બર ૧૯૯૬ ના રોજ ભીમરાવ બાપુ દેશમુખ આદર્શ વિદ્યાલયમાં સહાયક શિક્ષક તરીકે નિમણૂક મેળવી હતી. ૯ માર્ચે તેમણે મહારાષ્ટ્ર એસટી (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરિફિકેશન ઓફ) કાસ્ટ સર્ટિફિકેટ રૂલ્સ, ૨૦૦૩ ના રુલ ૧૧ હેઠળ ફોર્મ **F** માં સોગંદનામા સાથે ફોર્મ **E** માં અરજી ભરી હતી. વિજિલન્સ સેલે એક રિપોર્ટ રજૂ કર્યો જેમાં દર્શાવવામાં આવ્યું કે તેમના રેકોર્ડ્સ કોષ્ટી સમુદાયના હતા. સ્ક્રૂટિની કમિટી તેમના દાવાનો નિર્ણય કરે તે પહેલાં તેમણે સેવાના રક્ષણની માંગ કરતી રિટ પિટિશનમાં હાઈકોર્ટનો આશરો લીધો હતો. હાઈકોર્ટે ૩૦ જાન્યુઆરી ૨૦૧૩ ના રોજ એમ્પ્લોયરના તે નિવેદન પર રિટ પિટિશનનો નિકાલ કર્યો કે જ્યાં સુધી જાતિ પ્રમાણપત્ર સ્ક્રૂટિની કમિંટી દ્વારા અમાન્ય ન થાય ત્યા સુધી તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે નહીં. તેણીએ પોતાની સેવાઓના રક્ષણની માંગ કરતી ફરીથી હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી હતી.

સામાવાળાને તેમની સેવાઓના રક્ષણનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી. સામાવાળાએ સ્ક્રૂટિની કમિટી દ્વારા નિર્ણયને અટકાવવા માટે સતત રિટ પિટિશનો દાખલ કરીને અને ત્યારબાદ માત્ર પોતાની સેવાઓના રક્ષણ પૂરતો જ દાવો મર્યાદિત રાખીને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કર્યો છે.

ચુકાદાના મુખ્ય ભાગમાં દર્શાવેલા કારણોસર અને ઉપરોક્ત કારણોસર, સિવિલ અપીલ મંજૂર કરવામાં આવે છે અને હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો અને હુકમ બાજુ પર રાખવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

આ સંજોગોમાં, ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૫. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિરુદ્ધ શ્રીમતી અરુંધતી સુરેશ નિનાવે અને અન્ય :

સામાવાળાની નિમણૂક ૨૦ માર્ચ ૧૯૯૭ ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર ૧૮ મે ૧૯૯૫ ના જાતિ પ્રમાણપત્રના આધારે લેક્ચરર તરીકે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના છે. સ્ક્રૂટિની કમિટીએ જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠેરવ્યું છે અને તેને જપ્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે ૨૬ નવેમ્બર ૨૦૧૨ ના તેના હુકમ દ્વારા અમાન્યતાના હુકમની પુષ્ટિ કરી છે પરંતુ સેવાનું રક્ષણ આપ્યું છે. ત્યારબાદના હુકમ દ્વારા હાઈકોર્ટે રાજ્યને પે સ્કેલના સુધારણા/પુનઃનિર્ધારણ પર વિચાર કરવાનો આદેશ આપ્યો છે.

૨૦૧૫ ની સિવિલ અપીલ નંબરો ૯૧૫૫ અને ૯૧૫૭ નો નિકાલ કરતી વખતે આ કોર્ટ દ્વારા દર્શાવવામાં આવેલા કારણોસર અને ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, સિવિલ અપીલો મંજૂર કરવામાં આવે છે. હાઈકોર્ટના વાદગ્રસ્ત ચુકાદાઓ અને હુકમો બાજુ પર રાખવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

જોકે, ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૬. મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ વિરુદ્ધ નાગનાથ બાબુરાવ માંગરૂળે અને અન્ય :

સામાવાળાની નિમણૂક ૨૨ જુલાઈ ૧૯૯૬ ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર ૩ ફેબ્રુઆરી ૧૯૯૧ ના જાતિ પ્રમાણપત્રના આધારે એગ્રીકલ્ચરલ આસિસ્ટન્ટ તરીકે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તેઓ મહાદેવ કોળી જનજાતિના છે. ૨૬ ઓગસ્ટ ૨૦૧૧ ના રોજ સામાવાળાએ જાતિ દાવાની ચકાસણી માટે તેમના જાતિ પ્રમાણપત્ર અને અન્ય દસ્તાવેજો રજૂ કર્યા હતા, જે સ્ક્રૂટિની કમિટીને મોકલવામાં આવ્યા હતા. તે દરમિયાન અપીલકર્તાએ સામાવાળા સામે ખાતાકીય તપાસ શરૂ કરી અને ૧૮ ડિસેમ્બર ૨૦૧૨ ના તેના આદેશ દ્વારા સામાવાળાની સેવાઓ સમાપ્ત કરી. ત્યારબાદ સ્ક્રૂટિની કમિટીએ ૩ ઓક્ટોબર ૨૦૧૩ ના તેના આદેશ દ્વારા સામાવાળાના જાતિ દાવાને અમાન્ય ઠેરવ્યો. હાઈકોર્ટે ૪ એપ્રિલ ૨૦૧૪ ના તેના હુકમ દ્વારા અમાન્યતાના હુકમની પુષ્ટિ કરી છે પરંતુ સેવાનું રક્ષણ આપ્યું છે.

ચુકાદાના મુખ્ય ભાગમાં દર્શાવેલા કારણોસર અને ૨૦૧૫ ની સિવિલ અપીલ નંબરો ૯૧૫૫ અને ૯૧૫૭ મંજૂર કરતી વખતે દર્શાવેલા કારણોસર, સિવિલ અપીલ મંજૂર કરવામાં આવે છે. હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો અને હુકમ જ્યાં સુધી તે સામાવાળાની સેવાઓનું રક્ષણ કરે છે ત્યાં સુધી બાજુ પર રાખવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૭. સુરેશ, દેવાજી વૈરાગડેના પુત્ર વિરુદ્ધ ધ કંટ્રોલર જનરલ, ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ, ઈન્દિરા ભવન, સિવિલ લાઈન્સ, નાગપુર અને અન્ય :

અપીલકર્તાની નિમણૂક ૧૪ નવેમ્બર ૧૯૮૮ ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર ૧૪ જાન્યુઆરી ૧૯૮૫ ના જાતિ પ્રમાણપત્રના આધારે આસિસ્ટન્ટ સ્ટોર કીપર તરીકે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના છે. સ્ક્રૂટિની કમિટીએ ૩૦ ઓગસ્ટ ૨૦૦૫ ના તેના આદેશ દ્વારા અપીલકર્તાના જાતિ દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. ત્યારબાદ સામાવાળાએ ધ સેન્ટ્રલ સર્વિસીસ (ટેમ્પરરી સર્વિસ) રૂલ્સ, ૧૯૬૫ ના રુલ ૫ ના સબ રુલ ૧ ના પ્રોવાઈઝો અનુસાર અપીલકર્તાની સેવાઓ સમાપ્ત કરી હતી. નારાજ થઈને અપીલકર્તાએ રિટ પિટિશન દાખલ કરી હતી જે હાઈકોર્ટ દ્વારા ૩ ઓગસ્ટ ૨૦૦૯ ના તેના હુકમથી ફગાવી દેવામાં આવી હતી.

આ ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોને ધ્યાને લેતાં, અમને હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ જણાતી નથી. સિવિલ અપીલ ફગાવી દેવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૮. રાજેન્દ્ર, રામાજી મહિષબડવેના પુત્ર વિરુદ્ધ ધ જોઈન્ટ કમિશનર એન્ડ વાઈસ–ચેરમેન શિડ્યુલ્ડ ટ્રાઈબ, કાસ્ટ સર્ટિફિકેટ સ્ક્રૂટિની કમિટી અને અન્ય :

અપીલકર્તાની નિમણૂક ૬ ઓગસ્ટ ૧૯૯૭ ના રોજ એર ઈન્ડિયામાં અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર ૯ ઓગસ્ટ ૧૯૮૮ ના જાતિ પ્રમાણપત્રના આધારે તાલીમાર્થી ટેકનિશિયન તરીકે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના છે. ત્યારબાદ અપીલકર્તાની નિમણૂક ૧ માર્ચ ૧૯૯૯ ના રોજ કન્ફર્મ કરવામાં આવી હતી. બીજા સામાવાળાએ જાતિ પ્રમાણપત્ર અસલી છે કે નહીં તેની ખાતરી કરવા માટે તહસીલદાર, નાગપુર પાસેથી સ્પષ્ટતા માંગી હતી. તહસીલદારે ૧૭ ઓક્ટોબર ૨૦૦૮ ના પત્ર દ્વારા જણાવ્યું હતું કે અપીલકર્તાનું નામ રેકોર્ડ પર નથી. તે મુજબ બીજા સામાવાળાએ ૩ નવેમ્બર ૨૦૦૯ ના આદેશ દ્વારા અપીલકર્તાની સેવાઓ સમાપ્ત કરી હતી. સ્ક્રૂટિની કમિટીએ ૫ ઓક્ટોબર ૨૦૧૨ ના તેના આદેશ દ્વારા અપીલકર્તાના જાતિ દાવાને અમાન્ય ઠેરવ્યો હતો.

હાઈકોર્ટે ૧૧ માર્ચ ૨૦૧૩ ના તેના ચુકાદા દ્વારા ૫ ઓક્ટોબર ૨૦૧૨ ના રોજ સ્ક્રૂટિની કમિટી દ્વારા હલબા અનુસૂચિત જનજાતિના હોવાનો તેમનો દાવો

અમાન્ય ઠર્યા પછી અપીલકર્તાની સેવાઓને રક્ષણ આપવાનો ઇનકાર કર્યો છે. અપીલકર્તા દ્વારા પ્રક્રિયાનો સ્પષ્ટ અને દેખીતો દુરુપયોગ થયો છે. જાતિ માન્યતા પ્રમાણપત્રની ગેરહાજરીમાં, અપીલકર્તાની નિમણૂક આખરી થઈ ગઈ હોવાનું માની શકાય નહીં. તેમાં સમાવિષ્ટ કારણોને યોગ્ય રીતે ધ્યાને લેતાં, અમને હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ જણાતી નથી. સિવિલ અપીલ ફગાવી દેવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૯. છાયા, યાદવરાવ બારાપાત્રેની પુત્રી ઉર્ફે છાયા, રાજીવ ઢાકતેની પત્ની વિરુદ્ધ ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય :

અપીલકર્તાની નિમણૂક ચોથી સામાવાળા હાઈસ્કૂલમાં ૨ જુલાઈ ૧૯૯૧ ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર ૨૩ જુલાઈ ૧૯૮૪ ના જાતિ પ્રમાણપત્રના આધારે જુનિયર લેક્ચરર તરીકે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના છે. ૧૪ માર્ચ ૧૯૯૭ ના રોજ ચોથા સામાવાળા દ્વારા જુનિયર લેક્ચરર તરીકે અપીલકર્તાની નિમણૂકની પુષ્ટિ કરવામાં આવી હતી. સ્ક્રૂટિની કમિટીએ ૮ નવેમ્બર ૨૦૧૨ ના તેના આદેશ દ્વારા અપીલકર્તાના જાતિ દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. હાઈકોર્ટે ૫ એપ્રિલ ૨૦૧૩ ના તેના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ દ્વારા સેવાઓનું રક્ષણ આપવાનો ઇનકાર કર્યો છે. અપીલકર્તાએ રિવ્યુ અરજી દાખલ કરી જે હાઈકોર્ટ દ્વારા ૧૦ મે ૨૦૧૩ ના

તેના હુકમથી ફગાવી દેવામાં આવી હતી. ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને સ્ક્રૂટિની કમિટી દ્વારા સામાવાળાના દાવાને અમાન્ય ઠેરવવાને યોગ્ય રીતે ધ્યાને લેતાં, અમને હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ જણાતી નથી. તે મુજબ સિવિલ અપીલો ફગાવી દેવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૦. રવિન્દ્ર ગોવિંદરાવ નાગપુરકર વિરુદ્ધ સેક્રેટરી, રાજસ્થાન એજ્યુકેશન સોસાયટી વાશિમ અને અન્ય :

અપીલકર્તાની નિમણૂક ૧૪ ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર ૧૩ મે ૧૯૮૨ ના જાતિ પ્રમાણપત્રના આધારે લેક્ચરર તરીકે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તેઓ હલબા અનુસૂચિત જનજાતિના છે. સ્ક્રૂટિની કમિટી દ્વારા ૧૮ જાન્યુઆરી ૨૦૦૫ ના તેના આદેશથી અપીલકર્તાનો જાતિ દાવો અમાન્ય ઠેરવવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રથમ સામાવાળા દ્વારા અપીલકર્તાને ૩ જાન્યુઆરી ૨૦૦૬ ના રોજ કારણદર્શક નોટિસ જારી કરીને પૂછવામાં આવ્યું હતું કે તેમની સેવાઓ શા માટે સમાપ્ત ન કરવી. ૧૬ જાન્યુઆરી ૨૦૦૬ ના રોજ અપીલકર્તાએ રિટ પિટિશન દાખલ કરી અને કારણદર્શક નોટિસને પડકારી. જોકે, તે જ દિવસે પ્રથમ સામાવાળાએ સેવા સમાપ્તિનો આદેશ જારી કરી દીધો હતો. ત્યારબાદ હાઈકોર્ટે રિટ પિટિશન પાછી ખેંચવાની પરવાનગી આપી અને યોગ્ય ફોરમ સમક્ષ

કાર્યવાહી દાખલ કરવાની સ્વતંત્રતા આપી. અપીલકર્તાએ યુનિવર્સિટી એન્ડ કોલેજ ટ્રિબ્યુનલ, નાગપુર સમક્ષ અપીલ દાખલ કરી જે ટ્રિબ્યુનલ દ્વારા ૩૦ ડિસેમ્બર ૨૦૧૨ ના તેના આદેશથી ફગાવી દેવામાં આવી હતી. હાઈકોર્ટે ૧૮.૩.૨૦૧૩ ના તેના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ દ્વારા સેવાઓનું રક્ષણ આપવાનો ઈનકાર કર્યો છે. રિવ્યુ પિટિશન પણ ૨૯ નવેમ્બર ૨૦૧૩ ના રોજ ફગાવી દેવામાં આવી હતી.

ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને સ્ક્રૂટિની કમિટી દ્વારા સામાવાળાના દાવાને અમાન્ય ઠેરવવાને યોગ્ય રીતે ધ્યાને લેતાં, અમને હાઈકોર્ટના ચુકાદામાં કોઈ ભૂલ જણાતી નથી. તે મુજબ સિવિલ અપીલો ફગાવી દેવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૧. શ્રી શિવાજી એજ્યુકેશન સોસાયટી અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય :

ત્રીજા સામાવાળાની નિમણૂક તેઓ ઠાકુર અનુસૂચિત જનજાતિના હોવાનું દર્શાવતા જાતિ પ્રમાણપત્રના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર સહાયક શિક્ષક તરીકે કરવામાં આવી હતી. ૨૩ એપ્રિલ ૨૦૦૮ ના તેના આદેશ દ્વારા સ્ક્રૂટિની કમિટીએ જનજાતિ દાવાને અમાન્ય ઠેરવ્યો અને તેમનું પ્રમાણપત્ર જપ્ત કર્યું. ત્રીજા સામાવાળાની સેવાઓ ૧૨ મે ૨૦૦૮ ના રોજ સમાપ્ત

કરવામાં આવી હતી. સ્ક્રૂટિની કમિટીના આદેશને પડકારતી રિટ પિટિશન ફગાવી દેતી વખતે હાઈકોર્ટે ૧૫ ડિસેમ્બર ૨૦૧૫ ના તેના હુકમ દ્વારા ત્રીજા સામાવાળા ભવિષ્યમાં અનુસૂચિત જનજાતિના હોવાનો લાભ નહીં લે તેવી બાંહેધરીને આધીન તેમને પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. એકવાર સામાવાળાનો જનજાતિ દાવો ખોટો ઠર્યા પછી, આ ચુકાદાના મુખ્ય ભાગમાં દર્શાવેલા કારણોસર હાઈકોર્ટનો ચુકાદો અસમર્થનીય છે. તે મુજબ સિવિલ અપીલ મંજૂર કરવામાં આવે છે અને ૧૫ ડિસેમ્બર ૨૦૧૫ નો હાઈકોર્ટનો ચુકાદો અને હુકમ બાજુ પર રાખવામાં આવે છે. પરિણામે ત્રીજા સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન ફગાવી દેવાયેલી ગણાશે.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૨. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વિરુદ્ધ મુરલીધર અર્જુન નેવારે અને અન્ય :

સામાવાળાની નિમણૂક ૧૧ માર્ચ ૧૯૯૨ ના રોજ તેઓ ગોંડગોવારી જનજાતિના હોવાનું દર્શાવતા જાતિ પ્રમાણપત્રના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત આસિસ્ટન્ટ એન્જિનિયર (ગ્રેડ–૧) ના પદ પર કરવામાં આવી હતી. સ્ક્રૂટિની કમિટીએ શરૂઆતમાં ૨૩ જૂન ૨૦૦૪ ના આદેશ દ્વારા જનજાતિ દાવો નકારી કાઢ્યો હતો. ત્યારબાદ હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા રિમાન્ડ આદેશ અનુસાર, સ્ક્રૂટિની કમિટીએ આ બાબતની ફરીથી તપાસ કરી અને ૨

જાન્યુઆરી ૨૦૦૬ ના તેના આદેશ દ્વારા જનજાતિ દાવાને અમાન્ય ઠેરવ્યો અને જનજાતિ પ્રમાણપત્ર રદ કરવાનો આદેશ આપ્યો. હાઇકોર્ટે ૧૦ નવેમ્બર ૨૦૦૬ ના રોજ સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન ફગાવી દીધી હતી અને ૫ એપ્રિલ ૨૦૦૬ ના રોજ પ્રોસિક્યુશનના અભાવે રિવ્યુ પિટિશન પણ ફગાવી દેવામાં આવી હતી. જોકે, ત્યારબાદ રિવ્યુ પિટિશન પુનઃસ્થાપિત થયા પછી ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ મંજૂર કરવામાં આવી હતી અને જાતિ પ્રમાણપત્ર રદ કરવાનું કાયમ રાખીને સામાવાળાની સેવાઓને રક્ષણ આપવામાં આવ્યું હતું.

ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને સામાવાળાનો દાવો ખોટો જણાયો હોવાની હકીકતને યોગ્ય રીતે ધ્યાને લેતાં, અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોમાં અમને ગુણદોષ જણાય છે. ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ ના હાઇકોર્ટના વાદગ્રસ્ત ચુકાદાઓ તે મુજબ બાજુ પર રાખવામાં આવે છે. આ સંજોગોમાં, સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ કાર્યવાહી ફગાવી દેવાયેલી ગણાશે. આ શરતો હેઠળ સિવિલ અપીલો મંજૂર કરવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૩. ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન વિરુદ્ધ વિવેકકુમાર લજ્જાશંકર ચૌરસિયા :

સ્ક્રૂટિની કમિટીએ ૩૦ માર્ચ ૨૦૧૩ ના તેના આદેશ દ્વારા શોધી કાઢ્યું છે કે સામાવાળા નાગવંશી જનજાતિના નથી. સામાવાળાની નિમણૂક તેઓ નાગવંશી જનજાતિના હોવાના પ્રમાણપત્રના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર કરવામાં આવી હતી. હાઈકોર્ટની ડિવિઝન બેંચે, અરુણ સોનોનેના કેસ (ઉપર મુજબ) માં કુલ બેંચના ચુકાદા પર આધાર રાખીને, ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૫ ના તેના ચુકાદા દ્વારા સામાવાળાને પુનઃસ્થાપના આપી હતી.

ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, એમ્પ્લોયર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ મંજૂર કરવી પડશે અને તે મુજબ મંજૂર કરવામાં આવે છે. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૫ નો હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો બાજુ પર રાખવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૪. મુંબઈ મેટ્રોપોલિટન રીજન ડેવલપમેન્ટ ઓથોરિટી વિરુદ્ધ રાજેન્દ્ર રામચંદ્ર ઢાકતે અને અન્ય :

સામાવાળાનો હલબા અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો ૩૦ જુલાઈ ૧૯૯૮ ના આદેશ દ્વારા સ્ક્રૂટિની કમિટી દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યો છે.

સ્ક્રૂટિની કમિટીએ શોધી કાઢ્યું છે કે પ્રથમ સામાવાળા દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો બનાવટી અને છેડછાડ કરેલા હતા. સામાવાળાની નિમણૂક તેઓ હલબા અનુસૂચિત જનજાતિના હોવાનું દર્શાવતા જાતિ પ્રમાણપત્રના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર કરવામાં આવી હતી. જાતિ પ્રમાણપત્ર રદ થયા પછી સામાવાળાની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી.

આ સંજોગોમાં અને ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન મંજૂર કરવામાં અને અપીલકર્તાને તેમને પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપવામાં હાઇકોર્ટે ભૂલ કરી છે. ૨૦ જાન્યુઆરી ૨૦૧૫ નો હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો અને હુકમ બાજુ પર રાખીને સિવિલ અપીલ તે મુજબ મંજૂર કરવામાં આવે છે. આ સંજોગોમાં, સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન ફગાવી દેવાયેલી ગણાશે.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૫. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ વસંત, જ્ઞાનદેવ ગોન્નાડેના પુત્ર :

સામાવાળાની નિમણૂક ૨૧ જુલાઈ ૧૯૮૨ ના રોજ "હલબા કોષ્ટી" અનુસૂચિત જનજાતિના હોવાના દાવાના આધારે જુનિયર એન્જિનિયરના પદ પર કરવામાં આવી હતી. સ્ક્રૂટિની કમિટીએ ૧૯ ઓગસ્ટ ૧૯૮૫ ના રોજ તેમનો દાવો અમાન્ય ઠેરવ્યો હતો. તે દરમિયાન, મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ૧૯૮૪ અને ૧૯૮૬ માં આસિસ્ટન્ટ એન્જિનિયરના કેડરમાં નિમણૂક માટે સામાવાળાની ભલામણ કરવામાં આવી હતી પરંતુ તેમને પ્લેસમેન્ટ આપવામાં

આવ્યું ન હતું. સામાવાળાએ ૧૯ ઓગસ્ટ ૧૯૮૫ ના સ્ક્રૂટિની કમિટીના આદેશને પડકારવા માટે રિટ પિટિશન દાખલ કરી હતી જે હાઈકોર્ટ દ્વારા ૪ જુલાઈ ૧૯૮૬ ના રોજ ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ સામાવાળાએ સ્ક્રૂટિની કમિટીના આદેશ સામે ડિવિઝનલ કમિશનર, નાગપુર સમક્ષ અપીલ (કાસ્ટ અપીલ) ૧૧/૧૯૮૬–૮૭ દાખલ કરી. આ અપીલનો ૨૩ ઓગસ્ટ ૧૯૮૫ ના રોજ કાર્યવાહી સ્ક્રૂટિની કમિટીને પરત મોકલીને (રિમાન્ડ કરીને) નિકાલ કરવામાં આવ્યો હતો. રિમાન્ડ પર, સ્ક્રૂટિની કમિટીએ ૨૮ ઓગસ્ટ ૧૯૮૯ ના તેના આદેશ દ્વારા શોધી કાઢ્યું કે સામાવાળા અનુસૂચિત જનજાતિના નથી અને તેમનું જાતિ પ્રમાણપત્ર રદ કર્યું. સામાવાળાએ એડિશનલ ડિવિઝનલ કમિશનર, નાગપુર સમક્ષ અપીલ દાખલ કરી જે ૧૨ નવેમ્બર ૧૯૯૦ ના રોજ ફગાવી દેવામાં આવી. સામાવાળાએ તેમના જાતિ દાવાને અમાન્ય ઠેરવવાને પડકારતી અને તેમની સેવાની શરતો અંગે દાદ માંગતી રિટ પિટિશન દાખલ કરી. ૨૩ માર્ચ ૧૯૯૫ ના આદેશ દ્વારા રિટ પિટિશન મંજૂર કરવામાં આવી અને ઠેરવવામાં આવ્યું કે સામાવાળા હલબા કોષ્ટી જાતિના છે પરંતુ તે મિલિંદ (ઉપર મુજબ) ના નિર્ણયને આધીન રાખવામાં આવ્યું હતું. સામાવાળાને મિલિંદ (ઉપર મુજબ) ની કાર્યવાહીના અંતિમ પરિણામને આધીન ૨૯ જુલાઈ ૧૯૮૭ થી આસિસ્ટન્ટ એન્જિનિયરની વરિષ્ઠતામાં પ્લેસમેન્ટ આપવામાં આવ્યું હતું. ૧૮ ઓક્ટોબર ૧૯૯૫ ના રોજ સામાવાળાને મિલિંદ (ઉપર મુજબ) ના નિર્ણયને આધીન આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને

તેઓ ૪ ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ જોડાયા હતા. ૪ ઓક્ટોબર ૧૯૯૯ ના રોજ સામાવાળાને મિલિંદ (ઉપર મુજબ) માં આ કોર્ટ સમક્ષની કાર્યવાહીના આખરી નિકાલને આધીન એક્ઝિક્યુટિવ એન્જિનિયરના પદ પર બઢતી આપવામાં આવી હતી. એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો કે આ કોર્ટના આખરી નિર્ણય પછી વરિષ્ઠતા નક્કી કરવામાં આવશે. ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ સામાવાળાને ૨૯ મે ૧૯૮૭ ની ડીમ્ડ તારીખ આપવામાં આવી હતી. ૧૫ એપ્રિલ ૨૦૦૫ ના રોજ, મિલિંદ (ઉપર મુજબ) માં આ કોર્ટના ચુકાદાને ધ્યાને રાખીને, આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયરના પદ પર સામાવાળાની નિમણૂકનું રક્ષણ કરવામાં આવ્યું હતું અને તેને ઓપન કેટેગરીની જગ્યા ગણીને પદ પર નિયમિત કરવામાં આવ્યા હતા. તેમની વરિષ્ઠતા નિમણૂકની તારીખથી નક્કી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો અને એવો આદેશ કરવામાં આવ્યો હતો કે તેમને અનુસૂચિત જનજાતિના હોવાનો લાભ મળશે નહીં. ૬ ઓગસ્ટ ૨૦૦૫ ના રોજ ૨૯ મે ૧૯૮૭ ની અગાઉની ડીમ્ડ તારીખમાં સુધારો કરવામાં આવ્યો હતો અને આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયરના પદ પર તેમની વરિષ્ઠતા ૪ ડિસેમ્બર ૧૯૯૫ થી નક્કી કરવામાં આવી હતી. ૫ જૂન ૨૦૦૬ ના રોજ એક જી.આર. બહાર પાડવામાં આવ્યો હતો જેના દ્વારા વરિષ્ઠતાના હેતુ માટે આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયરના પદ પર ડીમ્ડ તારીખ સુધારીને ૨૯ મે ૧૯૮૭ કરવામાં આવી હતી. ૧ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ એક જી.આર. બહાર પાડવામાં આવ્યો હતો જેના દ્વારા એમ.પી.એસ.સી. ની મંજૂરીને આધીન એક્ઝિક્યુટિવ

એન્જિનિયરના પદ પર વરિષ્ઠતાના હેતુ માટે ડીમ્ડ તારીખ ૨૯ મે ૧૯૯૧ નક્કી કરવામાં આવી હતી. ૨૮ એપ્રિલ ૨૦૧૪ ના રોજ રાજ્ય સરકારે એક્ઝિક્યુટિવ એન્જિનિયર માટે ૧ જાન્યુઆરી ૨૦૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૩ સુધીની સિનિયોરિટી યાદી પ્રસિદ્ધ કરી હતી.

૨૮ એપ્રિલ ૨૦૧૪ ના જી.આર. થી નારાજ સામાવાળાએ તેમની વરિષ્ઠતાની તારીખ જાહેર કરવા માટે યોગ્ય રિટની અરજ કરતી નાગપુર બેંચ ખાતે હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી. હાઈકોર્ટે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૫ ના તેના ચુકાદા દ્વારા અરુણ સોનોનેના નિર્ણયનો સંદર્ભ લીધો છે અને એવા નિષ્કર્ષ પર પહોંચી છે કે ૬ ઓગસ્ટ ૨૦૦૫ નો જી.આર. ટકી શકે તેમ નથી અને રાજ્ય સરકારને તેના ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૦ અને ૧૫ એપ્રિલ ૨૦૦૫ ના જી.આર. નો અમલ કરીને સામાવાળાને ૨૯ મે ૧૯૮૭ થી આસિસ્ટન્ટ એન્જિનિયરના કેડરમાં મૂકવાનો નિર્દેશ આપ્યો છે.

હાઈકોર્ટના ચુકાદાના વાંચન પરથી સ્પષ્ટ થાય છે કે તેના ધ્યાને આવેલી પ્રાથમિક બાબત તેની કુલ બેંચનો અરુણ સોનોનેનો નિર્ણય હતો. આ ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોને ધ્યાને લેતાં, હાઈકોર્ટના વાદગ્રસ્ત નિર્ણયનો આ આધાર ભૂલભરેલો છે. સામાવાળા હલબા અનુસૂચિત જનજાતિના નથી. એ પણ સ્પષ્ટ છે કે સામાવાળા દ્વારા મેળવવામાં આવેલા લાભો મિલિંદના નિર્ણયને આધીન હતા. મિલિંદમાં આ કોર્ટે ઠેરવ્યું છે કે હલબા–કોષ્ટી એ અનુસૂચિત

જનજાતિ નથી, ધ શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ઓર્ડર, ૧૯૫૦ માં સંબંધિત એન્ટ્રી 'હલબા, હલબી' છે.

અમે તે મુજબ સિવિલ અપીલ મંજૂર કરીએ છીએ અને ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૫ નો વાદગ્રસ્ત ચુકાદો બાજુ પર રાખીએ છીએ.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૬. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ કુ. વિજયા દેવરાવ નંદનવાર અને અન્ય:

સામાવાળાનો હલબા અનુસૂચિત જનજાતિના હોવાનો દાવો સ્ક્રૂટિની કમિટી દ્વારા ૭ નવેમ્બર ૨૦૦૯ ના તેના આદેશથી અમાન્ય ઠેરવવામાં આવ્યો છે. સામાવાળાની નિમણૂક અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર સહાયક શિક્ષક તરીકે કરવામાં આવી હતી. દાવો અમાન્ય ઠર્યા પછી સામાવાળાની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી. હાઈકોર્ટે ૫ જુલાઈ ૨૦૧૩ ના તેના વાદગ્રસ્ત હુકમ દ્વારા સેવા સમાપ્તિનો આદેશ બાજુ પર રાખ્યો અને સામાવાળાની સેવાને રક્ષણ આપ્યું.

ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, હાઈકોર્ટનો વાદગ્રસ્ત હુકમ અસમર્થનીય છે અને તે મુજબ બાજુ પર રાખવામાં આવે છે. આ સંજોગોમાં, સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન ફગાવી દેવાયેલી ગણાશે. આ શરતો હેઠળ સિવિલ અપીલ મંજૂર કરવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ આદેશ રહેશે નહીં.

૧૭ ઈશ્વર શ્રવણ નિખારે વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય:

અપીલકર્તાની નિમણૂક ૩૦ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત ખાલી જગ્યા પર આસિસ્ટન્ટ શિક્ષક તરીકે કરવામાં આવી હતી. કાસ્ટ સ્ક્રુટિની કમિટીએ ૧ જુલાઈ ૨૦૦૮ના રોજ અપીલકર્તાના દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ૩૦ જાન્યુઆરી ૨૦૦૯ના તેના હુકમ દ્વારા સ્ક્રુટિની કમિટી દ્વારા કરવામાં આવેલા અવલોકનોની કાયદેસરતા ખુલ્લી રાખીને અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન પાછી ખેંચવાની વિનંતીને મંજૂરી આપી હતી, જેના દ્વારા ફોજદારી કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો હતો. અપીલકર્તાની સેવાઓ ૮ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ સમાપ્ત કરવામાં આવી હતી. અપીલકર્તાએ સ્કૂલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરી હતી જે ૧૯ ઓક્ટોબર ૨૦૧૧ના રોજ એવા આધાર પર ફગાવી દેવામાં આવી હતી કે અપીલકર્તાની નિમણૂક કાયદાની નજરમાં માન્ય નિમણૂક ન હતી. વિદ્વાન સિંગલ જજે ટ્રિબ્યુનલના હુકમને પડકારતી રિટ પિટિશન ફગાવી દીધી હતી. લેટર્સ પેટન્ટ અપીલ ડિવિઝન બેન્ચ દ્વારા તેના ૭ મે ૨૦૧૨ના ચુકાદાથી ફગાવી દેવામાં આવી છે. અપીલકર્તાનો અનુસૂચિત જનજાતિનો દાવો સ્ક્રુટિની કમિટી દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યો હતો તે હકીકતને ધ્યાનમાં રાખીને, સેવા સમાપ્તિના પરિણામી હુકમ સામેની અપીલ સ્વીકારવાનો ઇનકાર કરવામાં સ્કૂલ ટ્રિબ્યુનલનો કોઈ વાંક કાઢી શકાય નહીં. તદુપરાંત, હાલના

ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, અમને સિવિલ અપીલમાં કોઈ ગુણદોષ જણાતો નથી. સિવિલ અપીલ તે મુજબ ફગાવી દેવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૧૮ એકનાથ બારિકરાવ ધનવડે વિરુદ્ધ ડિવિઝનલ કંટ્રોલર, સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને અન્ય:

અપીલકર્તાની નિમણૂક ૧૯૯૯માં સામાવાળા સંસ્થામાં અનુસૂચિત જનજાતિ માટે અનામત પદ પર તેઓ મહાદેવ કોળી જનજાતિના છે તેવા જાતિ પ્રમાણપત્રના આધારે ડ્રાઈવર તરીકે કરવામાં આવી હતી. અપીલકર્તા સદર જનજાતિના નથી એવું ઠેરવીને સ્કુટિની કમિટી દ્વારા અપીલકર્તાનો જાતિનો દાવો નકારી કાઢવામાં આવ્યો હતો. અપીલકર્તા દ્વારા એક રિટ પિટિશન દાખલ કરવામાં આવી હતી. હાઇકોર્ટે ૧૧ જાન્યુઆરી ૨૦૦૦ના હુકમ દ્વારા મામલો સ્કુટિની કમિટી સમક્ષ પુનઃ મોકલી આપ્યો હતો. ૨ માર્ચ ૨૦૦૧ના રોજ સ્કુટિની કમિટીએ અપીલકર્તાના જનજાતિના દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. અપીલકર્તાએ હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી હતી. ૩૦ જૂન ૨૦૧૪ના હુકમ દ્વારા હાઇકોર્ટે પિટિશન ફગાવી દીધી હતી. અપીલકર્તાએ અન્ય રિટ પિટિશન દાખલ કરી હતી જે ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૪ના હુકમ દ્વારા ખર્ચ સાથે ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ ૧૯ નવેમ્બર ૨૦૧૪ના રોજ પ્રથમ સામાવાળાએ અપીલકર્તાની સેવા સમાપ્ત કરી હતી. નારાજ થઈને અપીલકર્તાએ

અન્ય રિટ પિટિશન દાખલ કરી હતી જે હાઈકોર્ટે ૧૯ જાન્યુઆરી ૨૦૧૫ના તેના હુકમ દ્વારા ફગાવી દીધી હતી. ઉપરોક્ત વર્ણન અપીલકર્તા દ્વારા પ્રક્રિયાનો સંપૂર્ણ દુરુપયોગ દર્શાવે છે.

હાલના ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર અને ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને, અમને અપીલમાં કોઈ ગુણદોષ જણાતો નથી. સિવિલ અપીલ તે મુજબ ફગાવી દેવામાં આવે છે. અલગથી અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૧૯ પ્રદીપ ગજાનન કોળી વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય:

અપીલકર્તાની નિમણૂક ૧૨ માર્ચ ૧૯૯૬ના રોજ અનુસૂચિત જનજાતિ માટે અનામત કેટેગરીમાં ફાયરમેનના પદ પર કરવામાં આવી હતી. ત્યારબાદ અપીલકર્તા મહાદેવ કોળી અનુસૂચિત જનજાતિના છે તે પ્રમાણિત કરતું તારીખ ૨૨ જૂન ૨૦૦૦નું જાતિ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. જાતિ પ્રમાણપત્ર ચકાસણી માટે સ્ક્રુટિની કમિટીને મોકલવામાં આવ્યું હતું. અપીલકર્તાએ સોગંદનામું રજૂ કરીને જણાવ્યું હતું કે તેઓ સદર જાતિના છે અને કમિટી સમક્ષ હાજર પણ થયા હતા. ૭ જુલાઈ ૨૦૧૨ના હુકમ દ્વારા સ્ક્રુટિની કમિટીએ અપીલકર્તાના જાતિ પ્રમાણપત્રને અમાન્ય ઠેરવ્યું હતું. અપીલકર્તાએ રિટ પિટિશન દાખલ કરી હતી જેનો નિકાલ હાઈકોર્ટ દ્વારા તેના તારીખ ૨૦ નવેમ્બર ૨૦૧૩ના ચુકાદા અને હુકમ દ્વારા એવા નિર્દેશ સાથે કરવામાં આવ્યો હતો કે જો

અપીલકર્તા તે તારીખે હજુ પણ સેવામાં હોય, તો તેના હુકમની તારીખથી ત્રણ મહિનાના સમયગાળા માટે તેમની રોજગારી સમાપ્ત કરવામાં આવશે નહીં.

હાલના ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, અમને વાદગ્રસ્ત ચુકાદામાં કોઈ ક્ષતિ જણાતી નથી. સિવિલ અપીલ તે મુજબ ફગાવી દેવામાં આવે છે. અલગથી અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૨૦ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય વિરુદ્ધ સૂર્યકાંત અને અન્ય:

ડિરેક્ટર જનરલ, વિજિલન્સ, નવી દિલ્હી દ્વારા તારીખ ૧ જુલાઈ ૨૦૦૫ના હુકમથી ૧૯૯૫થી નિમણૂક પામેલા કર્મચારીઓના જનજાતિ પ્રમાણપત્રોની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. તે અનુસાર, સામાવાળાનું મૂળ જનજાતિ પ્રમાણપત્ર રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. સામાવાળાની નિમણૂક મહાદેવ કોળી જનજાતિના હોવાનું જણાવતા જાતિ પ્રમાણપત્રના આધારે અનુસૂચિત જનજાતિ માટે અનામત લોઅર ડિવિઝન ક્લાર્કના પદ પર કરવામાં આવી હતી. સદર પ્રમાણપત્ર તહસીલદાર, અકોલા દ્વારા ૧૩ મે ૧૯૮૫ના રોજ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ જનજાતિ પ્રમાણપત્રની પ્રમાણિકતા અંગેની તપાસમાં તહસીલદાર, અકોલાએ માહિતી આપી હતી કે વર્ષ ૧૯૮૫નું રજિસ્ટર મળી આવતું નથી અને તેથી પ્રમાણપત્ર કચેરી દ્વારા આપવામાં આવ્યું હતું કે અન્યથા તે જણાવી શકાય તેમ નથી. પોતાનું મૂળ જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાને બદલે સામાવાળાએ એસ.ડી.ઓ., ભુસાવળ દ્વારા

આપવામાં આવેલું તારીખ ૨૧ જુલાઈ ૨૦૦૫નું નવું જનજાતિ પ્રમાણપત્ર રજૂ કર્યું હતું જેમાં તેઓ મહાદેવ કોળી જનજાતિના હોવાનું જણાવવામાં આવ્યું હતું. ૧૦ ઓક્ટોબર ૨૦૧૧ના હુકમ દ્વારા સ્ક્રુટિની કમિટીએ સામાવાળાના જાતિના દાવાને અમાન્ય ઠેરવ્યો હતો. સામાવાળાએ હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી હતી. હાઈકોર્ટે ૨૦ ઓક્ટોબર ૨૦૧૫ના તેના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ દ્વારા અરુણ સોનોને (ઉપર મુજબ) માં તેના પૂર્ણ પીઠના ચુકાદા પર આધાર રાખીને એવા નિર્દેશ સાથે રિટ પિટિશન મંજૂર કરી હતી કે સામાવાળા સેવા રક્ષણનો દાવો કરવા હકદાર છે અને રોજગારમાં બઢતીનો દાવો કરવા હકદાર રહેશે નહીં.

હકીકતોનું વર્ણન સામાવાળા દ્વારા પ્રક્રિયાનો સંપૂર્ણ દુરુપયોગ દર્શાવે છે. ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, હાઈકોર્ટનો વાદગ્રસ્ત હુકમ ટકી શકે તેમ નથી અને તે મુજબ રદબાતલ કરવામાં આવે છે. સિવિલ અપીલ આ શરતો હેઠળ મંજૂર કરવામાં આવે છે. કોઈ અલગ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૨૧ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (લ્યુબ્સ), ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ વિરુદ્ધ અશોક મહાદેવરાવ પાથરાબે અને અન્ય:

સામાવાળા ૧૯૭૬માં તેના આર એન્ડ ડી સેન્ટર, ફરીદાબાદ ખાતે આઈઓસીએલમાં જોડાયા હતા. નિમણૂકના સમયે, સામાવાળાએ પોતાને હલબા અનુસૂચિત જનજાતિના હોવાનું દર્શાવ્યું હતું. નિમણૂક સામાવાળા દ્વારા

રજૂ કરવામાં આવેલી માહિતી સાચી અને સચોટ હોવાને આધીન હતી. સામાવાળાએ ૧૫ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ નિયત ફોર્મ/દસ્તાવેજો સાથે પોતાનું જાતિ પ્રમાણપત્ર રજૂ કર્યું હતું જે ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા. સ્ક્રુટિની કમિટીએ ૪ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ સામાવાળાના જાતિના દાવાને નકારી કાઢ્યો હતો. નારાજ થઈને, સામાવાળાએ આંતરિક અપીલ અને હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશન પણ દાખલ કરી હતી. અપીલકર્તાએ ૧ માર્ચ ૨૦૧૧ના તેના હુકમ દ્વારા બરતરફીના હુકમને માન્ય રાખીને સામાવાળાની અપીલ નકારી કાઢી હતી. ત્યારબાદ ૭ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ હાઇકોર્ટે પણ બરતરફીના હુકમને માન્ય રાખીને સામાવાળાની પિટિશન ફગાવી દીધી હતી. નારાજ થઈને, સામાવાળાએ આ કોર્ટ સમક્ષ સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરી હતી જે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૨ના હુકમ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. અપીલકર્તાએ હાઇકોર્ટ સમક્ષ અન્ય રિટ પિટિશન દાખલ કરી હતી જેને ૨૪ નવેમ્બર ૨૦૧૫ના હુકમ દ્વારા એ હદ સુધી મંજૂર કરવામાં આવી હતી કે સામાવાળાની સેવાઓ તેમની નિવૃત્તિ સુધી સુરક્ષિત રાખવામાં આવી હતી.

ઉપર વર્ણવેલ હકીકતો સામાવાળા દ્વારા પ્રક્રિયાનો સંપૂર્ણ દુરુપયોગ દર્શાવે છે. ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, હાઇકોર્ટના વાદગ્રસ્ત હુકમો ટકી શકે તેમ નથી અને તે મુજબ રદબાતલ કરવામાં આવે છે. સિવિલ અપીલો આ શરતો હેઠળ તે મુજબ મંજૂર કરવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૨૨ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય વિરુદ્ધ રૂપેશ, ટેકસિંઘ શિંદેના પુત્ર:

સામાવાળાની નિમણૂક ૨૬ માર્ચ ૧૯૯૯ના રોજ તેઓ રાજપૂત ભામટા વિમુક્ત જાતિના છે તેવો દાવો કરવા પર વિમુક્ત જાતિઓ માટે નિર્ધારિત પદ પર ક્લાર્ક તરીકે કરવામાં આવી હતી. સામાવાળાનો જાતિનો દાવો ચકાસણી માટે સ્ક્રુટિની કમિટીને મોકલવામાં આવ્યો હતો અને ૨૯ જુલાઈ ૨૦૧૧ના હુકમ દ્વારા તેને અમાન્ય ઠેરવવામાં આવ્યો હતો. જાતિનો દાવો અમાન્ય ઠરતાં સામાવાળાની સેવાઓ ૧૬ ઓગસ્ટ ૨૦૧૧ના હુકમ દ્વારા સમાપ્ત કરવામાં આવી હતી. નારાજ થઈને સામાવાળાએ હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી હતી. બંને પક્ષકારોને સાંભળ્યા પછી, કોર્ટે મામલો સ્ક્રુટિની કમિટી સમક્ષ પુનઃ મોકલી આપ્યો હતો. ૨૧ જાન્યુઆરી ૨૦૧૪ના હુકમ દ્વારા જાતિ પ્રમાણપત્ર ફરીથી અમાન્ય ઠેરવવામાં આવ્યું હતું અને કમિટીએ નોંધ્યું હતું કે સામાવાળાએ ખોટું જાતિ પ્રમાણપત્ર મેળવ્યું હતું અને સામાવાળા સામે એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપ્યો હતો, જેને પગલે સામાવાળાની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી. નારાજ થઈને સામાવાળાએ હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી હતી. હાઈકોર્ટે ૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના તેના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ દ્વારા અરુણ સોનોને વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (ઉપર મુજબ) ના કેસમાં તેના પૂર્ણ પીઠના ચુકાદા પર આધાર રાખીને અપીલકર્તાને સામાવાળાને તેમના મૂળ પદ પર પુનઃસ્થાપિત કરવાના નિર્દેશ સાથે રિટ પિટિશન મંજૂર કરી હતી.

ઉપર વર્ણવેલ હકીકતો સામાવાળા દ્વારા પ્રક્રિયાનો જે રીતે દુરુપયોગ કરવામાં આવ્યો છે તે દર્શાવે છે. ચુકાદાના મુખ્ય ભાગમાં સમાવિષ્ટ કારણોસર, હાઈકોર્ટનો વાદગ્રસ્ત હુકમ ટકી શકે તેમ નથી અને તે મુજબ રદબાતલ કરવામાં આવે છે. સિવિલ અપીલ આ શરતો હેઠળ તે મુજબ મંજૂર કરવામાં આવે છે. અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નિધી જૈન                                        અપીલોનો નિકાલ કરવામાં આવ્યો.

Translation of this judgment is provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.


==========================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.